# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
ધર્મેન્દ્ર -હેમાની દીકરી ઈશા દેઓલે આખરે છૂટાછેડાની જાહેરાત કરી



પેજ-09
ગરુડ જેવી નજર અને ચિત્તા જેવી ચપળતાથી એડન...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 32.00 | 19.00 |

પેજ 5



ભારતી એરટેલના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર

**08** FEBRUARY-2024 THURSDAY

19નાં હતા બિલાવલ, જ્યારે માતા બેનઝીરને...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72152.00 | ▼ | 034.09 |
| નિફ્ટી | 21930.00 | ▲ | 010.00 |
| સોનું | 62600.00 | ▼ | 026.00 |
| ચાંદી | 70478.00 | ▼ | 116.00 |


વર્ષ-13 । અંક-084 । વિક્રમ સંવત-2080 । પોષ વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ઉત્તરાખંડ વિધાનસભાએ ઈતિહાસ રચ્યો CM ધામીના નેતૃત્વમાં UCC બિલ પાસ થયું

# ઉત્તરાખંડ UCC બિલ પાસ કરનારું દેશનું પ્રથમ રાજ્ય

### મુખ્યમંત્રી ધામીએ કહ્યું- PM મોદીનું એક ભારત-શ્રેષ્ઠ ભારતનું વિઝન પૂર્ણ થશે

દેહરાદૂન । તા.07

યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ ઉત્તરાખંડ 2024 બુધવારે વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું. બિલ પર બે દિવસ સુધી લાંબી ચર્ચા થઈ. સરકાર અને વિપક્ષના સભ્યોએ બિલની જોગવાઈઓ અંગે પોતપોતાના સૂચનો આપ્યા હતા. આમ, ઉત્તરાખંડ વિધાનસભા સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ પસાર કરનારી પ્રથમ વિધાનસભા બની છે. મંગળવારે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ ઉત્તરાખંડ 2024 રજૂ કર્યું હતું. આજે બુધવારે, ગૃહમાં બિલ પર ચર્ચા કર્યા પછી, ગૃહે તેને પસાર કરી દીધું. હવે અન્ય તમામ કાનૂની પ્રક્રિયાઓ અને ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી, ઉત્તરાખંડ UCC લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બનશે.



### ધામીએ કહ્યું- યુનિફોર્મ સિવિલ કોડ કાયદો બધા માટે સમાનતાનો કાયદો

UCC બિલ પાસ થયા બાદ પુષ્કર સિંહ ધામીએ કહ્યું- સમાન નાગરિક સંહિતા કાયદો બધા માટે સમાનતાનો કાયદો છે. આ અંગે અલગ-અલગ લોકો અલગ-અલગ વાતો કહી રહ્યા હતા, પરંતુ વિધાનસભામાં થયેલી ચર્ચામાં બધું સ્પષ્ટ થઈ ગયું છે. અમે આ કાયદો કોઈની વિરુદ્ધ નથી લાવ્યા. આ કાયદો તે માતાઓ, બહેનો અને દીકરીઓ માટે છે, જેમને જીવનમાં અનેક અનિષ્ટોને કારણે ત્રાસનો સામનો કરવો પડતો હતો. આ કાયદો બાળકોના હિતમાં છે અને માતૃશક્તિના હિતમાં પણ છે.

**રાજ્યના આદિવાસીઓને કાયદાથી દૂર રાખવામાં આવશે** : આ કાયદો રાજ્યની આદિવાસીઓને લાગુ પડશે નહીં. મતલબ કે ઉત્તરાખંડમાં રહેતી કોઈપણ જાતિ આ કાયદાથી મુક્ત રહેશે. રાજ્યમાં પાંચ પ્રકારના આદિવાસી સમુદાયો છે, જેમાં થારુ, બોક્સા, રાજી, ભોટિયા અને જૌનસારી સમુદાયનો સમાવેશ થાય છે. હાલમાં જ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ કહ્યું હતું કે તેઓ તેમના રાજ્યમાં આદિવાસીઓને પણ આ કાયદાથી મુક્ત રાખશે.

**સમાન મિલકત અધિકાર:** પુત્ર અને પુત્રી બંનેને મિલકતમાં સમાન અધિકાર મળશે. એ કઈ કેટેગરીના છે એનાથી કોઈ ફરક પડતો નથી.

**મૃત્યુ પછીની મિલકત:** જો કોઈ વ્યક્તિ મૃત્યુ પામે છે, તો યુનિફોર્મ સિવિલ કોડ તે વ્યક્તિની મિલકતને પત્ની અને બાળકો વચ્ચે સમાનરૂપે વહેંચવાનો અધિકાર આપે છે. આ સિવાય તે વ્યક્તિનાં માતા-પિતાને પણ મિલકતમાં સમાન અધિકાર મળશે. અગાઉના કાયદામાં આ અધિકાર માત્ર મૃતકની માતાને જ મળતો હતો.

**છૂટાછેડા ફક્ત સમાન કારણ પર જ મળશે:** પતિ અને પત્નીને છૂટાછેડા ત્યારે જ આપવામાં આવશે જ્યારે બંને પાસે સમાન આધારો અને કારણો હોય. જો માત્ર એક જ પક્ષ કારણ આપે તો છૂટાછેડા મળી શકશે નહીં.

**લિવ-ઇન રજિસ્ટ્રેશન જરૂરી:** જો ઉત્તરાખંડમાં રહેતાં કપલ્સ લિવ-ઈન-રિલેશનશિપમાં રહેતા હોય તો તેમણે રજિસ્ટ્રેશન કરાવવું પડશે. જોકે આ સ્વ-ઘોષણા જેવું હશે, પરંતુ અનુસૂચિત જનજાતિના લોકોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવશે.

## Quick Read

### કેન્દ્રીય કર્મીઓને સરકારનો ઝટકો, આઠમાં પગાર પંચની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી

નવી દિલ્હી : આઠમાં પગાર પંચની રાહ જોઈ રહેલા કેન્દ્રીય કર્મચારીઓને સરકારે ઝટકો આપ્યો છે. આ અંગે રાજ્યસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પૂછાયેલ સવાલના જવાબમાં નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે, સરકાર સમક્ષ આવો કોઈપણ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. રાજ્યસભાના સભ્ય રામનાથ ઠાકુરે નાણા રાજ્યમંત્રીને પ્રશ્ન કર્યો કે, 'સાતમા પગાર પંચના પેરા 1.22 અંગે વિચાર ન કરવો અને તેને મંજૂરી ન આપવાનું ફાઈલમાં શું કારણ દર્શાવાયું છે?' જેના જવાબમાં પંકજ ચૌધરીએ કહ્યું કે, 'કેન્દ્રીય કેબિનેટે સાતમા પગાર પંચના આધારે પગાર અને ભથ્થાંના સુધારાને મંજૂરી આપતી વખતે આ બાબત પર વિચાર કર્યો નથી.'

### તમામ ખાદ્ય ઉત્પાદનોને માત્ર FSSAI તરફથી સર્ટિફિકેટ મળશે, કેન્દ્ર સરકારે નવા સુધારાને મંજૂરી આપી

નવી દિલ્હી : ભારતમાં ખાદ્ય ઉત્પાદનોના ધોરણોમાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકારે નિયમોમાં ફેરફાર કરવા પર મહોર મારી દીધી છે. કેન્દ્ર સરકારે ભારતીય બજારમાં વેચાતા તમામ પ્રકારના ખાદ્ય પદાર્થો કઠોળ, અનાજ, મીટથી બનતું હલીમની ગુણવત્તા સહિતના મામલે અપાતા સર્ટિફિકેટના નિયમોમાં નવા સુધારા કરવાની મંજૂરી આપી છે. તમામ પ્રકારના ખાદ્ય ઉત્પાદકનોએ માત્ર એક જ સંસ્થા FSSAI (ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઑફ ઈન્ડિયા) પાસેથી સર્ટિફિકેટ લેવાનું રહેશે. હાલ કેટલાક ખાદ્ય ઉત્પાદકોમાં બીઆઈએસ, AGMARK સહિતના સર્ટિફિકેટ આપવામાં આવે છે.

### અમીર પછાત જાતિઓને અનામતમાંથી કેમ હટાવવામાં નથી આવી રહી, સુપ્રીમે ઉઠાવ્યો સવાલ

નવી દિલ્હી : અનામત મામલે સુપ્રીમ કોર્ટમાં ફરી સુનાવણી થઈ છે. મંગળવારે, સુપ્રીમ કોર્ટમાં 7 ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે SC/ST વર્ગને આપવામાં આવતી અનામતમાં SC/ST વર્ગના સૌથી વધુ જરૂરિયાતમંદ લોકોને અનામત અને પ્રાથમિકતા આપવાના મુદ્દા પર વિચાર-મંથન શરૂ કર્યું છે જેમાં આ વખતે કોર્ટ રાજ્ય સરકારો વતી ક્વોટા પર વિચાર કરી રહી છે. સુપ્રીમ કોર્ટે એક ટિપ્પણી કરી અને પૂછ્યું કે શા માટે પછાત જાતિઓમાં સમૃદ્ધ લોકોને અનામતની બહાર રાખવામાં આવતા નથી? જો કે, આ બાબતે જજે એ પણ સ્પષ્ટ કર્યું કે આ કાયદો બનાવવાનું અને તેના પર નિર્ણય લેવાનું કામ કેન્દ્ર સરકારનું છે.

### મિથુન ચક્રવર્તી VS શત્રુઘ્ન સિન્હા: લોકસભા ચૂંટણીમાં બે દિગ્ગજ અભિનેતા વચ્ચે થઈ શકે છે ટક્કર

કોલકાતા : પશ્ચિમ બંગાળની સૌથી હાઈપ્રોફાઈલ બેઠકમાંથી એક આસનસોલ પર બોલીવુડના બે દિગ્ગજો વચ્ચે ટક્કર થઈ શકે છે. અહીં શત્રુઘ્ન સિન્હા અને મિથુન ચક્રવર્તી વચ્ચે આ ટક્કર થઈ શકે છે. આસનસોલથી તૃણમૂલ કોંગ્રેસે ફરી બિહારી બાબુ શત્રુઘ્ન સિન્હાને મેદાનમાં ઉતારવાનો નિર્ણય તો લઈ લીધો છે પરંતુ ભાજપમાંથી શત્રુઘ્ન સિન્હાને કોણ ટક્કર આપશે. તેના પર હજું પણ મહોર લાગવાની બાકી છે. જો કે તૃણમૂલ કોંગ્રેસ દ્વારા કોઈ સત્તાવાર ઘોષણા કરવામાં નથી આવી પરંતુ શત્રુઘ્ન સિંહાને 2024ની આગામી લોકસભા ચૂંટણીના ઉમેદવાર તરીકે TMC દ્વારા નોમિનેટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ બર્ધમાનના નેતાઓ સાથે બંધ બારણે કરેલી બેઠકમાં બંગાળના મુખ્યમંત્રી મમતાએ આ નિર્ણયની પુષ્ટિ કરી હતી.

### રાજ્યસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 90 મિનિટની સ્પીચ, કોંગ્રેસ પર કટાક્ષ કર્યા

# આ લોકોએ યુવરાજને સ્ટાર્ટઅપ બનાવીને રાખી દીધા, હવે એ નોન-સ્ટાર્ટર છે, ન તો લિફ્ટ થાય છે, ન લોન્ચ



નવી દિલ્હી । તા.07

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપ્યો. તેમણે કહ્યું હતું કે ખડગેજીએ 400 બેઠકના આશીર્વાદ આપ્યા. હું પ્રાર્થના કરું છું કે તમે 40 સીટ બચાવી શકો. આ પહેલાં 5 ફેબ્રુઆરીએ મોદીએ લોકસભામાં કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે એક જ પ્રોડક્ટને ઘણી વખત લોંચ કરવાને કારણે કોંગ્રેસની દુકાન તાળાં લાગી જવાની આરે છે. દેશની સાથે કોંગ્રેસ પણ પરિવારવાદનો માર સહન કરી રહી છે. આ વિપક્ષ ઘણા દાયકાઓથી સત્તામાં હતો, એવી જ રીતે આ વિપક્ષે ઘણા દાયકાઓથી વિપક્ષમાં બેસવાનો સંકલ્પ કર્યો છે. દેશમાં 5 વર્ષ માટે પાઈપ્ડ ગેસ કનેક્શન આપવામાં આવશે. યુવા શક્તિની તાકાત આખી દુનિયા જોશે. અમારા યુવા સ્ટાર્ટઅપ્સ, યુનિકોર્નની સંખ્યા લાખોમાં થવા જઈ રહી છે. ટાયર ટુ, ટાયર થ્રી શહેરો સ્ટાર્ટઅપ્સની ઓળખ સાથે ઉભરી આવશે. રેકોર્ડ પેટન્ટ ફાઈલિંગનો દિવસ આવી રહ્યો છે. આવનારી સદીઓ ઈતિહાસમાં સુવર્ણ યુગની નોંધ લેશે આ શબ્દોની રમત નથી, આ અમારી પ્રતિબદ્ધતા છે. આપણો દરેક શ્વાસ, દરેક ક્ષણ આને સમર્પિત છે. અમે આ ભાવના સાથે આગળ વધી રહ્યા છીએ અને આગળ વધતા રહીશું. આવનારી સદીઓ ઈતિહાસમાં સુવર્ણકાળની નોંધ લેશે. હું દેશના લોકોનો મૂડ સમજું છું. દેશે 10 વર્ષમાં પરિવર્તન જોયું છે. દરેક રિઝોલ્યુશનને સાકાર કરવા એ અમારી કાર્યશૈલીનો એક ભાગ છે. દેશની સામે સત્ય રજૂ કરવાનો મોકો મળ્યો. અમારી સરકારની ત્રીજી ટર્મ દૂર નથી, કેટલાક લોકો તેને મોદી 3.O કહે છે. અમારી સરકારનો ત્રીજો કાર્યકાળ દૂર નથી. કેટલાક લોકો તેને મોદી 3.O કહે છે. મોદી 3.Oએ વિકસિત ભારતનો પાયો મજબૂત કરશે.

### કોંગ્રેસ નિરાશામાં ડૂબી ગઈ છે

મને ક્યારેક તમારા માટે દયા આવે છે. સબકા સાથ સબકા વિકાસ એ સૂત્ર નથી, મોદીની ગેરંટી છે. દેશમાં નિરાશા ફેલાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. નિરાશાના ખાડામાં ડૂબી ગયા છે. તેઓ ન તો પોતાનું અને ન તો દેશનું કોઈ ભલું કરી શકશે.

### ચૂંટણી પંચે હવે શરદ જૂથને નવું નામ આપ્યું: 'NCP શરદ ચંદ્ર પવાર' પાર્ટીનું નવું નામ હશે




મુંબઈ/નવી દિલ્હી । તા.07

ચૂંટણીપંચે શરદ જૂથ માટે પાર્ટીના નવા નામની જાહેરાત કરી છે. આ પાર્ટીનું નામ NCP શરદ ચંદ્ર પવાર હશે.

શરદ પવારના જૂથે બુધવારે (7 ફેબ્રુઆરી) ચૂંટણી પંચ (EC)ને પાર્ટી માટે ત્રણ નવા નામ મોકલ્યા હતા. પહેલું નામ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી એસ, બીજું નામ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી શરદ પવાર અને ત્રીજું નામ નેશનલ કોંગ્રેસ પાર્ટી શરદ ચંદ્ર પવાર હતું. શરદ પવાર જૂથને ત્રણ નામ મોકલવા માટે આજે સાંજે 4 વાગ્યાની સમયમર્યાદા આપવામાં આવી હતી.

જો જૂથ નિર્ધારિત સમયમાં ત્રણ નામ આપવામાં નિષ્ફળ જાય, તો તેના સભ્યોએ અપક્ષ તરીકે ચૂંટણી લડવી પડે. 6 ફેબ્રુઆરીના રોજ ચૂંટણી પંચે મહારાષ્ટ્ર સરકારમાં અજિત પવારના જૂથને વાસ્તવિક NCP તરીકે જાહેર કર્યું હતું.

### અખિલેશનો યોગી સરકાર પર ચોંકાવનારો આરોપ, 'અયોધ્યામાં જમીન ખરીદીમાં ભયંકર ભ્રષ્ટાચાર'

નવી દિલ્હી । તા.07

ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા વિધાનસભા બજેટ સત્રમાં સમાજવાદી પક્ષના અધ્યક્ષ અખિલેશ યાદવે (Akhilesh Yadav) યોગી સરકાર પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યા છે. અખિલેશે ગૃહમાં કહ્યું કે, રાજ્યપાલનું અભિભાષણ એક સરકારી દસ્તાવેજ છે. સરકાર જે ઈચ્છે છે, અભિભાષણમાં તે જ વાતો હોય છે. અખિલેશ યાદવે યોગી સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે, 'ઉત્તર પ્રદેશ સૌથી વધુ કાર્યકારી DGP બનાવવામાં, ખોટા પ્રચાર પર ખર્ચ કરવામાં, બેરોજગારો પર લાઠીચાર્જ કરવામાં, મહિલાઓ વિરુદ્ધના ગુનેગારોને બચાવવામાં, દલિતો અને પછાત વર્ગો પર અત્યાચાર ગુજારવામાં, કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંઘર્ષ કરવામાં નંબર વન છે. ઉત્તર



પ્રદેશ પીડીએ (પછાત, દલિતો અને લઘુમતીઓ) પર અત્યાચાર ગુજારવામાં નંબર વન છે. આ જ સત્ય છે.' અખિલેશ યાદવે કહ્યું કે, 'અયોધ્યા એરપોર્ટ (Ayodhya Airport) બનાવવા માટે ખેડૂતો પાસેથી જમીન લેવામાં આવી રહી છે, પરંતુ તેમને યોગ્ય વળતર અપાઈ રહ્યું નથી. સરકાર ચિત્રકુટમાં ડિફેન્સ એક્સપો બનાવવાની છે, પરંતુ જમીન મામલે ખેડૂતોને જૂના ભાવે વળતર આપી રહી છે.

### હેમંત સોરેનના રિમાન્ડ 5 દિવસ વધાર્યા: ED 12 ફેબ્રુ. સુધી પૂછપરછ કરશે

રાંચી । તા.07

રાંચી કોર્ટે જમીન કૌભાંડ કેસમાં ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના રિમાન્ડને 5 દિવસ માટે લંબાવ્યો છે. તપાસ એજન્સીએ પીએમએલએ કોર્ટમાં સોરેનના રિમાન્ડને 7 દિવસ વધારવાની અપીલ કરી હતી. EDએ કહ્યું કે પૂછપરછ દરમિયાન સોરેન દ્વારા આપવામાં આવેલા જવાબોથી અમે સંતુષ્ટ નથી. બીજા ઘણા પ્રશ્નો છે જેના જવાબો જોઈએ. આવી સ્થિતિમાં રિમાન્ડની જરૂર પડશે. હવે ED પૂર્વ મુખ્યમંત્રીની 12 ફેબ્રુઆરી સુધી પૂછપરછ કરશે.

### 12 ફેબ્રુઆરીએ NDAની નવી સરકારનો ફ્લોર ટેસ્ટ, નીતીશે બહુમતી સાબિત કરવી પડશે

# બિહારમાં NDAની નવી સરકારના ફ્લોર ટેસ્ટ પહેલા નીતીશે PM મોદી સાથે મુલાકાત કરી

પટના । તા.07

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત કરતા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. બિહારમાં એનડીએની નવી સરકાર બન્યા બાદ નીતીશની વડાપ્રધાન સાથે પ્રથમ મુલાકાત છે. 12 ફેબ્રુઆરીએ NDAની નવી સરકારનો ફ્લોર ટેસ્ટ બિહારમાં આવનારા સમયમાં કેબિનેટનું વિસ્તરણ થવાનું છે. જ્યારે 12 ફેબ્રુઆરીએ વિધાનસભામાં એનડીએની નવી સરકારનો ફ્લોર ટેસ્ટ થવાનો છે. નીતીશ કુમારે વિધાનસભામાં



બહુમતી સાબિત કરવાની રહેશે. વડાપ્રધાન કાર્યાલય દ્વારા મુલાકાતની તસવીરો પણ સોશિયલ મીડિયા એક્સ પર શેર કરાઈ છે.

### એવા નેતાઓ પણ છે જેઓ પોતાની વિચારધારા પર અડગ છે પરંતુ તેમની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે

# 'સારા કામ કરનારને ક્યારેય સન્માન મળતું નથી..': ગડકરી

### દિવંગત નેતા અટલ બિહારી વાજપેયીને યાદ કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે 'તેઓ અટલ બિહારી વાજપેયી પાસેથી શીખ્યા છે કે નેતાઓ વચ્ચે મતભેદ હોવા જોઈએ તે સારું છે, પરંતુ મનભેદ ન હોવા જોઈએ.'

નવી દિલ્હી । તા.07

કેન્દ્રીય સડક અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે કહ્યું કે 'સારા કામ કરનારને ક્યારેય સન્માન મળતું નથી.' આ દરમિયાન, તેમણે તકવાદી નેતાઓની શાસક પક્ષ સાથે જોડાયેલા રહેવાની ઈચ્છા પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે 'વિચારધારામાં આ પ્રકારનું પતન' લોકશાહી માટે સારી બાબત નથી. વધુમાં તેમણે કહ્યું કે એવા નેતાઓ પણ છે જેઓ પોતાની વિચારધારા પર અડગ છે પરંતુ તેમની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે.આપણા



સંસદ સભ્યોની ગુણવત્તા જ આજે ભવ્ય લોકશાહીને આગળ ધપાવે છે. ગડકરીએ આગાણ જણાવતા કહ્યું કે 'આપણા સંસદ સભ્યોની ગુણવત્તા જ આજે ભવ્ય લોકશાહીને આગળ ધપાવે છે, પરંતુ આજે આપણી સમસ્યા નેતાઓ વચ્ચેના મતભેદો નથી પરંતુ વિચારોની શૂન્યતા છે. દિવંગત નેતા અટલ બિહારી વાજપેયીને યાદ કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે 'તેઓ અટલ બિહારી વાજપેયી પાસેથી શીખ્યા છે કે નેતાઓ વચ્ચે મતભેદ હોવા જોઈએ તે સારું છે, પરંતુ મનભેદ ન હોવા જોઈએ.'

આ ઉપરાંત કોઈપણનું નામ લીધા વગર જ ગડકરીએ કહ્યું, 'હું હંમેશા મજાકમાં કહું છું કે કોઈ પણ પક્ષની સરકાર હોય, એક વાત ચોક્કસ છે કે જે સારું કામ કરે છે તેને ક્યારેય સન્માન મળતું નથી અને જે ખરાબ કામ કરે છે તેને ક્યારેય સજા થતી નથી.' કેન્દ્રીય મંત્રીએ મીડિયા ગ્રૂપ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધન કર્યું હતું, જેમાં સાંસદોને તેમના ઉત્તમ યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું, 'અમારી ચર્ચાઓમાં મતભેદ એ અમારી સમસ્યા નથી. અમારી સમસ્યા વિચારોનો અભાવ છે.'' તેમણે વધુમાં કહ્યું કે, 'એવા લોકો પણ છે જેઓ તેમની વિચારધારાના આધારે દ્રઢ વિશ્વાસ સાથે અડગ ઊભા છે પરંતુ આવા લોકોની સંખ્યા ઘટી રહી છે.

# દેશમાં 16 એપ્રિલે યોજાશે લોકસભા ચૂંટણી?

### ચૂંટણી પંચે વાયરલ મેસેજ પર આપ્યો જવાબ

નવી દિલ્હી । તા.07

ભારતમાં ફરી ચૂંટણી માહોલ જામ્યો છે. એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, લોકસભા ચૂંટણી એપ્રિલ મહિનામાં યોજાઈ શકે છે. જોકે, હજી સુધી ECI એટલે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા અંતિમ તારીખોનું એલાન કરવામાં નથી આવ્યું. પરંતુ અફવાઓનું બજાર ગરમાયુ છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, ફેબ્રુઆરીમાં જ આચાર સંહિતા લાગુ થઈ જશે. હવે ECI એ ખુદ આ વાતનું ખંડન કર્યું છે. ECIએ ગત અઠવાડિયે જણાવ્યું હતું કે, વોટ્સએપ પર લોકસભા




ચૂંટણી કાર્યક્રમ સાથે સબંધિત એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, 'લોકસભાની ચૂંટણી 16 એપ્રિલ 2024થી શરૂ થશે, 16 માર્ચ સુધી ટિકિટ વિતરણ થશે, 16 ફેબ્રુઆરીથી આચારસંહિતા લાગુ થશે.' તેના પર ECIએ કહ્યું હતું કે, આ મેસેજ ફેક છે અને ચૂંટણી પંચ દ્વારા હજુ સુધી તારીખોનું એલાન કરવામાં નથી આવ્યું.

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતીમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં કિલકારી અને આશા મોબાઇલ એકેડમી લોન્ચ કરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




રાજ્યમાં બાળમૃત્યુ અને માતામૃત્યુદર ઘટાડવાની સાથે કુપોષણ નાબૂદી માટે વધુ એક અનુકરણીય પહેલ હાથ ધરવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય રાજ્ય મંત્રી ભારતી પવાર અને એસ.પી. વઘેલના હસ્તે ગુજરાત અને મહારાષ્ટ્રમાં કિલકારી અને આશા મોબાઈલ એકેડમીનું વર્ચ્યુઅલી લોન્ચીંગ કરીને સેવાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ગર્ભાવસ્થાના ચોથા મહિનાથી લઈ પ્રસુતિના એક વર્ષ સુધી આ એપ મહિલાઓને અને નવજાત બાળકને મદદરૂપ બનશે. સગર્ભાવસ્થા, બાળજન્મ અને બાળ સંભાળ વિશે મફત, સાપ્તાહિક, યોગ્ય સમયે ૭૨ ઑડિયો સંદેશાઓ સીધા પરિવારોના મોબાઈલ ફોન પર પહોંચાડશે. કેન્દ્રીય આરોગ્ય રાજ્ય મંત્રી એસ.પી. વઘેલ કિલકારી એપને મહિલા સશક્તિકરણની દિશામાં વધુ એક પહેલ જણાવી હતી. તેમણે આ વર્ષના બજેટમાં 10 લાખ આશા બહેનો અને 25 લાખ આંગણવાડી કાર્યકરોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ મળનાર જોગવાઈને પણ આવકારી હતી. આ વર્ષના બજેટમાં દેશની 9 થી 14 વર્ષની દિકરીઓને સર્વાઈકલ વેક્સિનેશન અભિયાન અંગેની જોગવાઇ પણ મહિલાઓને ગંભીર રોગ માંથી ઉગારવા માટે આશીર્વાદરૂપ બની રહેશે તેવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો. કેન્દ્રીય રાજ્ય મંત્રી ભારતી પવારે મોબાઈલ સ્વાસ્થ્ય સેવા કિલકારીનો ગુજરાતમાં પ્રારંભ કરાવતા કહ્યું હતું કે, દેશની માતાઓ અને બહેનોના સ્વાસ્થય અને સુરક્ષા માટે અનેક મહિલાલક્ષી યોજનાઓ અમલમાં છે. તે જ રીતે કિલકારી સેવા દરેક માતા અને સગર્ભા મહિલાઓ માટે ઉપિયોગી છે. આ એપના માધ્યમથી દરેક અઠવાડિયે તેમના પોષણયુક્ત આહાર, દવાઓ, સાર સંભાળ, રસી વગેરે સુરક્ષિત ગર્ભાવસ્થા માટે જરૂરી તમામ માહિતી પૂરી પાડવામાં આવે છે. કિલકારીમાં આજદિનસુધી ૭ લાખ થી વધુ કોલ થયા હોવાનું તેમણે ઉમેર્યુ હતુ.

# ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે ડૉ. હર્ષદ એ. પટેલની નિમણૂક કરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતએ ડૉ. હર્ષદ એ. પટેલની નિમણૂક કરી છે. ડૉ. હર્ષદ એ. પટેલ ગુજરાત વિદ્યાપીઠના ૧૭મા કુલપતિ બન્યા છે. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીની અધિસૂચના; વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ વિનિયમ ૨૦૧૯ થી ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ તરીકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ (વાઈસ ચાન્સેલર) તરીકે ડૉ. હર્ષદ એ. પટેલની નિમણૂક કરી છે. ડૉ. હર્ષદ પટેલ કાર્યભાર સંભાળે ત્યારથી પાંચ વર્ષની મુદત માટે તેમની નિમણૂક કરવામાં આવી છે. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના મંત્રી તરીકે સેવાઓ આપી રહેલા ડૉ. હર્ષદ એ. પટેલ ગૂજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીના બોર્ડ ઑફ મેનેજમેન્ટમાં છેલ્લા ત્રણ વર્ષથી સેવાઓ આપી રહ્યા છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના કુલપતિ તરીકે કાર્યરત ડૉ. હર્ષદ એ. પટેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ તરીકેનો કાર્યભાર પણ સંભાળી રહ્યા છે. છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે સક્રિય જાણીતા શિક્ષણવિદ્ ડૉ. હર્ષદ



એ. પટેલે એસ.યુ.જી. કોલેજ ઑફ એજ્યુકેશનમાં અધ્યાપક તરીકે શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત કરી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખામાં પીએચડી કક્ષાના માર્ગદર્શક, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢના ડિપાર્ટમેન્ટ ઑફ કૉરસપોન્ડન્સના માર્ગદર્શક તથા ગુજરાતની વિવિધ કોલેજોમાં માર્ગદર્શક તરીકે તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાષ્ટ્રીય કક્ષાએ એન.સી.ઈ.આર.ટી. તથા એનસીએફ-ઈસીસીઈ ના સભ્ય તરીકે તથા ઈન્ટીગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામમાં તેમણે મહત્વની સેવાઓ આપી છે એટલું જ નહીં નેશનલ ફોક્સ ગ્રુપ માં પણ તેઓ નોંધપાત્ર પ્રદાન આપી રહ્યા છે.

# કલોલ-આદરજ મોટી સેકશનમાં આવેલ રેલવે ક્રોસિંગ નંબર 2 અને 4 બંધ રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર 02 કિ.મી. 03/12-13,08 ફેબ્રુઆરી 2024 ના સવારે 08.00 વાગ્યાથી 20.00 વાગ્યા સુધી (ઓવર હૉલિંગ) મરમ્મત કાર્ય હેતુ બંધ રહેશે. સડક ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર 04 કિમી. 05/13-14 થી આવાગમન કરી શકેછે. કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર 04 કિ.મી. 05/13-14, 09 ફેબ્રુઆરી 2024 ના સવારે 08.00 વાગ્યાથી 10 ફેબ્રુઆરી 2024 20.00 વાગ્યા સુધી (ઓવર હૉલિંગ) મરમ્મત કાર્ય હેતુ બંધ રહેશે. સડક ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર 06 કિ.મી. 06/14-15 અને ક્રોસિંગ નંબર 07 કિ.મી. 8/3-4 થી આવાગમન કરી શકેછે.

# ધો.6થી 12ના અભ્યાસક્રમમાં ગીતાના મૂલ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરતા સરકારી સંકલ્પ વિધાનસભા ખાતે વિના વિરોધે પસાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા એ જણાવ્યું છે કે,આપણા સૌના બાળકોમાં નાનપણથી જ સત્ય,સહજીવન, સંસ્કૃતિ અને સહિષ્ણુતાના ગુણો ખીલે એ માટે અમારી સરકારે મક્કમને નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨માં આગામી સત્રથી ભગવદગીતાના મૂલ્યોનો અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવાનો નિર્ણય અમારી સરકારે કર્યો છે.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ સંકલ્પ રજૂ કરતાં કહ્યું કે, શ્રીમદ્ ભગવદ્ ગીતા એ હિંદુ ધર્મનો પ્રાચીન અને મુખ્ય પવિત્ર ગ્રંથ છે. ગીતા હિંદુ ધર્મનો ગણાતો હોવા છતાં ફક્ત હિંદુઓ પૂરતો સીમિત ન રહેતાં પૂરા માનવસમાજ માટેનો ગ્રંથ ગણાય છે, અને વિશ્વચિંતકોએ તેમાંથી માર્ગદર્શન લીધું છે.

ગીતાનું મહત્ત્વ અલૌકિક છે. ગીતાને સ્મૃતિ ગ્રંથ માનવામાં આવે છે. ગીતા જ્ઞાનનો ખજાનો તો છે જ, સાથે સાથે સત્કર્મો અને સદવિચાર માટે ઉદ્દીપક પણ છે. ગીતાના તત્વજ્ઞાન થકી ગુજરાતના વિદ્યાર્થીઓ વધુ જ્ઞાની બનશે અને 'વિકસિત ભારત @૨૦૪૭' ના સંકલ્પને સાર્થક કરવાની દિશામાં તથા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં મહત્વનું યોગદાન આપશે. વિધાનસભા ખાતે ધોરણ ૬ થી ૧૨ માં ગીતાના મૂલ્યોનો અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવાના સંકલ્પ રજૂ કરતા મંત્રી પાનશેરીયા એ કહ્યું કે,દરેક વાલીનું સપનું હોય છે કે પોતાનું બાળક સંસ્કારી બને, જીવન જીવવાની પધ્ધતિ થી વાકેફ થાય એ માટે અમે સામાજીક ઉત્થાન માટે સામાજીક જવાબદારી થી લાવ્યા છીએ. ભારતીય સંસ્કૃતિમાં યોગ એ આપણી આગવી ઓળખ છે જેને યુનો એ પણ સ્વીકારીને વિશ્વ યોગ દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો છે એમ ભગવતગીતા ના મૂલ્યો ને સમજી ને યુનો દ્દભારા 'ગીતા ડે' ઉજવવાનો નિર્ણય કરશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. મંત્રી એ ઉમેર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરતા મૂળભૂત સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં આગામી 10મી ફેબ્રુઆરીએ વિવિધ આવાસ યોજનાઓના આવાસનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




રાજ્ય સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આગામી તારીખ 10 મી ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ આવાસ યોજનાના આવાસોના ઈ - લોકાર્પણ અને ખાતમુહૂર્તનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે યોજાઇ રહ્યો છે. આ કાર્યક્રમને સમાંતર રાજ્યભરમાં આવા પ્રકારના કાર્યક્રમો યોજાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરાયું છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર ઉત્તર, ગાંધીનગર દક્ષિણ, દહેગામ, માણસા અને કલોલ વિધાનસભા વિસ્તારમાં જુદી જુદી આવાસ યોજનાના આવાસોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી 10 મી ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર તથા રાજ્ય સરકારની આમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), ડોક્ટર બાબા સાહેબ આવાસ યોજના અને પંડિત દિન દયાલ ઉપાધ્યાય આવાસ યોજના જેવી આવાસ યોજનાઓ અંતર્ગત સમગ્ર રાજ્યના 33 જિલ્લાઓનાં અંદાજે સવા લાખથી વધુ આવાસોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તનાં કાર્યક્રમ યોજાશે. મુખ્ય કાર્યક્રમ વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ડીસા ખાતે યોજાઇ રહ્યો છે.

# મોદી સાહેબે નવું ઘર બનાવી આપ્યું મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર લાભાર્થી કિશોરી મુકેશભાઇ

દિપક રાવલ - દાહોદ

દાહોદ જિલ્લાના છાપરી ગામના કિશોરી મુકેશભાઈ દલસુખભાઈ એ જણાવ્યું હતું કે અમે પેહલા કાચા મકાન રહેતા હતા. મોદી સાહેબે નવું ઘર બનાવી આપ્યું. મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર એમ ખુશી સાથે જણાવ્યું હતું. છે કે પ્રધાનમંત્રી આવાસ યોજનાથી અનેક ગરીબ મધ્યમ પરિવારોનું ઘર ઘર હોવાનું સપનું



પૂરું થયું છે. ઘર વિહોણા પરિવારોને ઠંડી અને વરસાદની સીઝનમાં અનેક તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આવા પરિવારોને ઘરનું પાકું ઘર મળતાં તેમને માથે છત મળી છે. અને તેમનું પાકું ઘર હોવાનું સપનું પૂરું થયું છે. જેના લીધે તેમની સમસ્યાઓનો અંત આવ્યો છે તેમજ બાળકો પાકા નવા ઘરમાં નિરાંતે અભ્યાસ કરી શકે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ઘર વિહોણા અનેક પરિવારો માટે પોતાનું ઘર બનાવવા માટેનું આશાનું કિરણ છે.




આજ રોજ રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ ગાંધીધામ ટીમ દ્વારા કિડાણા ગામ ની ગૌચર જમીન ઉપર જે ગેર કાયદેસર દબાણ થયેલ છે તે દૂર કરવા બાબત અંજાર પ્રાંત અધિકારી & મામલતદાર સાહેબશ્રી તથા TDO સાહેબ શ્રી ને આવેદન પત્ર આપવામાં આવેલ છે, જેમાં મોજે કિડાણા ની ગૌચર માં મસમોટા દબાણો કરેલ છે, જે વહેલી તકે દૂર કરી અને ગૌચર જમીન દબાણમુક્ત કરવા માં આવે અન્યથા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા ઉગ્ર થી ઉગ્ર આંદોલન કરી અને ગેરરીતિ પૂર્વક થયેલ દબાણ ને દૂર કરવાની તજવીજ હાથ ધરશે. આ રજુઆત માં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ ગાંધીધામ તાલુકા અને જિલ્લા ના હોદેદારો જોડાયા હતા.

# જી.ટી.યુ. માં તૃતીય સંમેલન "સમવાય-2024" શિર્ષક તળે પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદમાં આવેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના એલ્યુમની એસોસિએશન દ્વારા યુનિવર્સિટીના વહીવટી ભવન ખાતે 'સમવાય-2024' શિર્ષક તળે પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું. પૂર્વ વિધાર્થીઓ સાથે સંપર્કમાં રહી, તેમને સંગઠિત કરી, તેમની પ્રવૃત્તિઓ સરળ બનાવવા, તેમની પ્રાપ્તિઓ અને સિદ્ધિઓને બિરદાવવાના શુભ ઉદ્દેશથી જી.ટી.યુ. દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હાલમાં સમાજમાં ઉંચી પ્રતિષ્ઠા ધરાવતા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રારંભમાં એલ્યુમની એસોસિએશને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓની માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત રાજ્યના મહિલા અને બાળવિકાસ ખાતાનાં કમિશનર કે.કે. નિરાલાએ ધ્યેયપ્રાપ્તિ માટે પોતાની શક્તિઓને ઓળખવાની જરૂરીયાત ઉપર ભાર મૂકવો જોઈએ તેમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું. આ પ્રસંગે હાજર રહેલા ગુજરાતના ખ્યાતનામ વક્તા અને કટાર લેખક જય વસાવડાએ પ્રેરક વક્તવ્ય આપતાં બાળકોને સાચી સિદ્ધિ અને સુખી જીવનનો અર્થ સમજાવી અને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, જી.ટી.યુ. એલ્યુમની એસોસિએશને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવતા સંશોધન, સ્ટાર્ટઅપ, એવોર્ડ અને સરકારી નોકરીઓ જેવી કેટેગરીમાં 13 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જર, કુલસચિવ ડૉ. કે.એન.ખેર, ડૉ.પંકજરાય પટેલ, ડૉ. સીમા જોશી, યુનિવર્સિટીના અન્ય અધિકારીઓ તેમજ મદદનીશ પ્રાધ્યાપકો હાજર રહ્યા હતા.

# દાહોદના છાપરી ગામના વસંતભાઇ મેડાને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતા પોતાનું પાકું મકાન બનાવી શકયા



દિપક રાવલ - દાહોદ

દાહોદના છાપરી ગામના તળાવ ફળિયામાં રહેતા વસંતભાઈ જોખનાભાઈ મેડા કાચા માટીના મકાનમાંથી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતા પાકું મકાન બનાવી શકયા છે. કાચા મકાનમાં પડતી અગવડતાઓ દૂર થતા તેઓ જણાવે છે કે, અગાઉ કાચા મકાનમાં ભારે અગવડ હતી. અનેક મુશ્કેલી વેઠવી પડતી હતી. તેમજ જીવજંતુઓનો પણ ભય રહેતો. હવે પાકું મકાન થઈ જતા મોટી રાહત થઈ છે. યોજનાનો લાભ ત્રણ હપ્તામાં રૂ. ૧.૨૦ લાખ મળ્યા છે. અને ૨૦ હજાર છ માસમાં કામ પૂર્ણ કર્યાના મળ્યા છે તે બદલ સરકારનો યોજનાનો લાભ આપવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

# શ્રી રામકૃષ્ણ સેવા કેન્દ્ર આદિપુર દ્વારા સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવા આશ્રમ કાર્ગોમાં મેડિકલ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું



તારીખ 6/2/24 મંગળવાર ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા કેન્દ્ર આદિપુર દ્વારા સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવા આશ્રમ કાર્ગોમાં મેડિકલ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 48 જેટલા દર્દીઓ એ સારવાર નો લાભ લીધો હતો જેમાં તાવ શરદી માથાનો દુખાવો સુગર સાંધાના દુખાવા ખરજવું ચામડીના રોગો ચિકનગુનિયા ગેસ કબજિયાત તમામ રોગોને ચેક કરીને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવી હતી આ સેવા કેમ્પ માં આ આયોજન શ્રી સ્વામી મંત્રેસાનંદજી ડોક્ટર . નર્સ . કંપાઉન્ડર સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી રાજભા ગઢવી ઔ રક્ષાકો ની ટીમ હાજર રહી હતી શ્રી સવામી મંત્રેસાનંદજી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સેવા આશ્રમ કાર્ગો ગાધીધામ મધ્યે દર મંગળવારે સવારે નવ વાગ્યે થી અગયાર વાગ્યા સુધી નિરંતર સેવા ચાલુ રાખવામાં આવશે જેથી વધારે માં વધારે જરૂરતમંદ લોકો સુધી સેવા નો લાભ પહોંચાડી શકાય સાથે શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી મોહનભાઈ ધારસી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ ગાધીધામ દ્વારા પણ સેવા આશ્રમ કાર્ગો ગાધીધામ મધ્યે શુક્રવારે સવારે નવ વાગ્યે થી એક વાગ્યા સુધી નિરંતર મેડિકલ કેમ્પ નુ આયોજન કરવામાં આવશે જેમાં ડોક્ટર તપાસ અને દવાઓ વિના મૂલ્યે આપવામાં આવશે સ્થળ . સેવા આશ્રમ કાર્ગો ગાધીધામ આઝાદ નગરકાર્ગો સ્થાનિક સંપર્ક ભાવિકભાઈ જોશી 7862997567 રાજભા ગઢવી 9879714352 ભરતભાઈ ધવલેસા 7069994422.

# દશ લાખની માંગણી કરી શારીરીક-માનસીક દુ:ખ ત્રાસ આપી, ગાળો આપી, મારકુટ કરી કાઢી મુકવાના ગુન્હામાં સાસરીયાઓનો નિર્દોષ છુટકારો

વિજય રાડીયા - ઉપલેટા

ફરીયાદીની વિગતવાર ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદી પરીણીતાએ રાજકોટના સંદીપ લખધીરભાઈ સીંઘવ સાથે પ્રેમ લગ્ન કરેલ હતાં. લગ્નબાદ, પતિ, સાસુ નિર્મળાબેન લખધીરભાઈ સીંઘવ તથા દીયર ઘવલ લખધીરભાઈ સીંઘવ તથા દેરાણી ભાવીશા ઘવલભાઈ સીંઘવ વિરૂધ્ધ રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં સાસુ નાની-નાની બાબતોમાં ઝઘડા કરી, ગાળો આપી મારકુટ કરતાં હોવાની તેમજ દિયર તુ અમારી નાતની નથી અહીંથી ચાલી જા આવુ કહી માનસીક ત્રાસ આપતા હોવાની તેમજ દેરાણી ઘરકામ બાબતે ઝઘડા કરતાં હોવાની તેમજ પતિ દશ લાખની મકાન માટે માંગણી કરતાં હોવાની અને તમારી દિકરીને જો રાખવી હોય તો રૂપીયા આપો તેમ જણાવી દહેજની માંગણી કરતાં હોવાની તથા પતિને અન્ય સ્ત્રી સાથે અફેર હોય કંટાળી બ્લીચ પી લીધુ હોય તેમજ કલાસીસની ફી ભરવા પૈસાની માંગણી કરતાં પતિએ તારા પીતાજીના ઘરેથી ફી લઈ આવ મારી પાસે નથી એમ કહી ઝઘડો કરી ઘરમાંથી કાઢી મુકેલ હોવાની ફરીયાદ કરવામાં આવેલ હતી.



સદરહું ફરીયાદી બાબતે રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરી સાસરીયાઓ વિરૂધ્ધ રાજકોટ કોર્ટમાં સને ૨૦૧૯ માં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ. સદરહું કેસની નામદાર કોર્ટ સમક્ષ લંબાણ પુર્વક ટ્રાયલ ચાલેલ. જેમાં ફરીયાદી તેમજ સાક્ષીઓની લંબાણ પુર્વકની જુબાની કોર્ટ દ્વારા નોંધેલ હતી. જેમાં આરોપી સાસરીયાઓના વકીલ દ્વારા કરેલ ઉલટતપાસ દરમ્યાન ખુબજ મોટો વિરોધાભાસ સામે આવેલ હોય, જેનું ખંડન થયેલ હોવાની તથા ફરીયાદના શારીરીક માનસીક ત્રાસ તેમજ દહેજની માંગણી તેમજ સારવાર બાબતે ફરીયાદી તેનો કેસ પુરવાર કરી શકેલ ન હોવાની તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ માત્ર મૌખિક પુરાવાના આધારે ત્રાસ માની શકાય નહીં વિગેરે આરોપીના વકીલની દલીલો ધ્યાને લઈ નામદાર કોર્ટે સાસરીયાઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. હાલના કામે સાસરીયાઓ તરફે રાજકોટના યુવા વકીલશ્રી ડેનીષ એ. સીણોજીયા રોકાયેલ હતાં.



ધોળા દિવસે પ્રકાશીત ચાણસ્માના મહોલાઓની સ્ટ્રીટ લાઇટો
- નિતીન ઠાકર સાથે પ્રતિક જેઠી ચાણસ્મા (દેલમાલ)

# રાજ્યને કુપોષણમુક્ત બનાવવાનો સંકલ્પ, 'પોષણયુક્ત આહાર, કુપોષણ પર પ્રહાર' : મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કુપોષણ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા એ જણાવ્યું હતું કે, કુપોષણ એક વિષચક્ર છે. આ વિષચક્રને તોડવા માટે તમામ સ્તરે પ્રયત્નો કરવા પડશે. રાજ્યને કુપોષણમુક્ત બનાવવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. પોષણને વિશેષ પ્રોત્સાહિત કરવાના હોલિસ્ટિક એપ્રોચ સાથે રાજ્ય સરકારે અંદાજપત્રમાં ખાસ જોગવાઈ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલ સુત્ર 'હર ઘર પોષણ' ને જનઆંદોલનના ભાગ રૂપે લઈ જવાશે. કુપોષણને નાથવા માટે નાગરિકોના વર્તનમાં પરિવર્તન લાવવું ખૂબ જરૂરી છે. દરેક નાગરિકે પોતાના આરોગ્ય અને પોષણ માટેની જાગૃતિ કેળવવી પડશે. આંગણવાડીના બાળકોમાં કુપોષણની સ્થિત અંગે વાત કરતા મંત્રીએ જણાવ્યુ કે, કુપોષણ એ માત્ર ગરીબોમાં જ છે એવુ નથી કુપોષણ એ સમૃદ્ધ પરિવારોમાં પણ જોવા મળે છે. અલ્પ પોષણ અને અતિ પોષણ બન્ને કુપોષણના પ્રકાર છે.અલ્પ-પોષણ માટે અનેક કારણો જવાબદાર છે એમાં જન્મ સમયની સ્થિતી, બાળકના જન્મનો ક્રમ, માતાનું આરોગ્ય, સામાજિક-આર્થિક સ્થિતી, રહેણી -કરણી,ખાન-પાનની ટેવો, કોઈ ચેપ, કૃમિ, વ્યસન વગેરે જેવી અનેક પરિસ્થિતી અસર કરે છે. આમ અનેક કારણો કુપોષણ માટે જવાબદાર છે. આજે શું ખાવુ અને શુ નખાવુ તે માહિતીના અભાવે લોકો કુપોષણનો શિકાર બને છે. પોષણ અંગે સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓની માહિતી આપતા મંત્રીએ જણાવ્યું હતુ કે, પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે ૮૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓને વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન માટે ૩૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
આઉટડોર સિગ્નલીંગ ગીયર્સના સમારકામ અને જાળવણી માટે વિવિધ કામ
W.118/NIT/E-Tender/2023-24/28/WA તા.02/02/2024. ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. ટેન્ડર નં. 31-2023R:- કામનું નામ: ભાવનગર ડિવિઝન :- ADSTE-જુનાગઢ સેક્શનમાં આઉટડોર સિગ્નલીંગ ગીયર્સના સમારકામ અને જાળવણી કામના સંબંધમાં સિગ્નલીંગ સામગ્રીની આંશીક આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગના આઉટસોર્સિંગની જોગવાઈ. અંદાજીત પડતર: ₹ 1,22,56,326.23/- (રૂા. એક કરોડ બાવીસ લાખ છપ્પન હજાર ત્રણ સો છવ્વીસ અને ત્રેવીસ પૈસા પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: 04/03/2024 ના 15:00 કલાક સુધી છે.
BVP-169
અમને ફોલો કરો: twitter.com/WesternRly

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### આખરે રેસ્ક્યૂ ટીમે 12 ફૂટ નીચેથી બાળકને હેમખેમ બહાર કાઢ્યો, જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડાયો...





# બે વર્ષનું બાળક 200 ફૂટ ઊંડા બોરવેલમાં પડ્યું

જામનગર | જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગોવાણા ગામના વાડી વિસ્તારમાં આવેલા ખુલ્લા બોરવેલમાં બે વર્ષીય એક બાળક રમતાં રમતાં પડી જતાં દોડધામ મચી હતી. આખરે ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ દ્વારા ભારે જહેમત બાદ બાળકને બચાવી લેવામાં આવ્યું છે અને સારવાર માટે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.
બાળક બોરમાં પડી જતાં ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમે યુદ્ધના ધોરણે બાળકને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. 200 ફૂટ ઊંડા બોરવેલમાં બાળક જમીનથી 12 ફૂટ નીચે ફસાયેલું હોય રેસ્ક્યૂ ટીમ દ્વારા બાળક સુધી ઓક્સિજન પહોંચાડવામાં આવ્યો હતો તો બીજી તરફ બોરવેલની બાજુમાં એક વિશાળ ખાડો ખોદીને હાથેથી બ્રેકર વડે બોરવેલમાં જ્યાં બાળક ફસાયું ત્યાંથી તેને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચલાવાયું હતું.
ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમ 14 ફૂટ ઊંડો ખાડો ખોદ્યા પછી સાઈડમાંથી પણ હાથેથી બ્રેકર વડે ખાડો ખોદીને બાળકના હાથ સુધી પહોંચી હતી અને રાહતની વાત એ હતી કે બાળક રેસ્ક્યૂ ટીમને પ્રતિસાદ પણ આપી રહ્યું હતું. ફાયર બ્રિગેડના રેસક્યુ ટીમ દ્વારા બોરવેલમાં ફસાયેલા બાળકની નજીક પહોંચીને તેનું મોં સાફ કરવામાં આવ્યું અને ઓક્સિજન પણ વધુ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ બાળકને બોરવેલમાંથી બહાર કાઢીને તેને બચાવી લેવામાં આવ્યો હતો.

**આ રીતે રેસ્ક્યૂ ટીમ બાળક સુધી પહોંચી :** 200 ફૂટ ઊંડા બોરવેલમાં 12 ફૂટે ફસાયેલા બે વર્ષીય બાળકને બચાવવા માટે ફાયરબ્રિગેડની ટીમ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શરૂઆતમાં તો બાળકને ઓક્સિજન મળી રહે તે માટે ઉપરથી નળી વાટે બાળક સુધી ઓક્સિજન આપવામાં આવ્યો હતો. બાળક બોરવેલમાં નીચે ન ઉતરી જાય તેના માટે રેસ્ક્યૂ ટીમ દ્વારા બોરવેલમાં એક દોરી ઉતારી બાળકના હાથના કાંડામાં ફસાવી દેવામાં આવી હતી. ત્યારબાદ બોરવેલથી બેથી ત્રણ મીટર જેસીબીની મદદથી વિશાળ ખાડો ખોદવાની શરૂઆત કરવામાં આવી હતી. રેસ્ક્યૂ ટીમ દ્વારા બાજુમાં જેસીબીથી 14 ફૂટ ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. ત્યારબાદ મેન્યુઅલી ખોદકામ શરૂ કરાયું હતું. ખોદકામ દરમિયાન બોરવેલમાં માટી ધસી ન પડે અને બાળકને કોઈ તકલીફ ન પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

### પોલીસે અપહરણકર્તાને ઝડપવા 6 ટીમ કામે લગાડી

# યુવતીનું અપહરણ : રજૂઆત કરવા લોકોના ટોળેટોળા પોલીસ મથકે પહોંચ્યા

અમરેલી | રાજુલામાથી એક યુવતીને યુવાન ભગાડી જતા લોકોના ટોળેટોળા રજુઆત કરવા પોલીસ મથકે ધસી ગયા હતા. પોલીસે પણ બનાવની ગંભીરતા સમજી આરોપીને ઝડપવા માટે જુદીજુદી 6 ટીમ તપાસમા કામે લગાવી છે અને લોકોને સોશિયલ મીડિયા ઉપર અફવા ન ફેલાવવા માટે અપીલ કરી છે.
ઘટના અંગે વાત કરીએ તો રાજુલામા રહેતી એક યુવતીનુ યુવાન અપહરણ કરી ગયો હતો. જેને પગલે લોકોના ટોળેટોળા આ મુદે રજુઆત કરવા પોલીસ મથકે દોડયા હતા. સૌપ્રથમ અહી કોળી સમાજની વાડીમા એક મિટીંગ રખાઇ હતી અને બાદમા રેલી કાઢી ટોળુ આવેદન આપવા પોલીસ મથકે પહોંચ્યું હતુ. બનાવને પગલે સાવરકુંડલાથી ડીવાયએસપી હરેશ વોરા પણ અહી દોડી આવ્યા હતા. જિલ્લા પોલીસવડા હિમકર સિંહે અપહરણકર્તા યુવકને પકડી પાડવા છ ટીમો કામે લગાડી જુદીજુદી દિશામા દોડાવી હતી. અપહરણકાર યુવાન યુવતીને બાબરા સુધી રીક્ષામા લઇ ગયાની પણ પોલીસને માહિતી મળી હતી. ઘટનાને પગલે વાતાવરણ તંગ ન બને તે માટે પોલીસે અહી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો
આ અંગે ડી.વાય.એસ.પી.હરેશ વોરાએ જણાવ્યું હતું કે,



ધોળીયા ડુંગરા વિસ્તારમાં એક દીકરીનું અપહરણ એક યુવક કરી ગયો છે. તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલીસએ અપહરણનો ગુનો નોંધી દીધો છે સમાજના આગેવાનો પોલીસ મથકમાં રજૂઆતો માટે આવ્યા હતા. આ આ ગંભીર પ્રકારનો બનાવ હોય અમારા એસપીની સૂચના પ્રમાણે ક્રાઈમ બ્રાન્ચ. સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ સહિત પોલીસની ટીમો ટેક્નિકલ સોર્સથી આરોપીને શોધવા માટેની કામગીરી કરી રહી છે. કોઈએ અફવા ફેલાવવાની જરૂર નથી, કોઈ પણ સંજોગોમાં અપહરણ કરનારને પોલીસ પકડી કાયદેસરની કાર્યવાહી કરશે.

# ધરપકડ: પાસાનો આરોપી SSGમાંથી ભાગ્યો, પોલીસે અમદાવાદ જઇ ઘરેથી પકડ્યો

વડોદરા | વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહેલા અમદાવાદના પાસાના કેદીને 2 દિવસ અગાઉ છાતીમાં દુખાવો થતા તેને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ દરમિયાન સોમવારની મોડી રાતે પોલીસ જવાનોની નજર ચૂકવીને ફરાર થઈ ગયો હતો. આ બાબતે રાવપુરા પોલીસ ખાતે ફરિયાદ થતા પોલીસ આરોપીની શોધ હાથ ધરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં કેદીને તેના ઘરે અમદાવાદ ખાતેથી ઝડપી પાડ્યો હતો.
અમદાવાદના વાડજ ખાતે રહેતો કિરણ પારૈયા પાસા હેઠળ વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહ્યો હતો. ગત શનિવારે તેને છાતીમાં દુખાવાની તકલીફ થતાં તેને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સોમવારે મોડી રાતે કિરણને કુદરતી હાજતે જવાનું થતાં જાપ્તાના પોલીસ જવાનો તેને લઈ ગયા હતા અને પાછો તેને તેના પલંગ પર સુવડાવી દિધો હતો. રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં વોર્ડમાં સફાઈ માટે કર્મચારીઓ આવતાં પોલીસ જવાનો કેદીના પલંગ પાસેથી થોડા દુર જઈને ઉભા રહ્યા હતા. આ દરમિયાન પોલીસ જવાનોની નજર ચૂકવીને કિરણ ભાગી ગયો હતો. પોલીસ જવાનોને જ્યારે પાછા તેના પલંગ પાસે આવ્યા ત્યારે કિરણને ન જોતાં તેની શોધખોળ કરી હતી. જોકે તે ન મળી આવતા આ બાબતે રાવપુરા પોલીસ અને પોલીસ હેડ કવાર્ટર ખાતે જાણ કરવામાં આવી હતી.
આ બાબતે રાવપુરા પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમા હોસ્પિટલના સીસીટીવીમાં જોવા મળ્યું હતું.

### ઘટનાસ્થળે જ દમ તોડ્યો, ફૂટની લારી ચલાવતો, પરિવારમાં આક્રંદ

# વડોદરામાં યુવકની હત્યા :અજાણ્યા શખસોએ છરીના ઘા મારી રહેંસી નાખ્યો

વડોદરા | વડોદરાના કારેલીબાગ કાશમઆલા કબ્રસ્તાન પાસે અજાણ્યા શખસોએ યુવકને છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હોવાની ઘટના બની છે. જોકે, પોલીસ પહોંચે એ પહેલાં લોહી લૂહાણ હાલતમાં ઘટનાસ્થળે જ યુવકે જીવ છોડી દીધો હતો. યુવક ફ્રૂટની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પરિવાજનોએ દીકરાના મોતથી આક્રંદ કર્યું હતું. જોકે આ હત્યા કોણે કરી અને કયાં કારણોસર કરવામાં આવી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.
ઘટનાને લઈ કારેલીબાગ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સાથે DCP ઝોન 4 પન્ના મોમાયા પણ દોડી આવ્યા હતા. આ ઘટનામાં મૃતક યુવકનું નામ નાઝીમ પઠાણ છે અને તે ફ્રૂટનો વેપાર કરતો હતો. નાઝિમના મૃત્યુના સમાચાર મળતાં પરિવારે આક્રંદ કર્યું હતું.
કારેલીબાગ પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવાની સાથે મૃતદેહના પોસ્ટ મોર્ટમની તજવીજ હાથ ધરી છે. હાલમાં પોલીસે આ યુવક પર થયેલા હુમલા પાછળ કારણ શું? કોણે હુમલો કર્યો? તે દિશામાં તપાસ ચાલી રહી છે. યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.
ડીસીપી પન્ના મોમાયાએ જણાવ્યું હતું કે, પોલીસે યુવકની હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી કરી છે. આ વ્યક્તિ ટેમ્પો ચલાવવાનું કામ કરે છે જે ફ્રૂટની લારી અને ફ્રૂટ પહોંચાડવાની કામગીરી કરતો હતો. મૃતકના પરિવારમાં પત્ની, એક દીકરો અને એક દીકરી છે.

**સીસીટીવીમાં એક શકમંદ જોવા મળ્યો :** એસીપી જી.બી. બાંભણીયાએ જણાવ્યું હતું કે, સવારે કંટ્રોલમાં માહિતી મળતા તાત્કાલિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. યુવકના માથા અને છાતીના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ હત્યા તલવાર કે છરા વડે થઈ હોવાનું પ્રાથમિક તારણ છે. પોલીસે આસપાસના સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે. સીસીટીવીમાં કોઈ વ્યક્તિ ભાગતો અને હાથમાં લોહી હોવાનું જોવા મળ્યું છે.

# વડોદરા શહેર SOGની કાર્યવાહી:13 કિલો માદક પદાર્થ ગાંજા સાથે બેની ધરપકડ

વડોદરા | વડોદરા શહેર એસઓજી દ્વારા અગાઉ એન.ડી.પી.એસ.ના ગુનામાં પકડાયેલો આરોપી અને એક અન્ય ઈસમને ગોરવા કરોડિયાથી નવાયાર્ડ તરફ જતા રોડ ઉપરથી માદક પદાર્થ ગાંજાના 13 કિલો 870 ગ્રામના જથ્થા સાથે બે ઈસમની ધરપકડ કરી છે. આ ઈસમો પૈકી એક ઈસમ અગાઉ એનડીપીએસના ગુનામાં ઝડપાઇ ચુક્યો છે. વડોદરા શહેર પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓની સૂચના આધારે વડોદરા શહેર વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ ડામવા અને નશામુક્ત વડોદરા અભિયાન અંતર્ગત તેમજ એ.ટી.એસ યાર્ટરના નાર્કોટીક્સના વધુમાં વધુ કેસો શોધી કાઢી તેમજ ડ્રગ્સના નેટવર્કને તોડી પાડવા અને વડોદરા શહેરને નશામુક્ત કરવા માટે કાર્યવાહીના ભાગ રૂપે એસ.ઓ.જી. પીઆઇ વિ.એસ.પટેલની ટીમ શહેર વિસ્તારમાં સતત પેટ્રોલિંગ રાખી પેડલરો અને નશેડીઓ ઉપર સતત વોચ રાખવામાં આવી રહી છે.
આ દરમિયાન એસઓજીને બાતમી મળી હતી કે, સુભાનપુરા હાઉસિંગ વુડાનામાં રહેતો કપીલ અગ્રવાલ જે અગાઉ ગોરવા પોલીસ સ્ટેશનમાં NDPSના ગુનામાં પકડાયેલો હતો. તે હાલ પણ ગાંજાનો ધંધો કરે છે.
જે હકીકત આધારે એસ.ઓ.જી. ની ટીમ છેલ્લા એક માસથી સતત ટેક્નિકલ અને હ્યુમન સોર્સથી તેના પર વોચ રાખી રહી હતી. જોકે ચોક્કસ બાતમીના આધારે કપીલ અગ્રવાલ રાત્રિના સમયે તેની એક્ટિવા લઈને ગોરવા ગોરખનાથ મંદીરથી નવાયાર્ડ બ્રિજ તરફ જતા રસ્તા ઉપર સરગવાના ઝાડવાળા ખેતર તરફ વસીમ ચૌહાણ નામના ઈસમ પાસેથી ગાંજાનો જથ્થો લેવા માટે જવાનો છે.

### નિયમોને નેવે મૂકી સ્કૂલ રિક્ષા ચાલકો 3 ગણી સવારી બેસાડે છે

# નિયમોની એક, બે અને ત્રણ... : રિક્ષામાં નિયમ 3 સવારીનો પણ બેસાડવાનાં 12 થી 15 બાળકો !

પોરબંદર | પોરબંદરમાં શાળાએ આવતા જતા બાળકો માટે રીક્ષા વર્ધી રાખવામાં આવે છે અને રીક્ષા ચાલકો નિયમનું ઉલ્લંઘન કરી રિક્ષામાં 3 ગણા બાળકો બેસાડે છે. નિયમ 3 સવારીનો છે પરંતુ રિક્ષામાં 12 થી 15 બાળકો બેસાડવામાં આવે છે. રિક્ષામાં શાળાએ આવતા જતા બાળકો માટે રીતસરનું મોત ભમી રહ્યું છે ત્યારે તંત્ર અકસ્માત બાદ જાગશે ? હાલ તો તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. પોરબંદરમાં મોટાભાગની શાળા ખાતે બાળકો રિક્ષામાં બેસીને આવ જા કરે છે.
વાલીઓ શાળા ખાતે બાળકને મૂકવા લેવા માટે સ્કૂલ રીક્ષા એટલેકે રીક્ષા ભાડે રાખે છે. મહત્વની વાત એ છેકે, રીક્ષા માટેના નિયમો એવા છેકે,1 રિક્ષામાં ડ્રાઈવર ઉપરાંત સિટીંગમાં 3 સવારી ભરવાની હોય છે પરંતુ રિક્ષાચાલકો પોતાની રિક્ષામાં નિયમ કરતા 3 ગણી સવારી ભરી દેતા નજરે ચડે છે. 1 રિક્ષામાં ડ્રાઈવર સીટની બન્ને તરફ બાળકોને બેસાડવામાં આવે છે અને અંદર હકડેઠાઠ બાળકો બેસાડવામાં આવે છે. 1 રિક્ષામાં 12 થી 15 બાળકો બેસાવમાં આવે છે ઉપરાંત રિક્ષાની બહાર સાઈડ બાળકોના સ્કૂલ બેગ લટકાવવામાં આવે છે.
જો રીક્ષા પલટી મારી જાય અથવા સ્કૂલ બેગ અન્ય વાહનમાં ફસાઈ જાય કે વાહન અકસ્માત સર્જાઈ તો આવા બાળકોનો જીવ જોખમમાં મુકાઇ શકે તેમ છે અને અઘટિત ઘટના બને તેમ છે. રીક્ષા જોઈને એવું



લાગે કે બાળકો માટે રીતસરનું મોત ભમી રહ્યું છે, ખુલ્લેઆમ નિયમનું ઉલ્લંઘન થઈ થયું છે, છતાં જવાબદાર તંત્ર આરટીઓ, સ્કૂલ તંત્ર, ટ્રાફિક પોલીસ આંખ આડા કાન કરી રહી છે. સવારી કરતા 3 ગણી સવારી બાળકોની જિંદગી સાથે ચેંડા થઈ રહ્યા છે ત્યારે અકસ્માત સર્જાઈ તે પહેલા તંત્ર જાગે તે અનિવાર્ય બન્યું છે.

# 5 કિમીનો ટ્રાફિકજામ: અમદાવાદ-મુંબઈ NH પર તરસાલી પાસે કન્ટેનર પાછળ બોલેરો ઘૂસી ગઇ

વડોદરા | અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર અકસ્માત થતા ટ્રાફિકજામ થવાની ઘટના વારંવાર બની રહી છે. અઠવાડિયા પહેલા જ વડોદરા પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત થતા 5 કિમીનો ટ્રાફિકજામ થયો હતો. ત્યારે આજે ફરી વહેલી સવારે 3 વાગ્યાની આસપાસ વડોદરા નજીક જ તરસાલી-જામ્બુવા બ્રિજ વચ્ચે કન્ટેનર પાછળ બોલેરો પીકઅપ ઘૂસી જતા 5 કિમીનો ભારે ટ્રાફિકજામ થયો હતો. વાહનોની લાંબી લાઈન લાગતા લોકો નેશનલ હાઈવે પર કલાકો સુધી ફસાયા હતા. જોકે, હાલ ટ્રાફિક રાબેતા મુજબ છે.
બોલેરો ગાડી ટોટલ લોસ થઈ ગઈ છે. જોકે ડ્રાઈવરનો સદનસીબે બચાવ થયો હતો. જ્યારે કન્ટેનરનો ડ્રાઈવર કન્ટેનર લઈને ફરાર થઈ ગયો હતો. જોકે ફાયરબ્રિગેડની ટીમે પહોંચીને ગાડીને હાઈવે પરથી હટાવીને ટ્રાફિક જામ દૂર કર્યો હતો. તરસાલીથી જામ્બુવા ચોકડી વચ્ચે બાલાજી પેટ્રોલ પંપ પાસે આજે વહેલી પરોઢે એક ટ્રકચાલક હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. બોલેરો પીકઅપ મહારાષ્ટ્રથી દ્રાક્ષ ભરીને વડોદરા આવી રહી હતી. ત્યારે હાઈવે પર અચાનક જ ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. જેને પગલે આસપાસ વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને આસપાસમાંથી વાહનચાલકો દોડી આવ્યા હતા.
અકસ્માતના પગલે પીકઅપ ગાડીનો ડ્રાઈવર વિશાલ ગજેરા ગાડીમાં ફસાય ગયો હતો. જેને આસપાસના વાહનચાલકોએ ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો અને હાઈવે ઓથોરિટીની એમ્બ્યુલન્સમાં તેને સારવાર આપવામાં આવી હતી. બીજી તરફ મકરપુરા જીઆઈડીસીના ફાયરબ્રિગેડના અમરસિંહ ઠાકોર સહિતની ટીમ સ્થળ પર જવા રવાના થઈ હતી.

### સોપારી દુબઈથી આયાત કરાઈ હતી, અમદાવાદ ડીઆરઆઈએ જથ્થો ઝડપી પાડ્યો

# દાણચોરી: મુન્દ્રા બંદરે 5.71 કરોડની સોપારી કરાઇ જપ્ત

## બેઝઓઈલ કહીને તેના ડ્રમમાં સોપારી ભરી દાણચોરીની નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ

ગાંધીધામ | ડીઆરઆઈએ ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવેલા એરેકા નટ્સ એટલે કે સોપારીનો જંગી જથ્થો જપ્ત કર્યો છે, તેને 'બેઝ ઓઈલ' ધરાવતા ડ્રમમાં છુપાવવાની નવી પદ્ધતિ અપનાવાઈ હતી. સોપારીના દાણચોરો સામેના બીજા ઓપરેશનમાં, ડીઆરઆઈએ 83.352 મેટ્રિક ટન એરેકા બદામ જપ્ત કર્યા છે. જેની કિંમત 5.71 કરોડ થવા જાય છે, જે સંબંધિત આયાત દસ્તાવેજોમાં બેઝ ઓઈલ તરીકે જાહેર કરીને દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ડીઆરઆઈના અધિકારીઓ દ્વારા ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે યુએઈથી મુન્દ્રા પોર્ટ પર જે માલસામાન આવ્યો હતો તેમાં ખોટી રીતે જાહેર કરાયેલ કાર્ગો હશે તે આધારે આ તપાસનો દોર આરંભ્યો હતો, જે સાચો સાબીત થયો હતો. ડીઆરઆઈ અમદાવાદ ઝોનલ યુનિટના અધિકારીઓ દ્વારા કન્ટેનરોની તપાસ કરવામાં આવી



હતી. કન્ટેનરની તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે તમામમાં 738 ડ્રમમાં હતા જેમાંથી 658 ડ્રમમાં વિભાજીત સ્વરૂપમાં સોપારી હતી, જ્યારે 80 ડ્રમમાં તૈલી પ્રવાહી કથિત રીતે 'બેઝ ઓઈલ' હતું. 'વિભાજિત સ્વરૂપમાં એરેકા નટ્સ'નો કુલ જથ્થો 83.352 મેટ્રીક ટન હોવાનું જાણવા મળ્યું છે અને તેની કિંમત રૂ. 5.71 કરોડ, તેમજ 14.383 એમટી તેલયુક્ત પ્રવાહી (બેઝ ઓઈલ) છુપાવવા માટે વપરાયો હોવાનું સામે અવ્યું હતું.
આ જથ્થાની કિંમત માત્ર 6.17 લાખ જાહેર કરાઈ હતી, જ્યારે કે મળી આવેલા આ સોપારી, અરેકા નટ્સનો જથ્થો 83.352 એમટી જેની કિંમત રૂ. 5.71 કરોડ અને કસ્ટમ્સ એક્ટ 1962 ની જોગવાઈઓ હેઠળ તદનુસાર 6.17 લાખની કિંમતના 14.383 મેટ્રીક ટન ઓઈલી લિક્વિડ (બેઝ ઓઈલ)'નો કવર કાર્ગો જપ્ત કરવામાં આવ્યો હતો.

**110% ડ્યુટીના કારણે સોપારીની દાણચોરી વધી :** ઘરેલું ઉદ્યોગના રક્ષણ માટે એરેકા નટ (સોપારી) ની આયાત ઊંચા ટેરિફ મૂલ્ય અને 110%ની ડ્યુટી માળખું છે. તેનાથી બચવા માટે, અનૈતિક આયાતકારોએ એરેકા નટ્સની આયાતમાં ખોટી જાહેરાતનો આશરો લીધો છે. ડીઆરઆઈ એરેકા નટ્સની આવી ગેરકાયદેસર દાણચોરીનો પર્દાફાશ કરીને મોખરે છે. હાલમાં અપનાવવામાં આવેલ મોડસમાં સ્પ્લિટ એરેકા નટ્સને ડ્રમમાં ભરવામાં આવ્યા હતા અને કસ્ટમ્સ સત્તાવાળાઓ દ્વારા કોઈપણ તપાસને ટાળવા માટે 'બેઝ ઓઈલ' તરીકે જાહેર કરાયેલ કન્સાઈનમેન્ટમાં છુપાવવામાં આવ્યા હતા. ડીઆરઆઈએ આયાતકાર અને સીએચએની દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### લોનના નામે મિત્ર સાથે ઠગાઈ:રૂપિયા પરત માંગતા ધમકીઓ મળી

# કોલેજ સમયના યુવકે લોન અપાવવાના બહાને મિત્ર પાસેથી 3.88 લાખ પડાવ્યા

સુરત | સુરતના મોટા વરાછા ખાતે રહેતા યુવકને તેના કોલેજ સમયના મિત્રએ SBI બેંકમાંથી 30થી 35 લાખની પર્સનલ લોન કરાવી આપવાના બહાને 3.88 લાખ પડાવી લીધા હતા. બાદમાં લોન નહીં કરાવી બીજા 40 હજારની માંગણી કરી હતી. યુવકે પૈસા આપવાની ના પાડી તો તેને અને તેના મામાએ ફોન કરીને ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. વરાછા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.
મોટા વરાછા ખાતે આનંદ ધારા સોસાયટીમાં રહેતો 23 વર્ષીય મીત જગદીશભાઈ ઠુમ્મર સાયણ અંજની ઈન્ડસ્ટ્રીઝમાં કાપડના કારખાનામાં નોકરી કરે છે. તેને તેના કોલેજના સાથેના મિત્ર જયેશભાઈ લાલજીભાઈ માંગુકીયાની સામે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ જયેશ તેની સાથે અભ્યાસ કરતો હોવાથી સાતેક વર્ષથી તેને ઓળખે છે. અભ્યાસ પુરો થયો પછી તે ક્યારેક મળતો હતો. અને પોતે લોનનું કામ કરતો હોવાનું કહ્યું હતું. મીતને તેના મામા સાથે ભાગીદારીમાં મશીન નાંખવાના હતા. તેને જયેશનો સંપર્ક કરીને 30-35 લાખની લોનની જરૂરીયાત હોવાનું કહ્યું હતું. જયેશે એસબીઆઈમાંથી કરાવી આપશે તેમ કહીને મીતના તમામ ડોક્યુમેન્ટ મંગાવ્યા હતા અને પર્સનલ લોન માટે પ્રોસેસીંગ ચાર્જ 3500 માંગ્યા હતા.
બાદમાં ફેબ્રુઆરી 2023માં લોનની ફાઈલ ઘોડદોડ રોડ એસબીઆઈ શાખામાં પહોંચી ગઈ છે. મેનેજરનો વેરીફિકેશન માટે ફોન આવશે તેમ કહ્યું હતું. અને પછી લોનના સેટિંગના વ્યવહાર પેટે અલગ અલગ સમયે ટુકડે ટુકડે કરીને 3.88 લાખ પડાવી લીધા હતા.
ત્યારપછી પણ લોન નહીં કરતા મીતે તેને આપેલા પૈસાની માંગણી કરી તો જયેશે બીજા 40 હજાર આપવા પડશે તેમ કહ્યું હતું. પરંતુ મીતે આપવાની ના પાડી તો હવે તું તારા પૈસા ભુલી જા પૈસાની ઉઘરાણી કરી તો ઘરે આવી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બાદમાં જયેશના મામાએ ફોન કરીને મીતને તારી લોનના 40 હજાર જયેશે મારી પાસેથી લીધા હતા. તે પૈસા આપી દે જે નહીતર ઘરેથી ઉપાડી જઈશ તેવી ધમકી આપી હતી. બાદમાં તપાસ કરતા જયેશે અનેક લોકો પાસેથી લોન અપાવવાના બહાને પૈસા પડાવ્યાની જાણ થતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### બચાવ અને રાહત માટે 1070 હેલ્પલાઈન નંબર

# અમદાવાદી નાગરિકો.....આટલા હેલ્પલાઈન નંબરો યાદ રાખો...

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદના નાગરિકોની સુવિધામાં સતત વધારો કરવા અને દૈનિક જીવન ધોરણને સરળ અને અસરકારક બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર પ્રયાસરત્ત રહે છે. ત્યારે અમદાવાદ જિલ્લામાં કાર્યરત વિવિધ હેલ્પલાઈન નંબરો વિશે આજે જાણકારી મેળવીએ. જેમાં નાગરિક સુવિધાઓ માટે નાગરિકો માટેની હેલ્પલાઈન નં 155303 છે. જ્યારે બાળક માટેની હેલ્પલાઇનનો નંબર 1098 છે. મહિલાઓને લાગુ પડતી બાબતો માટે મહિલા અભયમ હેલ્પલાઈન નંબર 181 છે. સમાજમાં થતી ગુનાખોરી અટકાવવા ક્રાઈમ સ્ટોપર હેલ્પલાઈન નં 1090 છે. આ ઉપરાંત બચાવ અને રાહત માટે 1070 હેલ્પલાઈન નંબર છે. સાથોસાથ અકસ્માત સહિતના ગંભીર બનાવો સમયે એમ્બ્યુલન્સ હેલ્પલાઈન 108 અને 102 પર સંપર્ક કરીને કોઇકની જિંદગી બચાવી શકાય છે. જિલ્લા હેલ્પલાઈન નંબર +91 79 1077




આ સિવાય જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનો હેલ્પલાઈન નં +91 79 27560511 છે. જ્યાં તમે ઈમરજન્સી કે ડિઝાસ્ટરની પરિસ્થિતીમાં સંપર્ક કરી શકો છો. ઉપરોક્ત તમામ હેલ્પલાઈન નંબરો 24 કલાક કાર્યરત હોય છે. જેને હાથવગા અથવા મોબાઇલમાં સેવ કરી રાખવા હિતાવહ છે. આમ, રોજિંદા જીવનમાં આ હેલ્પલાઈન નંબર ખૂબ ઉપયોગી બની શકે છે. તમામ નાગરિકોએ આ નંબર સાચવીને રાખવા જોઈએ અને તેને આસપાસના સંપર્કોમાં વહેંચવા જોઈએ. જેનાથી જરૂરિયાતના સમયે અન્ય લોકોને પણ તે ઉપયોગી બની શકે.

### ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે ફૂડ વિભાગની ટીમ એલર્ટ

# ભાવનગર મહાપાલિકાના ફૂડ વિભાગે 37 દિવસમાં ખાદ્યપદાર્થના 60 નમુના લીધા

ભાવનગર : ખાદ્યપદાર્થમાં કેટલાક વેપારીઓ દ્વારા ભેળસેળ કરવામાં આવતી હોય છે, જેના કારણે લોકોના આરોગ્યને નુકશાન થતુ હોય છે પરંતુ ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે ભાવનગર મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતી હોય છે, જેના ભાગરૂપે છેલ્લા સવા માસ દરમિયાન મહાપાલિકાના ફૂડ વિભાગની ટીમે ખાદ્યપદાર્થના ૬૦ નમુના લીધા હતા અને આ નમુના તપાસ માટે લેબોરેટીરમાં મોકલ્યા છે. મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકે તે માટે નમુના લેવામાં આવતા હોય છે, જેના ભાગરૂપે છેલ્લા ૩૭ દિવસમાં મહાપાલિકાના ફૂડ વિભાગે જુદી જુદી વેપારી પેઢી તેમજ મધ્યાન ભોજનમાંથી ખાદ્યપદાર્થના ૬૦ નમુના લેવામાં આવ્યા હતા, જેમાં સોમ અને મંગળવાર દરમિયાન મધ્યાન ભોજનની ૧૧ શાળા તેમજ અક્ષયપાત્ર રસોડા વગેરેમાંથી ઘઉં, ચોખા, ચણાદાળ, ચણા, રાંધેલો પદાર્થ વગેરેના ૨૮ નમુના લીધા હતાં. આ ઉપરાંત ફરિયાદના આધારે નિલમબાગ વિસ્તારમાંથી પાઉંભાજી, પનીર સહિતના ખાદ્યપદાર્થના




નમુના લીધા હતાં. ફરિયાદના આધારે ઘોઘાગેટ ચોકમાં આવેલ ગોવિંદ ગોપાલ રેસ્ટોરન્ટમાંથી ખાદ્યપદાર્થના ૭ નમુના લીધા હતાં. શાકમાર્કેટમાં આવેલ મોખડકા મરચાવાળાની પેઢીમાંથી હળદર પાઉડર, ધાણા પાઉડર વગેરેના નમુના લીધા હતાં. આ નમુના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે તેમ મહાપાલિકાના ફૂડ વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવેલ છે.ફૂડ વિભાગે તપાસ હાથ ધરી ખાદ્યપદાર્થના નમુના લેવામાં આવતા ભેળસેળ કરતા કેટલાક વેપારીઓમાં ગભરાટ ફેલાયો છે. કેટલાક વેપારીઓ દ્વારા ખાદ્યપદાર્થમાં ભેળસેળ કરવામાં આવતી હોય છે, જેના કારણે લોકોનુ આરોગ્ય બગડતુ હોય છે ત્યારે આવા વેપારીઓ સામે કડક પગલા લેવા માંગ ઉઠી રહી છે. કોઈ વેપારી દ્વારા ખાદ્યપદાર્થમાં ભેળસેળ કરવામાં આવતી હોય તો લોકોએ પણ ફૂડ વિભાગને જાણ કરવી જરૂરી છે. આગામી દિવસોમાં પણ ફૂડ વિભાગ દ્વારા જુદા જુદા વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

### ભાજપની સરકાર લૂંટવા સિવાય બીજું કાંઈ કરતી નથી : કોંગ્રેસ

# મહાપાલિકામાં ભાજપના ભ્રષ્ટ્રાચારના વિરોધમાં આજે કોંગ્રેસના મૌન ધરણા

ભાવનગર : ભાવનગર મહાપાલિકાની કચેરી ખાતે આવતીકાલે બુધવારે ભાજપના ભ્રષ્ટ્રાચારના વિરોધમાં કોંગ્રેસ કાર્યકરો મૌન ધરણા કરશે. મહાપાલિકામાં સારા રોડ પર રોડ બનાવવો અને બે વાહનમાંથી ડામરની ઘટ મળવાના કિસ્સા બહાર આવતા ભ્રષ્ટ્રાચારના આક્ષેપો થયા છે. ભાવનગરના પ્રજાજનોને ભાજપની સરકાર લૂંટવા સિવાય બીજું કાંઈ કરતી નથી તેમ કોંગ્રેસે જણાવેલ છે. મહાપાલિકાની કચેરી ખાતે આવતીકાલે બુધવારે સાંજે ૫ કલાકે શહેર કોંગ્રેસ દ્વારા મહાપાલિકામાં ભાજપના ભ્રષ્ટ્રાચારના વિરોધમાં મૌન ધરણાનુ આયોજન કરવામાં આવેલ છે. તાજેતરમાં મહાપાલિકામાં બે ગોલમાલના કિસ્સા બહાર આવતા કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવશે. કોંગ્રેસે જણાવેલ છે કે, ભાવનગરના પ્રજાજનોને આ ભાજપની સરકાર લૂંટવા સિવાય બીજું કાંઈ કરતી નથી, તેના બે અણમોલ નમૂના સામે આવ્યાં છે. ભાવનગરના મેયર આનંદનગરમાં રોડનું ખાતમુહૂર્ત કરવા ગયા ત્યારે જોયું કે આ રોડની



સ્થિતિ સારી છે તો અહીં રોડ બનાવવાની જરૂર નથી, માટે તે ખાતમુહૂર્ત કર્યા વિના ઉભા થઈ ગયા હતા અને ખાતમુહૂર્ત ના કર્યુ. ભાવનગરની પ્રજાને આ શાસકો અને કોન્ટ્રાકટરો વારંવાર રોડ ઉપર રોડ બનાવી ગુમરાહ કરી રહ્યા છે અને પ્રજાના પૈસા વેડફી રહ્યા છે. ભાવનગર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની સુચના મુજબ રોડનું કામ થતું હતું ત્યાં મનપાની ટીમે ચેકીંગ ધર્યુ તો પ્લાન્ટમાંથી નીકળેલ ડામરની ગાડીમાં ૩૦૦૦ કિલો ડામર ઓછો નીકળ્યો હતો, આ ડામર ગયો ક્યાં ? તે મોટો પ્રશ્ન છે. વર્ષોથી ભાવનગરના પ્રજાજનોનો પ્રશ્ન નબળા રોડનો છે તે આજ પુરવાર થયું છે. આ ભાજપની સરકારમાં નબળી ગુણવત્તાવાળું કામ કેમ થઈ રહ્યું છે ?, કોન્ટ્રાકટર અને અધિકારીઓ શાસકોને જવાબ પણ આપતા નથી.

### રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમયે સમગ્ર દેશ રામ મય બન્યો

# મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષના હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ દેશના ગૃહમંત્રી અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજકીય નીતી અને મજબૂત સંગઠન શક્તિથી પાર્ટીને મજબૂત કરનાર એવા પેજ સમિતિના પ્રણેતા સી.આર.પાટીલ તેમજ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આજે વિકાસની ગતીએ આગળ વધી રહ્યું છે ત્યારે અન્ય રાજકીય પાર્ટીના કાર્યકરો અને સમાજીક આગેવાનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ રહ્યા છે ત્યારે આજે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે નર્મદા જિલ્લાના પુર્વ ધારાસભ્ય હર્ષદભાઈ વસાવા અને જિલ્લા પંચાયતના સદસ્યઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. આ પ્રસંગે સી.આર.પાટીલએ સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાન



નરેન્દ્રભાઈ મોદી પર વિશ્વાસ રાખી મોટી સંખ્યામાં સૌ કાર્યકર્તાઓ જોડાયા છે તે બદલ અભિનંદન. કોંગ્રેસના સાશનમાં દેશની સ્થિતિ કેવી હતી તે સૌ જાણે છે અને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની તસ્વીર બદલાઇ છે આપણા દેશની સંસ્કૃતિ અને સંસ્કાર સાથે ભારતનો વિકાસ થતો જોઇ વિદેશના નેતાઓનો ભારત દેશ પર વિશ્વાસ વધ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનો યુવાન નિરાશ ન થાય તે દિશામાં કાર્ય કર્યુ છે, મહિલાઓ માટે લોકસભા અને વિધાનસભામાં 33 ટકા અનામત આપાવ્યું છે. મહિલાઓ આર્થિક રીતે મજબૂત થાય તે દિશામાં કામ કરવામાં આવ્યું. દેશનો ખેડૂત લાચાર ન રહે તે માટે કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખાતામાં સિધા રૂપિયા જમા કરવામાં આવે છે. મોદી સાહેબે દેશના ખેડૂતોની આવક વધે તે માટે સંકલ્પ કર્યો છે તે દિશામાં પગલા પણ લેવામાં આવી રહ્યા છે. પાટીલએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક વ્યકિત પાસે પોતાનું પાકુ ઘર હોય તે દિશામાં કામ કરી રહ્યા છે.

# ધોલેરા તાલુકાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ 26 ફેબ્રુઆરીએ યોજાશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મામલતદાર ધોલેરાની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ધોલેરા તાલુકાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૧/૦૨/૨૦૨૪ને બુધવાર ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે મામલતદાર કચેરી, ધોલેરા ખાતે નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) અમદાવાદના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાએ નિર્ણય લઇ શકાય તેવા પ્રશ્નોની લેખિત રજૂઆત અરજદારએ તા. ૧૦/૦૨/૨૦૨૪ સુધીમાં મામલતદાર કચેરી,ધોલેરા ખાતે મોકલી આપવાની રહેશે. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતાં પહેલા કોઈ પણ અરજદારે ગ્રામ્ય કક્ષાએ પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત, તલાટી-કમ-મંત્રી, ગ્રામ સેવકને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તેનો નિકાલ થયો ન હોય તો જ અરજી કરી શકાશે. તાલુકા કક્ષાએ પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજૂઆત કરેલી હોવી જોઇએ અને તેનો નિકાલ થયેલ ન હોય તો અરજી કરી શકશે. આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ નિર્ણય લઇ શકાય તેવા પ્રશ્નો હોવા જોઇએ. આ કાર્યક્રમમાં અરજદાર પોતે રૂબરૂ પોતાના પ્રશ્નોના જરૂરી આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે. આધાર વગરની અરજી ન હોવી જોઇએ. આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે. સામૂહિક બાબતની રજુઆત કરી શકાશે નહી. આ કાર્યક્રમમાં સર્વિસ મેટર તથા નીતિ વિષયક બાબતો સિવાયની અરજીઓ સ્વીકારવામાં આવશે એવું મામલતદાર ધોલેરાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

### માત્ર નાના દબાણ દુર કરવાની કામગીરી યથાવત, વેપારીઓમાં રોષ

# ભાવનગર મહાપાલિકાએ 25 થી વધુ ગેરકાયદે દબાણ હટાવ્યા

ભાવનગર : ભાવનગર મનપાએ આજે મંગળવારે ૨૫થી વધુ ગેરકાયદે દબાણ હટાવ્યા હતાં. શહેરના પાનવાડી, રૂપાણી સર્કલ, સરદારનગર, નવાપરા સહિતના વિસ્તારમાંથી લારી-ગલ્લાના દબાણ દુર કર્યા હતા અને કેબિન સહિતનો સામાન જપ્ત કર્યો હતો. ટ્રાફિકને અડચણરૂપ ગાડીને લોક કરી દંડ વસુલ્યો હતો. માત્ર નાના દબાણ મનપા દ્વારા દુર કરવાની કામગીરી યથાવત છે તેથી નાના વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.



મહાપાલિકાના એસ્ટેટ વિભાગની સુચના અનુસાર આજે મંગળવારે દબાણ હટાવ સેલની ટીમે ૨૫થી વધુ ગેરકાયદે દબાણ દુર કરી કેટલોક સામાન જપ્ત કર્યો હતો, જેમાં વડવા (અ), બહુચરમાના મંદિરથી પાનવાડી તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રૂટ પરથી અસ્થાયી પ્રકારના દબાણ દુર કર્યા હતા તેમજ ૦૬ લારી, ૦૫ કાઉન્ટર, ૦૧ લોખંડનો પલંગ તથા અન્ય સમાન જપ્ત કર્યો હતો. આ ઉપરાંત ટ્રાફિકને અડચણરૂપ પાર્ક કરેલ ૦૧ વાહનને લોક મારી રૂ. ૧,૦૦૦/- નો દંડ વસુલ કર્યો છે. રૂપાણી સર્કલ, થીઓ સોફીકલ સોસાયટીની દિવાલ પાસેથી ૦૨ કેબિન જપ્ત કરી હતી. સરદારનગર, ગુરૂકુળ પાસેથી અસ્થાયી પ્રકારના દબાણ દુર કર્યા હતા તેમજ ૦૧ કાઉન્ટર, ૦૧ ટેબલ, ૦૪ પ્લાસ્ટિકનાં ટેબલ અને વગર મંજુરીએ લગાડેલ ૦૧ બોર્ડ જપ્ત કર્યુ હતું. રાજકોટ રોડ પરથી અસ્થાયી પ્રકારના દબાણ દુર કર્યા હતા તેમજ ૦૨ કેરેટ અને ૦૧ લારી વગેરે સામાન કર્યો હતો. નવાપરામાંથી અસ્થાયી પ્રકારના દબાણ દુર કર્યા હતા અને ૦૧ કેબિન જપ્ત કરી હતી તેમજ ૦૨ શેડ દુર કર્યા હતાં. નાના દબાણ સાથે મોટા દબાણ પણ હટાવવા માંગ ઉઠી રહી છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાની બેઠક મેયરના અધ્યક્ષ સ્થાને પંડિત દિનદયાળ ભવન ખાતે યોજવમાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાની બેઠક મેયરના અધ્યક્ષ સ્થાને પંડિત દિનદયાળ ભવન, ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મળી હતી. સભાની શરૂઆત વંદે માતરમના ગાનથી થઈ હતી. ત્યારબાદ પ્રભુ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવીને કરોડો દેશવાસીઓની આસ્થા અને શ્રદ્ધાને વધુ બળવત્તર કરવા બદલ માન. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવતો ઠરાવ સહિતના વિવિધ કામોને સર્વાનુમતે બહાલી આપીને મંજૂર કરવામાં આવ્યા હતા. મેયર એ જણાવ્યું હતું કે આ વિવિધ કાર્યોથી કચેરીના કાર્યોમાં સરળતા આવશે અને વિકાસના કાર્યોથી લોકોની સુવિધા તેમજ સુખાકારીમાં વધારો થશે.

### દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના યોજના હેઠળ 28 લાભાર્થીઓને રૂ. 21.70 લાખથી વધુની સહાય ચૂકવાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ |વિધાનસભા ગૃહ ખાતે ડેરી ફાર્મ સ્થાપના યોજના અંગે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનના સંકલ્પને સિદ્ધ કરવા માટે ગ્રામ્ય કક્ષાએ ખેતી સાથે પૂરક રોજગારીની તકો ઉભી થાય તે ખૂબ જ જરૂરી છે. પશુપાલનને વ્યવસાય તરીકે સ્વીકારી પશુપાલન કરવા માંગતા લોકોને આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના અમલમાં મૂકાઇ છે. મંત્રી પટેલે વિગતો આપતા ઉમેર્યુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર દ્વારા આ યોજનાને અવિરત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સ્વરોજગારીના હેતુસર આ યોજના હેઠળ કુલ ૨૮ અરજીઓ મંજૂર કરાઇ હતી, અને લાભાર્થીઓને આશરે રૂ. ૨૧.૭૦ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. તેમણે કહ્યું કે, ગીર અને કાંકરેજ ગાયોના સંવર્ધનને પ્રોત્સાહન આપવા દેશી ગાયોના ડેરી ફાર્મની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા વિશિષ્ટ સહાય પણ આપવામાં આવે છે.

# વિ.સભા ખાતે રાજયપાલના સંબોધન માટે છેલ્લા દિવસે આભાર પ્રસ્તાવ માં સહભાગી થતાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભા ખાતે રાજયપાલના સંબોધન માટે ના આભાર પ્રસ્તાવ સંદર્ભે છેલ્લા દિવસે આભાર વ્યકત કરતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, રાજયપાલના પ્રવચનમાં રાજ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે સર્વ સમાવેશક વિકાસની ઝલકનો સમાવેશ કર્યો છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી રાજ્યના છેવાડાના વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોના જીવનમાં આર્થિક ઉન્નતિ તેમજ જીવન ધોરણની ગુણવત્તા સુધારવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકિય સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો થયો છે. ગુજરાતની જનતાએ મુકેલા વિશ્વાસને વધુ વ્યાપકપણે સાકાર કરવાં અમે બમણી મહેનતથી જનસેવા કરી રહ્યા છીએ અને કરીશું. મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતનું ગૌરવ, પ્રખર રાષ્ટ્રભક્ત, નિડર, સામાજિક સમરસતાના હિમાયતી, વહીવટી કુશળતા ધરાવતા, યુવાનોના પ્રેરણાસ્ત્રોત, મા ભારતીના સપૂત એવા નરેન્દ્રભાઈ મોદીએ ભારતને દુનિયાના નક્શા પર અલગ ઓળખ અપાવી વિશ્વમાં ગૌરવ અપાવ્યુ છે. મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે. આજે ગુજરાત ઉદ્યોગ, શિક્ષણ, કૃષિક્ષેત્રે, મહિલાઓના કલ્યાણ, આરોગ્ય, યુવાનો, ગરીબો, ખેડૂતો, બાળકો, આમ સર્વ ક્ષેત્રમાં ગુજરાત વિકાસનું રોલ-મોડલ બન્યુ છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, છેવાડાના અંતિમ પગથિયે બેઠેલો વ્યકિત અમારૂ પ્રથમ લક્ષ્ય છે. વિકાસએ ગુજરાતની તાસીર રહી છે. છેલ્લા બે દાયકામાં અમારી સરકારે પ્રજાજનોનો વિશ્વાસ જીત્યો છે. આપત્તિઓને અવસરમાં પલટાવવાનું સામથર્ય ગુજરાતના મિજાજમાં છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, સરળ અને સૌમ્ય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંવેદનાસભર ત્વરિત પગલાં લઈને વંચિતો, મહિલાઓ, બાળકોની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના એક પછી એક નક્કર કાર્યો હાથ ધર્યા છે. આજે ગુજરાત “આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત” ના સૂત્ર સાથે વિકાસને તેજ ગતિથી આગળ વધારી રહયુ છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે, છેવાડાનો માનવી પણ પોતાનાં ઘરની છત્રછાયા હેઠળ શાંતિ, સલામતી અને સુરક્ષા મેળવીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતે વિકસિત ભારત @ ૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલાં લીધાં છે. ૨૦૪૭માં આઝાદીની એક સદી તરફ આપણે જયારે જઈ રહ્યા છીએ ત્યારે આપણું ભારત સંપુર્ણ વિકસિત ભારત બને એ દિશામાં આપણી સરકાર કામ કરી રહી છે. વાઈબ્રન્ટ ગુજરાતની વાત કરતા મંત્રી એ જણાવ્યું હતું કે, એક સમયે ૨૦૦૩માં પ્રથમવાર સાયન્સસીટી અમદાવાદ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજાઈ હતી, ત્યારે ગુજરાતને વિકાસ તરફ આગળ વધારવા વિશ્વના ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ કરવાનું આમંત્રણ અપાયું હતું. વિશ્વના અનેક દેશો ગુજરાતમાં મુડીરોકાણ કરી રહ્યા છે જેના થકી આજે વાઈબ્રન્ટ એક વિશાળ વટ વૃક્ષ બન્યુ છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત આ દેશની આઝાદીમાં અનેક વીર શહીદો એ પોતાના જીવની આહુતી આપી છે એ વીર શહીદોની યાદમાં ગામડે - ગામડે શીલાફલકમ બનાવવામાં આવી. મંત્રીએ જણાવ્યું હતું કે, આવનારી પેઢીમાં માતૃભૂમિનું ગૌરવ રહે આપણા વીરશહીદોની યાદ આપણા વારસામાં રહે અને દેશભક્તિની ખુમારી દરેક પ્રજામાં રહે તે માટે આ કાર્યમાં પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા અને દિલ્હીમાં ‘અમૃત વાટિકા’ બનાવવા માટે ૭ હજાર ૫૦૦ કળશમાં દેશના ખૂણે-ખૂણેથી માટી વહન કરીને ‘અમૃત કલશ યાત્રા’ કાઢવામાં આવી હતી. આ ‘અમૃત વાટિકા’ ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

### મોટી સંખ્યામાં અરજદારોએ લાભ લીધો

# ગાંધીનગર મ.પા. દ્વારા સંતોષી માતાના મંદિર, સેક્ટર-25થી “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” નો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિકસિત ભારતની સંકલ્પના સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દેશમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો તા. ૦૬ ફેબ્રુઆરીથી પ્રારંભ કરાયો છે. જેના ભાગરૂપે આજ રોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં - ૧, સંતોષી માતાના મંદિર, સેક્ટર-૨૫થી તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સરકારની જનકલ્યાણની યોજનાઓ આધાર અપડેશન,૧૮ વર્ષથી નીચેના નવા એનરોલમેન્ટ, આયુષ્યમાન ભારત કાર્ડ (PMJAY), આભા કાર્ડ, ઉજ્જવલા યોજના, ઈ-શ્રમ કાર્ડ,



વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આરોગ્ય ચેકઅપ(બી. પી.,ડાયાબિટીસ, પેડ વિતરણ, થેલેસેમિયા ટેસ્ટ, હાર્ટ હેલ્થ ચેકઅપ (ઈ.સી.જી.), માય ભારત સ્વયં સેવક નોંધણી, પી.એમ. સ્વનિધિ યોજના(લારી ગલ્લા માટે લોન), પી.એમ.વિશ્વકર્મા યોજના, મુદ્રા લોન યોજના, આવકનો દાખલો, રાશન કાર્ડની માહિતી આપવામાં આવશે આ ઉપરાંત આરોગ્ય શિબિરોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. દેશમાં વધતા જતા હાર્ટ એટેક્ને જોતા આ કાર્યક્રમમાં ખાસ નાગરિકો માટે ઈ.સી.જી મશીન થકી ચેકઅપની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ યાત્રાના પ્રસ્થાન પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, દંડકશ્રી શ્રીમતી તેજલબેન નાયી, કોર્પોરેટરશ્રીઓ નટવરજી ઠાકોર, રાકેશકુમાર પટેલ, અંજનાબેન મહેતા, મીનાબેન મકવાણા અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા યોજનાના લાભાર્થીઓને કીટ અર્પણ કરવામાં આવી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે.



**વૃષભ (બ,વ,ઉ)**

લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.



**મિથુન (ક,છ,ઘ)**

આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.



**કર્ક (ડ,હ)**

તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો.



**સિંહ (મ,ટ)**

આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.



**કન્યા (પ,ઠ,ણ)**

સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.



**તુલા (ર,ત)**

આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા છોડી શકો છો.



**વૃશ્ચિક (ન,ય)**

મિત્રો અને પ્રિયજનો માટે ચિંતા કરી શકો છો. કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને કિંમતી સમય બગાડો છો.



**ધન (ભ,ધ,ફ)**

તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો. વિદ્યાર્થીઓના અભ્યાસમાં થોડી મુશ્કેલીઓ આવી શકે.



**મકર (ખ,જ)**

આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**

આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો.



**મીન (દ,ચ,ઝ,થ)**

કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

# JSFB સહિત ત્રણ IPOમાં રોકાણ કરવાની તક...




## 9મી ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે, 14મી ફેબ્રુઆરીએ માર્કેટમાં લિસ્ટ થશે

મુંબઈ | 7મી ફેબ્રુઆરીથી 3 IPO એટલે કે પ્રારંભિક પબ્લિક ઑફરિંગ્સ ખુલી રહી છે. જના સ્મોલ ફાઈનાન્સ બેન્ક (JSFB), રાશી પેરિફેરલ્સ લિમિટેડ અને કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેન્ક તેમના IPO સાથે આવી રહી છે. રિટેલ રોકાણકારો આ ત્રણ IPOમાં 9 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકે છે. ત્રણેય કંપનીઓના શેર 14 ફેબ્રુઆરીએ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.

### જના સ્મોલ ફાઇનાન્સ બેંક

આ IPOની પ્રાઈસ બેન્ડ શેર દીઠ 393 - 414 રાખવામાં આવી છે. કંપની આ ઈસ્યુ દ્વારા 570 કરોડ એકત્ર કરવા માગે છે. રિટેલ રોકાણકારો આ IPOમાં ન્યૂનતમ 14,904નું રોકાણ કરી શકે છે, આ માટે તમારે 414ના અપર પ્રાઈસ બેન્ડ મુજબ ઓછામાં ઓછા 1 લોટ એટલે કે 36 શેર માટે અરજી કરવી પડશે. મહત્તમ રોકાણ માટે, તમે 13 લોટ એટલે કે 468 શેર માટે બિડ કરી શકો છો, જેના માટે 193,752 નું રોકાણ કરવું પડશે.
જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 2006 માં સ્થપાયેલ, એક નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની છે જે મુખ્યત્વે MSME લોન, સસ્તું હોમ લોન, NBFCs ને ટર્મ લોન, ફિક્સ્ડ ડિપોઝિટ સામે લોન, 2 વ્હીલર માટે લોન અને ગોલ્ડ લોન ઓફર કરે છે.

### રાશી પેરિફેરલ્સ લિમિટેડ

રાશી પેરિફેરલ્સ IPOની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 295 - 311 રાખવામાં આવી છે. કંપની આ ઈસ્યુ દ્વારા 600 કરોડ એકત્ર કરવા માગે છે. રિટેલ રોકાણકારો આ IPOમાં ઓછામાં ઓછા 14,928નું રોકાણ કરી શકે છે. આ માટે, તમારે 311ના ઉપલા પ્રાઈસ બેન્ડ અનુસાર ન્યૂનતમ 1 લોટ એટલે કે 48 શેર માટે અરજી કરવી પડશે. મહત્તમ રોકાણ માટે, તમે 13 લોટ એટલે કે 624 શેર માટે બિડ કરી શકો છો, જેના માટે 194,064નું રોકાણ કરવું પડશે.
રાશી પેરિફેરલ્સ કંપની વૈશ્વિક ટેકનોલોજી બ્રાન્ડ્સની રાષ્ટ્રીય વિતરણ ભાગીદાર છે. કંપનીની સ્થાપના 1989 માં કરવામાં આવી હતી. તે વૈશ્વિક બ્રાન્ડ્સની માહિતી અને સંચાર તકનીકનું વિતરણ કરે છે.

### કેપિટલ સ્મોલ ફાઇનાન્સ બેંક

આ IPOની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 445-468 રાખવામાં આવી છે. કંપની આ ઈસ્યુ દ્વારા 523.07 કરોડ એકત્ર કરવા માગે છે. રિટેલ રોકાણકારો આ IPOમાં ન્યૂનતમ 14,976નું રોકાણ કરી શકે છે, આ માટે તમારે 468ના અપર પ્રાઈસ બેન્ડ મુજબ ઓછામાં ઓછા 1 લોટ એટલે કે 32 શેર માટે અરજી કરવી પડશે. મહત્તમ રોકાણ માટે, તમે 13 લોટ એટલે કે 416 શેર માટે બિડ કરી શકો છો, જેના માટે 194,688નું રોકાણ કરવું પડશે.
કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1999માં સ્થપાયેલ, એક નાની ફાઈનાન્સ બેંક છે. કંપની શાખા આધારિત ઓપરેટિંગ મોડલ સાથે અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં મજબૂત હાજરી ધરાવે છે. કંપની મધ્યમ વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરીને બેંકિંગ સેવાઓ પૂરી પાડે છે. તેનું મુખ્ય મથક જલંધર, પંજાબમાં છે. કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંકની 30 જૂન, 2023 સુધીમાં કુલ 172 શાખાઓ અને 174 ATM સાથે પાંચ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં હાજરી છે.

# ચીનમાંથી પાછા ખેંચાઈ રહેલા મોટાભાગના નાણાં ભારતીય બજાર તરફ વળી રહ્યાના સંકેત

મુંબઈ | બે દાયકા સુધી ચીનના અર્થતંત્ર પર વિશ્વાસ કરી જંગી મૂડીનું રોકાણ કર્યા બાદ વૈશ્વિક રોકાણકારો હાલમાં ડામાડોળ થઈ રહેલી ચીનની બજારમાંથી અબજો ડોલર પાછા ખેચી રહ્યા છે. અમેરિકામાં કાર્યરત ભારત તરફી ફન્ડમાં રેકોર્ડ ઈન્ફલોઝ જોવા મળ્યો છે.વૈશ્વિક રોકાણકારો દ્વારા ચીનમાંથી પાછા ખેંચાઈ રહેલા રોકાણમાંથી મોટાભાગનો હિસ્સો ભારતીય બજાર તરફ વળી રહ્યાનું પણ પ્રાપ્ત અહેવાલો સંકેત આપી રહ્યા છે. ગોલ્ડમેન સાક્સ તથા મોર્ગન સ્ટેન્લી જેવા વોલ સ્ટ્રીટના મોટા ફન્ડ હાઉસો આગામી એક દાયકા માટે ભારતને ઈન્વેસ્ટમેન્ટસના મુખ્ય મથક તરીકે જોઈ રહ્યા છે. જાપાનના રિટેલ રોકાણકારો ચીનની બજારને જાકારો આપી રહ્યા હોવાના ગયા સપ્તાહના અહેવાલ બાદ હવે અમેરિકાના ફન્ડ હાઉસો પણ ચીનમાંથી પોતાના રોકાણ ભારત તરફ વાળી રહ્યા હોવાના અહેવાલથી ભારતીય બજારોનું સેન્ટિમેન્ટ મજબૂત બનવાની શકયતા નકારાતી નથી. એશિયાની બે મહાકાય સત્તા ભારત તથા ચીનમાં હાલમાં વિરોધાભાષી સ્થિતિ પર વૈશ્વિક રોકાણકારો



બારીકાઈથી નજર રાખી રહ્યા છે.
અમેરિકામાં કાર્યરત એકસચેન્જ ટ્રેડેડ ફન્ડ જે ભારતીય ઈક્વિટીઝમાં રોકાણ કરી રહ્યું છે તેમને ૨૦૨૩ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં રેકોર્ડ ઈન્ફલોઝ જોવા મળ્યો છે જ્યારે બીજી બાજુ ચીનની ઈક્વિટીઝ કેન્દ્રીત ચાર ફન્ડોમાં એકત્રિત રીતે ૮૦ કરોડ ડોલરનો આઉટફલોઝ જોવા મળ્યો હોવાનું પણ પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયું હતું.
વૈશ્વિક મૂડીને ભારત તરફ વાળવા હાલની સરકારે રોકાણકારો માટે અનેક સુવિધાઓ પૂરી પાડી છે જ્યારે ચીનઆર્થિક ચિંતાઓથી ઘેરાયેલું છે એટલું જ નહીં પશ્ચિમી દેશો સાથે તેના મતભેદો વધતા જાય છે. ભારતના આર્થિક વિકાસ દરની ગતિ તથા તેના શેરબજારનું મૂલ્ય એકબીજા સાથે નજદીકથી સંકળાયેલા છે તેમ અગાઉના અનુભવો જણાવી રહ્યા છે.
ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા જળવાઈ રહેશે તો શેરબજારનું કદ પણ આજ દરે વધતુ રહેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. છેલ્લા બે દાયકામાં ભારતનો આર્થિક વિકાસ દર અને માર્કેટ કેપ સમાંતર રીતે વધ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે તે જાન્યુઆરીના મધ્યમાં ભારત હોંગકોંગને પાછળ મૂકી વિશ્વની ચોથી મોટી ઈક્વિટી બજાર બની હતી.

# Q3FY24માં ચોખ્ખો નફો 54% વધીને 2,442 કરોડ થયો, આવક 5.8% વધી

## ભારતી એરટેલના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર




મુંબઈ | ટેલિકોમ કંપની ભારતી એરટેલે નાણાકીય વર્ષ 2023-24ના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર)ના પરિણામો આજે એટલે કે સોમવારે (5 ફેબ્રુઆરી) જાહેર કર્યા છે. Q3FY24માં કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 54% વધીને રૂ. 2,442.2 કરોડ થયો હતો. કંપનીએ ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 1,588.2 કરોડનો એકીકૃત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. Q3માં કામગીરીથી કંપનીની એકીકૃત આવક પણ વાર્ષિક ધોરણે 5.8% વધીને રૂ. 37,899.5 કરોડ થઈ છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં તે રૂ. 35,804.4 કરોડ હતો. ત્રીજા ક્વાર્ટર દરમિયાન એરટેલની ભારતની આવક વાર્ષિક ધોરણે 11.4% વધીને રૂ. 27,811 કરોડ થઈ છે. એરટેલની દેશમાં વપરાશકર્તા દીઠ સરેરાશ આવક (ARPU) એક વર્ષ અગાઉ રૂ. 193થી વધીને રૂ. 208 થઈ ગઈ છે.
ડિસેમ્બર ક્વાર્ટરમાં ભારતી એરટેલનો કોન્સોલિડેટેડ ઓપરેટિંગ પ્રોફિટ અથવા EBITDA વાર્ષિક ધોરણે 1.2% વધીને રૂ. 20,044 કરોડ થયો છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીનું EBITDA માર્જિન 52.9% હતું.

## વર્ષ 2023ના ત્રીજા ક્વાર્ટરની તુલનાએ ચોથા ક્વાર્ટર દરમિયાન વપરાશમાં આંશિક ઘટાડો થયો

# FMCG ઇન્ડસ્ટ્રીએ 6.4%ની વોલ્યૂમ વૃદ્ધિ નોંધાવી: નિલ્સનાQ



નવી દિલ્હી | દેશમાં ઑક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વપરાશમાં વધારા સાથે FMCG ઈન્ડસ્ટ્રીના વોલ્યૂમમાં 6.4%ની વૃદ્ધિ નોંધાઈ હતી. રિપોર્ટમાં વર્ષ 2023માં પ્રથમવાર ગ્રામીણ અને શહેરી માર્કેટ વચ્ચે વપરાશના અંતરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.
ઉચ્ચ વોલ્યૂમ તેમજ ગ્રામીણ માર્કેટમાં રિકવરીને કારણે FMCG ઈન્ડસ્ટ્રી વેલ્યૂની દૃષ્ટિએ 6%નો આર્થિક વૃદ્ધિદર નોંધાવવામાં સફળ રહી હતી. વર્ષ 2024 દરમિયાન સેક્ટરની મજબૂતાઇ તેમજ ભારતીય અર્થતંત્રના જોરે દેશની એફએમસીજી ઈન્ડસ્ટ્રી 4.5% થી 6.5%ની વચ્ચે વૃદ્ધિ નોંધાવશે. જો કે, ક્રમિક રીતે સપ્ટેમ્બર ક્વાર્ટરની તુલનાએ FMCG સેક્ટરમાં ઘટાડાને કારણે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં વોલ્યૂમ ગ્રોથમાં ઘટાડો થયો હતો. એફએમસીજી અનુસાર ગ્રામીણ વિસ્તારમાં, વોલ્યૂમ ગ્રોથમાં ક્રમિક રીતે મંદી છે. વર્ષ 2023ના ત્રીજા ક્વાર્ટરની તુલનાએ ચોથા ક્વાર્ટર દરમિયાન વપરાશમાં આંશિક ઘટાડો થયો હતો. જો કે, શહેરી માર્કેટમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે. ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન, FMCG ઈન્ડસ્ટ્રીમાં વાર્ષિક સ્તરે વપરાશમાં 6.8%ની વૃદ્ધિ જોવા મળી હતી જ્યારે ગ્રામીણ માર્કેટમાં વપરાશનો દર 5.8% રહ્યો હતો.

**પરંપરાગત માધ્યમથી વેચાણમાં ઘટાડો:** ચોથા ક્વાર્ટર દરમિયાન પરપંરાગત માધ્યમથી વપરાશનો વૃદ્ધિદર ઘટીને 5.3% રહ્યો હતો, જે વર્ષ 2023ના ત્રીજા ક્વાર્ટર દરમિયાન 7.5% રહ્યો હતો. શહેરી માર્કેટમાં પેકનું સરેરાશ કદ સકારાત્મક રહ્યું હતું જો કે બીજી તરફ મોટા પેકેટ્સને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ગ્રામીણ વિસ્તારોમાં રિકવરીનો અવકાશ છે. ચોથા ક્વાર્ટરમાં ફૂડ કેટેગરીનું પ્રદર્શન ઉત્કૃષ્ટ રહ્યું હતું.

# એન્ટેરો હેલ્થકેર સોલ્યુશન્સ લિમિટેડનો આઈપીઓ શુક્રવાર, 9 ફેબ્રુઆરી, 2024ના રોજ ખૂલશે

નવી દિલ્હી | એન્ટેરો હેલ્થકેર સોલ્યુશન્સ લિમિટેડ ("કંપની") શુક્રવાર, ફેબ્રુઆરી 09, 2024ના રોજ તેનો પબ્લિક ઈશ્યૂ ("ઓફર") ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ મંગળવાર, 13 ફેબ્રુઆરી, 2024 છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખૂલવાની તારીખના કામના એક દિવસ પહેલા એટલે કે ગુરૂવાર, ફેબ્રુઆરી 08, 2024 છે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ પ્રત્યેક ઈક્વિટી શેર દીઠ રૂ. 1195થી રૂ. 1258 રાખવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ 11 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 11 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં રૂ. 10,000 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને 47,69,475 સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર ("ઓફર કરાયેલા શેર") જેમાં પ્રભાત અગ્રવાલ દ્વારા 4,70,210 સુધીના ઈક્વિટી શેર્સ, પ્રેમ સેઠી દ્વારા 3,13,472 સુધીના ઈક્વિટી શેર્સ, ઓર્બીમેડ એશિયા થ્રી મોરિશિયસ લિમિટેડ દ્વારા 38,15,580 સુધીના ઈક્વિટી શેર્સ, ચેતન એમ.પી.




દ્વારા 4,401 સુધીના ઈક્વિટી શેર્સ, દીપેશ ટી. ગાલા દ્વારા 1,320 સુધીના ઈક્વિટી શેર્સ, હેમંત જોશ બેરોસ દ્વારા 8,802 સુધીના ઈક્વિટી શેર્સ, હેમંત જગ્ગી દ્વારા 4,401 સુધીના ઈક્વિટી શેર્સ, કે.આર.વી.એસ. વરાપ્રસાદ દ્વારા 2,201 સુધીના ઈક્વિટી શેર્સ, કે.ઈ. પ્રકાશ દ્વારા 39,610 સુધીના ઈક્વિટી શેર્સ, લાવુ સહદેવ દ્વારા 1,320 સુધીના ઈક્વિટી શેર્સ, મનોજ કે સંઘાણી દ્વારા 12,103 સુધીના ઈક્વિટી શેર્સ, મિલેનિયમ મેડિકેર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 8,802 સુધીના ઈક્વિટી શેર્સ, કે. નવીન કુમાર ગુપ્તા દ્વારા 2,201 સુધીના ઈક્વિટી શેર્સ, નોવાકેર ડ્રગ સ્પેશિયાલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 42,250 સુધીના ઈક્વિટી શેર્સ, પેટ્રોસ ડાયમેન્ટાઈડ્સ દ્વારા 15,074 સુધીના ઈક્વિટી શેર્સ, પ્રશાંત રવિન્દ્રકુમાર દ્વારા 13,203 સુધીના ઈક્વિટી શેર્સ, સુરજ પ્રકાશ અતરેજા દ્વારા 1,102 સુધીના ઈક્વિટી શેર્સ, વેંકટ રામન શિવ કુમાર યનમાદલા દ્વારા 1,320 સુધીના ઈક્વિટી શેર્સ અને વિક્રમાદિત્ય આમ્બ્રે દ્વારા 12,103 સુધીના ઈક્વિટી શેર્સ (સંયુક્તપણે "વેચાણકર્તા શેરધારકો") ("વેચાણ માટેની ઓફર" અને ફ્રેશ ઈશ્યૂ સાથે, "ઓફર").

# જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડે ઇક્વિટી શેર દીઠ રૂ. 414ના અપર પ્રાઇઝ બેન્ડ

જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે પ્રત્યેક ઈક્વિટી શેર દીઠ રૂ. 10ની ફેસ વેલ્યુ સાથે ઈક્વિટી શેર દીઠ રૂ. 414ના અપર પ્રાઈઝ બેન્ડ પર 40,32,588 ઈક્વિટી શેર ફાળવણી કર્યા છે નોન એન્કર ઓફર બુધવાર, 7 ફેબ્રુઆરી, 2024થી શુક્રવાર, 9 ફેબ્રુઆરી, 2024 સુધી ખુલશે પ્રાઈઝ બેન્ડ શેરદીઠ રૂ. 393થી રૂ. 414 છે લઘુતમ બિડ 36 શેર્સ અને ત્યારબાદ તેના ગુણાંકમાં કરી શકાશે એન્કર બુક લિંક https://www.bseindia.com/markets/MarketInfo/DispNewNoticesCirculars.aspx?page=20240206-49 જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે પ્રત્યેક શેર દીઠ રૂ. 10ની ફેસ વેલ્યુ સાથે ઈક્વિટી શેર દીઠ રૂ. 414ના અપર પ્રાઈઝ બેન્ડ (જેમાં ઈક્વિટી શેર દીઠ રૂ. 404નું પ્રિમિયમ સમાવિષ્ટ છે) પર કંપનીના સૂચિત આઈપીઓ પૂર્વે 17 એન્કર ઈન્વેસ્ટર્સને 40,32,588 ઈક્વિટી શેર ફાળવ્યા છે અને રૂ. 166.95 કરોડ એકત્રિત કર્યા છે. એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટ (NXST)એ અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક ભાડાપટ્ટે વેચાણ અને ઓક્યુપન્સી નોંધાવી; ગાઈડન્સ સાથે FY24 Q3 માટે યુનિટ દીઠ રૂ.2 ફાળવવાની જાહેરાત કરી

### બિઝનેસ હાઇલાઇટ (Q3 FY24)

ત્રીજા ત્રિમાસિકમાં રૂ. 33 અબજના ભાડાપટ્ટે વેચાણ સાથે અત્યારસુધીનું શ્રેષ્ઠ નાણાકીય પ્રદર્શન અને મજબૂત કામગીરી દર્શાવી છે. (8% YoY વૃદ્ધિ)

Q3 FY24 દરમિયાન 152 સોદામાં 0.25 મિલિયન ચોરસફૂટ વિસ્તાર ભાડેપટ્ટે આપી અત્યારસુધીની સૌથી વધુ 97.3% રિટેલ ઓક્યુપન્સી હાંસલ કરી છે, જે ડિસેમ્બર 2022ની સરખામણીમાં 110 bps વધી છે.

રૂ. 4185 મિલિયન (14% YoY વૃદ્ધિ)ના NOI સાથે ચાલુ નાણાકીય વર્ષની ગાઈડન્સ હાંસિલ કરવાના ટ્રેક પર

કંપનીએ રૂ. 9500 મિલિયનનું દેવુ 8.1% પર પુનઃધિરાણ કર્યું, (જે અગાઉના સરેરાશ દેવા ખર્ચ 9.3 ટકાના પુનઃધિરાણની તુલનાએ) પરિણામે વાર્ષિક રૂ. 115 મિલિયનની બચત થશે.

14%ના નીચા LTV, 8.2%ની આકર્ષક ડેટ કોસ્ટ, AAA/ સ્થિર રેટિંગ અને નજીકના ગાળાના ડેટ પરિપક્વ થવાની સાથે મજબૂત બેલેન્સ શીટ જાળવી રાખી

મુંબઈ : દેશનું પ્રથમ લિસ્ટેડ REIT રિટેલ નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટે (NSE: NXST/BSE: 543913) આજે 31 ડિસેમ્બર, 2023ના રોજ પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિક માટે મજબૂત પરિણામો જાહેર કર્યા છે.

રેગ્યુલેટરી મંજૂરીઓ મેળવ્યા બાદ કંપનીનું પ્રથમ એક્વિઝિશનની તમામ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થવાના માર્ગે

નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર દિલિપ સેહગલે જણાવ્યું હતું કે, "છેલ્લા બે ત્રિમાસિકના વેગને જાળવી રાખતાં અમે અત્યાર સુધીના સૌથી વધુ ત્રિમાસિક ભાડેપટ્ટે વેચાણ સાથે વધુ એક મજબૂત કામગીરી નોંધાવવા બદલ ખુશ છીએ. ત્રિમાસિક દરમિયાન, અમે 0.25 મિલિયન ચોરસ ફૂટ ભાડેપટ્ટે આપી 97.3%ની અમારી અત્યાર સુધીની સૌથી વધુ રિટેલ ઓક્યુપન્સી હાંસલ કરી છે.

અમારા ભાડાપટ્ટે વેચાણ વાર્ષિક ધોરણે 8 ટકા વધ્યા છે. અમારી ચોખ્ખી કામગીરીમાંથી આવક 14% વધી છે અને અમે FY24 માટે અમારા ગાઈડન્સને હાંસલ કરવાના ટ્રેક પર છીએ. આ મજબૂત ઓપરેટિંગ અને નાણાકીય કામગીરીની પગલે, અમે Q3 FY24 માટે 100% ચૂકવણીને આધારે યુનિટ દીઠ રોકાણકારોને રૂ. 2 ફાળવવાના નિર્ણય સાથે રૂ. 3,030 મિલિયનનું બીજું વિતરણ જાહેર કરવા બદલ ઉત્સુક છીએ. ત્રણ ગ્રેડ A વપરાશ કેન્દ્રો હસ્તગત કરવા માટે તૈયાર છીએ.

અને રેગ્યુલેટરી મંજૂરીઓ મેળવ્યા બાદ હવે ટૂંકસમયમાં આ પ્રક્રિયા પૂર્ણ થવાની અપેક્ષા છે. અમે અમારા પોર્ટફોલિયોમાં 1,000થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ સાથે મળી ઉત્કૃષ્ટ રિટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતા જારી રાખીએ છીએ.'

# ઝૂમકારે વ્યૂહાત્મક જોડાણમાં કાર હોસ્ટિંગ ક્ષેત્રને પુનઃવ્યાખ્યાયિત કરવા કાર્સ24 સાથે ભાગીદારી કરી

બેંગ્લોર । ઊભરતા બજારોમાં કાર શેરિંગ માટેનું અગ્રણી માર્કેટપ્લેસ જે તાજેતરમાં જ નાસ્ડેક પર લિસ્ટિંગ થનાર ઝૂમકાર અને પ્રી-ઑન્ડ કાર્સ માટે ભારતના અગ્રણી ઓટોટેક પ્લેટફોર્મ કાર્સ24એ તેમની કાર શેરિંગ ઉદ્યોગસાહસિક સફરમાં સ્થાનિક હોસ્ટને સશક્ત બનાવવા માટે હાથ મિલાવ્યા છે. આ વ્યૂહાત્મક ભાગીદારી સાથે ઝૂમકાર તેના હોસ્ટને ફ્લીટના વિસ્તરણમાં અને કારની ખરીદી તથા ફ્લેક્સિબલ ધિરાણ વિકલ્પો પર કાર્સ24 પરથી એક્સક્લુઝિવ ઓફર્સ સાથે કાર શેરિંગથી આવકમાં વધારો કરવામાં મદદ કરશે.

ઝૂમકાર હોસ્ટ હવે કાર્સ24થી પૂર્વ-નિરીક્ષણવાળી અને સર્ટિફાઇડ યુઝ્ડ કારની ખરીદી પર રૂ. 20,000 સુધીના વધારાના લાભો સાથે રૂ. 1 લાખ સુધીની નોંધપાત્ર બચતનો લાભ લઈ શકે છે. આ સહયોગ હોસ્ટ માટે કિફાયતી અને વિશ્વસનીય વ્હીકલ્સ માટેની નિર્ણાયક જરૂરિયાતોને સંતોષે છે, તેમને નોંધપાત્ર રીતે ઓછા સીધા મૂડીરોકાણ સાથે તેમના નાના વ્યવસાયની હાજરી વિસ્તારીને તથા તેમની આવકમાં નોંધપાત્ર વધારો કરીને તેમને સશક્ત કરે છે. વપરાયેલી કાર તેની વ્યવહારદક્ષતા અને કિફાયતીપણાના લીધે લોકપ્રિય છે. તે ઝૂમકાર હોસ્ટ માટે ટકાઉ સોલ્યુશન રજૂ કરે છે. આ ભાગીદારી કાર શેરિંગ ઈકોસિસ્ટમમાં પ્રી-ઑન્ડ વ્હીકલ્સને સામેલ કરવાના લાભોને પ્રોત્સાહન આપશે. આ વ્હીકલ્સ ન કેવળ સસ્તા છે પરંતુ પર્યાવરણના જતનમાં પણ યોગદાન આપે છે. ઝૂમકાર હોસ્ટ પાસે કાર્સ24 પર તેમની હાલની કારને સરળતાથી અપગ્રેડ કરવાનો વિકલ્પ પણ હશે અને વધારાના લાભો મેળવશે. ઝૂમકાર એરપોર્ટ્સ અને રેલવે સ્ટેશનો જેવા ટ્રાન્ઝિટ પોઈન્ટ્સ પર પિકઅપ અને ડિલિવરી વિકલ્પો સહિત 45થી વધુ શહેરોમાં લોકલ હોસ્ટ દ્વારા શેર કરેલી કાર ઓફર કરે છે જેમાં વિવિધ કેટેગરીઓ જેમ કે હેચબેક, સેડાન, એમયુવી, એસયુવી, ઈવી અને લક્ઝરી કાર્સનો વ્યાપક પોર્ટફોલિયો છે. વપરાયેલી કારના લાભોની હિમાયત કરતા આ ભાગીદારી તેની સસ્તી કિંમત, વિશ્વસનીયતા અને હકારાત્મક પર્યાવરણીય અસરને પ્રોત્સાહન આપે છે.

# માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે ઓસ્ટ્રેલિયામાં સ્ટોર શરૂ કરી પ્રથમ ઈન્ડિયન જ્વેલરી બ્રાન્ડ તરીકે ઈતિહાસ સર્જ્યો



સિડની : વૈશ્વિક સ્તરે છઠ્ઠી ટોચની જ્વેલરી રિટેલર માલાબાર ગોલ્ડે ઓસ્ટ્રેલિયામાં નવો શોરૂમ શરૂ કરી પ્રથમ ઈન્ડિયન ઈન્ટરનેશનલ જ્વેલરી બ્રાન્ડ તરીકે ઈતિહાસ સર્જ્યો છે. ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે વૈશ્વિક સ્તરે 13માં દેશમાં વિસ્તરણ કરતાં શોરૂમ શરૂ કર્યો છે. હાલ, બ્રાન્ડ ભારત, યુએઈ, કુવૈત, ઓમાન, કેએસએ, બેહરિન, સિંગાપોર, મલેશિયા, યુએસએ, યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં કુલ 340 શોરૂમ સાથે રિટેલ હાજરી ધરાવે છે. નવા શોરૂમનું ઉદ્ઘાટન પ્રખ્યાત ઓસ્ટ્રેલિયન ક્રિકેટર બ્રેટ લીના હસ્તે માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડના એમડી-ઈન્ટરનેશનલ ઓપરેશન્સ શ્રી શામલાલ અહેમદ, ઈન્ડિયા ઓપરેશન્સના એમડી શ્રી અશર ઓ, માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમન્ડ્સના ફાર ઈસ્ટ એન્ડ ઓસ્ટ્રેલિયાના રિઝનલ હેડ શ્રી અજિથ એમ, માલાબાર ગોલ્ડ એન્ડ ડાયયમંડ્સના ફાઈનાન્સ એન્ડ એડમીન હેડ શ્રી અમીર સીએમસી, મેન્યુફેક્ચરિંગ હેડ શ્રી ફેઝલ એ.કે., મલબાર ગ્રુપના ચીફ ડિજિટલ ઓફિસર શ્રી શાજી કક્કોડી, તેમજ સિડની સરકારના પ્રતિનિધિઓ, માલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની મેનેજમેન્ટ ટીમના વરિષ્ઠ સભ્યો, ગ્રાહકો અને શુભેચ્છકોની હાજરીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, પોષ વદ-14

# ઉત્તરાખંડની પહેલ

લાંબા સમયથી ચર્ચામાં રહેલ સમાન નાગરિક સંહિતાને લઈને સૌથી પહેલાં ઉત્તરાખંડ સરકારે પહેલ કરી છે. આજે વિધાનસભામાં પુષ્કર સિંહ ધામી સરકાર યુસીસી (સમાન નાગરિક સંહિતા) બિલ રજૂ કર્યું. યુસીસીના ડ્રાફ્ટ બિલને મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે. ઉત્તરાખંડ મંત્રીમંડળે સમાન આચાર સંહિતાના ડ્રાફ્ટ બિલને મંજૂરી આપી દીધી છે, આ ચાર દિવસના વિશેષ સત્રમાં આસાનીથી પસાર પણ થઈ જશે. કારણ કે ઉત્તરાખંડ સરકારમાં ભાજપ પાસે પર્યાપ્ત બહુમતી છે. પ્રદેશની વિધાનસભામાં ભાજપ પાસે ૪૭ અને કોંગ્રેસ પાસે ૧૯ સીટો છે. આ રીતે દેશને આઝાદી મળ્યા બાદ સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરનારું ઉત્તરાખંડ પહેલું રાજ્ય બની જશે. અસમ અને ગુજરાત જેવાં રાજ્યો પણ ઉત્તરાખંડ મોડેલ પર જ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની તૈયારીમાં છે. યુસીસી દેશની રાજનીતિના સૌથી વિવાદિત મુદ્દાઓમાં એક છે. જોકે બંધારણમાં પણ નીતિ નિર્દેશક તત્ત્વો રૂપે તેનો ઉલ્લેખ છે જ. એ દૃષ્ટિએ રાજનીતિની તમામ ધારાઓ એ વાત પર એકમત રહી છે કે દેશમાં તમામ પંથો, આસ્થાઓ સાથે જોડાયેલા લોકો પર એક જ પ્રકારના કાયદા લાગુ થવા જોઈએ. તેને વ્યવહારમાં લાવવા પર જો અસહમતિ રહી તો તેનો આધાર એ હતો કે કોઈ સમૂહને એવું ન લાગવું જોઈએ કે તેની આસ્થા કે સંસ્કૃતિને જબરદસ્તી અલગ કરાય છે. જોકે છેલ્લા કેટલાક સમયથી તેના પર સારી એવી ચર્ચાઓ થઈ છે. ભાજપ લાંબા સમયથી તેની માંગ કરતી આવી છે અને તેણે આ મુદ્દાને જોરદાર રીતે ઉઠાવ્યો છે. ત્યાં જ ન્યાયપાલિકા દ્વારા પણ તેને વારંવાર લાગુ કરવાની જરૂરિયાત જણાવવામાં આવી છે. એવામાં એ માની શકાય કે દેશમાં તેને લઈને જાગૃતિ હાલના દિવસોમાં વધી છે. તેથી એક એક કરીને અલગ અલગ રાજ્યોમાં તેને લાગુ કરવા અને ત્યાંના અનુભવોના આધાર પર આગળ વધવાનો ખ્યાલ ખોટો નથી. જોકે ઉત્તરાખંડ સરકાર એના પર ધીમે ધીમે જ આગળ વધી છે, પરંતુ જસ્ટિસ રંજના દેસાઈની આગેવાની વાળી સમિતિનો રિપોર્ટ સાર્વજનિક નથી કરવામાં આવ્યો અને રવિવારે કેબિનેટ મંજૂરી આપી દીધા બાદ પણ મીડિયાને ઔપચારિક રીતે જાણકારી નહોતી આપવામાં આવી, તેથી તેની જોગવાઈઓ પર થોડું સસ્પેન્સ છે. આશા રાખીએ કે વિધાનસભામાં તેને રજૂ કરવા અને ત્યાં ચર્ચા શરૂ થયા બાદ તેની સાથે જોડાયેલ કેટલાંય પાસાં પર પ્રકાશ પડશે અને તમામ દુવિધાઓ, શંકા દૂર થઈ જશે. હાલમાં મીડિયામાં જે માહિતી ફરી રહી છે, તે અનુસાર વિવાહ, તલાક, દત્તક સાથે જોડાયેલા કાયદામાં એકરૂપતાની જે જોગવાઈ છે તે યુસીસીની મૂળ અવધારણાને અનુરૂપ જ છે. હા, લિવ ઈન રિલેશન વિશે પહેલેથી જાણકારી આપવા અને રજિસ્ટ્રેશન કરાવવાની અનિવાર્યતા પર થોડું વિચારવાની જરૂર લાગે છે. આ સંબંધ વિવાહ સાથે સંકળાયેલ ઔપચારિકતાઓ, પ્રતિબદ્ધતાઓથી બચવાની યુવા આકાંક્ષાની ઉપજ છે. એવામાં તેને એ જ સ્થિતિસ્થાપકતા સાથે કાનૂની દાયરામાં લાવવાની જરૂર છે નહિ તો આ કવાયત બેકાર થવાનો ખતરો છે. જોકે હાલમાં કેટલાય કિસ્સામાં લિવ-ઈન સંબંધોના દુરુપયોગના કિસ્સા જોતાં સરકારે આ નિર્ણય લીધો હોવાની શક્યતા છે. એકંદરે રાજ્ય સરકારની આ મોટી પહેલ છે અને એના પર અમલની પ્રક્રિયા જ નહીં, તેનાં પરિણામો પર પણ આખા દેશની નજર રહેશે.

# સમુદ્રમાં ગેરકાયદેસર લાઈન ફિશિંગ કરતી બોટોને સદંતર બંધ કરાવવા સાગરખેડૂ દ્વારા બેઠક યોજાશે

કિશોર આર. સોલંકી-જાફરાબાદ



સમુદ્રમાં ગેરકાયદેસર લાઈન ફિશિંગ કરતી મહારાષ્ટ્ર ની ૬ બોટ ઝટપાઈ અરબી સમુદ્રમાં ગેરકાયદેસર ફિશિંગ થતી હોવાની માછીમારોની રજુઆત ની સાબિતી આપવાની સાથે લાઈન ફિશિંગ કરતી બોટ અરબી સમુદ્ર માં થી ઝટપી પાડી હતી.

લાઈન ફિશિંગ સદંતર બંધ કરવા તા. ૮ ફેબ્રુઆરી ના રોજ લાઈન ફિશિંગ બંધ કરવા માટે સમસ્ત ખારવા જ્ઞાતિના વાણોટ પવનભાઈ શિયાળના અધ્યક્ષ સ્થાને અગત્યની બેઠક નુ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના વિશાળ સમુદ્રમાં માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા સાગરખેડૂ અનેક લોકો તેમના પરિવારની આજીવિકા રળી રહ્યા છે. માછીમારીના વ્યવસાયથી નાના પીલાણા ધારકો બોટ માલિકો દંગાઓ, મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા નાના મોટા અનેક ધંધાર્થીઓ ને આવક થઈ રહી છે. પરંતુ હાલ દરિયામાં પ્રદુષણના કારણે માછલી નો જથ્થો બોટ અને પીલાણા માં ઓછો આવે છે. તો બીજી તરફ લાઈન ફિશિંગ માછીમારીની નાની માછલીઓનું નિકંદન નિકળી રહ્યું છે. અને આ લાઈન ફિશિંગના કારણે આ વ્યવસાય માં મોટા પાયે નુકસાની વેઠવી પડી રહી છે. લાઈન ફિશિંગથી નાની માછલીઓ પણ જાળમાં ફસાતી હોવાથી આ વ્યવસાય મૃતપ્રાયના આરે છે. જેથી સાગરખેડૂ ઓ માં પણ ભારે ચિંતા વ્યાપી છે.

સંસ્થાઓ દ્વારા પરંપરાગત માછીમારની વ્યાખ્યા નક્કી કરવા અને લાઈન ફિશિંગ બંધ કરવાના સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યો છે. લાઈન ફિશિંગ બંધ કરવાના નિયમો અને ઠરાવો કરવા છતાં પરિણામ મળતું નથી અમુક સ્વાર્થી અને માથાભારે બોટ માલિકો પોતાની મનમાની કરી નિયમો અને ઠરાવોની અવગણના કરે છે. અને તેઓ લાઈન ફિશિંગ થી માછીમારી થતી હોવાના કારણે નાના માછીમારો નાની બોટવાળા મોટી બોટને પારાવાર નુકસાન ભોગવવી પડે છે. આખા ગુજરાતના દરિયાઈ પટ્ટી માછીમારો ની રોજીરોટી છીનવાઈ રહી છે. પરિવાર ના ભરણ પોષણ ઉપર માઠી અસર પહોંચે છે. સ્વાર્થી લાલચુ બોટ માલીક, ટંટેલ ખલાસીઓ નીગરાણી રાખીને લાઈન ફિશિંગ કરતા લોકોને પકડી ને તેના ઉપર કાર્યવાહી કરવામાં આવી રહી છે. અન્ય બંદરના આગેવાનોને પણ અપીલ થઈ રહી છે. લાઈન ફિશિંગ સંપૂર્ણ પણે બંધ થાય ફરી વખત ચાલુ ન થાય તે માટે લાઈન ફિશિંગ કરનાર માથાભારે લોકો સામે કડક પગલાં લેવા આગામી તારીખ ૮ ફેબ્રુઆરી ને ગુરુવારે માછીમારો સંસ્થા ની તાત્કાલિક મિટિંગ યોજવામાં આવી રહી છે. આ મિટિંગમા ગુજરાત ના તમામ બંદરના બોટ માલિકો સાગરખેડૂ ની લાઈન ફિશિંગ સદંતર બંધ કરવા મિટિંગ.

# ચાણસ્મા પાલિકાની ઘોર બેદરકારી સામે આવી

## ચાણસ્માના કેટલાક મહોલ્લાની સ્ટ્રીટ લાઇટો દિવસે ચાલુ જ્યારે હાઇવે સર્કલ થી હારીજ રોડ ત્થા સકલ થી મહેસાણા તરફ જતા રોગની રાત્રી દરમિયાન સ્ટ્રીટ લાઇટો બંધ રહેતા અંધાર પટ



ચાણસ્મા : એક બાજુ સરકાર દ્વારા ગ્રામીણ અને શહેરી વિકાશ માટે તેમજ ગ્રામિણ વિસ્તાર ના લોકો ને લાઇટ પાણી આરોગ્ય રોડ સહિત ની પાયાની સવલતો મળી રહે તે માટે વર્ષે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપીયા ની ગ્રાન્ટ ની ફાળવણી કરવામાં આવે છે અને ગ્રામીણ ક્ષેત્રે ગ્રામ પંચાયતો અને શહેરી ક્ષેત્રે નગર પાલિકા ઓ ના ઠેકેદારો દ્વારા વિકાશ ના કામો જેવા કે રોડ સ્ટ્રીટ લાઇટો કે અન્ય સી.સી રોડ જેવા કામો માં ઓછી ગુણવતા વાળુ મટીરીયલ્સ વાપરવા માં આવતાં કેટલાક ગામો માં સી. સી રોડ તો ક્યાંક સ્ટ્રીટ લાઇટ ના બલ્બ આજ રીતે શહેરમાં પણ સ્ટ્રીટ લાઇટો રોડ પાઈપ લાઈન ની પાઈપો સમય થી પહેલાં જ તુટી જાય છે. જેના કારણે ગ્રામીણ અને શહેરી વિસ્તારના લોકોને સુવિધા ઓ મળતી બંધ થઈ જતાં મુશ્કેલી નો ભોગ બને છે જેનો ઉત્તમ નમુનો ચાણસ્મા શહેરમાં જોવા મળી રહ્યો છે. ચાણસ્મા ના સરદાર ચોક રૂપાણી પૂરા કાનજીદાસ પુરા વિસ્તાર ની સ્ટ્રીટ લાઈટે ધોળા દિવસે ચાલુ હાલત માં જોવા મળે છે જ્યારે ચાણસ્મા હાઈવે સર્કલ થી હારીજ તરફ તેમજ સર્કલ થી મહેસાણા બાજુ જ્યારે ચાણસ્મા શહેરના નવા સુથાર વાસ તાલુકા પં વિસ્તાર ઈંન્દિરા નગર ના પાછલા ભાગે રાત્રી દરમિયાન સ્ટ્રીટ લાઇટો બંધ હાલત માં જોવા મળતા ખાસ કરીને રાત્રી દરમિયાન હાઈવે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતાં અને સર્કલ ઢોળાવવાળુ હોવાથી વાહન ચાલકો ને સર્કલ નો વળાંક લેતાં મોટા ટ્રેલર પલ્ટી જવા ના બનાવો અગાઉ બન્યા છે ચાણસ્મા નગર. પાલિકા દ્વારા હાઈવે સર્કલ તેમજ શહેર ના અંદરના વિસ્તાર ની સ્ટ્રીટ લાઈટો સત્વરે ચાલુ કરવામાં આવે તેવી વાહન ચાલકો અને નગરજનો દ્વારા માંગ ઉઠવા પામી છે.

# ભાયાવદરમાં મરણ પથારીએ જોલા ખાતું મુક્તિધામ

વિજય રાડીયા - ભાયાવદર



ભાયાવદરમાં આવેલું અંતિમધામ અતિ દયનિય હાલત પર આવી ગયું છેઅને સ્મશાન ખુદ મરણ પથારી પર હોય તેવું ચિત્ર સામે આવીને ઉભું છે. મોતનો પણ મલાજો ન જળવાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. શહેરના રૂપાવટી નદીના કાંઠે આવેલું અંતિમધામ આજથી ૭ વર્ષ પહેલાં સરકારની કૈલાસધામ બનાવવાની ગ્રાન્ટમાંથી તૈયાર થયું હતું. જે તે વખતે આવેલી ગ્રાન્ટ અપુરતી હોવાથી પાલિકાના સત્તાધિશોએ લોકોને ટહેલ નાખી. દાન એકઠું કરી 14 લાખના ખર્ચે આ મુક્તિધામ તૈયાર કર્યું હતું. ધોરાજી, ઉપલેટા અને જામકંડોરણા તાલુકામાં તે સમયે જોવા ન મળે તેવું અંતિમધામ ભાયાવદરમાં એ સમયે બનાવવામાં આવ્યું હતું. પણ હાલ અત્યારે આ અંતિમધામ જાળવણીના લીધે મરણ પથારી ઉપર આવી ગયું છે. આથી ધતિંગ પંચા દોઢસોની જેમ ચાલતી ભાયાવદર નગર પાલિકા આ સ્મશાનના રિનોવેશન માટે કંઈક વિચારે તેવી લોકોમાંથી માગણી ઉઠી છે સિમેન્ટના બાંકડા તૂટી ગયા, ગેસની ભઠ્ઠી બંધ. યોગ્ય જાળવણીના અભાવે લોકોને બેસવાની સિમેન્ટની બેઠકો ભાંગીને ભૂકો બની ગઈ છે. અને અંદર રહેલી ગેસની ભઠ્ઠી બંધ હાલતમાં જોવા મળે છે તેમજ જ્યાં જોવો ત્યાં ગંદકી ફેલાઈ ગઈ છે. અને અંતિમધામની ફરતી દીવાલ પડી ગયા બાદ તેને રીપેરીંગ કરવામાં નથી આવતી તેમજ મૃત્યુદેહ ને જ્યાં અગ્નિદાહ દેવામાં આવે છે તે બિલ્ડીંગની છતમાંથી ચાલુ ચિતાએ ઉપરથી કિલો બબે કિલો જેવડા સિમેન્ટના પોપડા અગ્નિદાહના ખાટલા ઉપર તેમજ આસપાસ માથે પડે છે. જેથી હવે એવું પણ બને કે અગ્નિદાહ વખતે અંદર રહેલા સાત થી દસ માણસોને ફરજિયાત હેલ્મેટ પહેરીને જ અંદર આવીને ચિંતા જલાવવાથી માંડીને રાખ થાય ત્યાં સુધીનું કામ પતાવવું પડશે.ભાયાવર નિ જંનતા નિ એવિ લાગણી છે કે ક્યારે રીપેરીંગ થાય એ પણ એક વિચારવાનો વિષય છે

# સુબીર ખાતે બોગસ પાવર ઓફ એટર્ની બનાવી આદિવાસીની 73 AAની જમીન પચાવવાનો પ્રયાસ

સુશીલ પવાર-ડાંગ



ડાંગ જિલ્લાનાં સુબીર ખાતે અભણ આદિવાસી વ્યક્તિનો લાભ લઇ ઈસમ દ્વારા 73 AA ની જમીનની પોતાના નામ પર પાવર ઓફ એટર્ની બનાવી લેતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે આદિવાસીની જમીન પચાવવા માટે બોગસ દસ્તાવેજ બનાવવામાં આવતા કુલમુખત્યારપત્ર રદ કરવા અંગેની નોટિસ ફટકારવામાં આવી છે.ડાંગ જિલ્લાના સુબીર ખાતે રહેતા કાશીરામભાઈ જાનુભાઈ ચૌધરીની માલીકી, કબજા તથા ભોગવટા વાળી જમીન સુબીર ખાતે આવેલ છે. જેનો સીટી સર્વે નં.એન.એ ૨૧૮ છે.જે અગાઉ ખાતા નં.૧૨૯, બ્લોક/સર્વે નં. ૨૧૮ જૂનો બ્લોક/સર્વે નં. ૫૨/૧ જેને ટેમરૂનની ભુય તરીકે ખેતરના નામથી ૭/૧૨માં નોંધ પડેલ છે.તે જમીન તથા બ્લોક/સર્વે નં.૮૧ વાળી જમીનના ૭/૧૨ તથા ૮ (અ)માં તેમની જમીન ચાલી આવેલ છે.ત્યારે આ જમીન પૈકી સર્વે નં.૫૨/૧ ની જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩ એએ સત્તા નીયંત્રીત પ્રકારની જમીન કાશીરામ ચૌધરીના નામ પર સરકારી દફતરે ચાલી આવેલ છે.જે પૈકી સર્વે નં. ૫૨/૧ વાળી જમીન એન.એ કરાવેલ છે.ત્યારે કાશીરામ ચૌધરી અભણ હોવાથી તેનો ગેરફાયદો લઈને તા.. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ રમણભાઈ ભિરડુભાઈ ગાવીત (રહે.શિવબારા, પો. પિપલદહાડ, તા.સુબીર, જી.ડાંગ)એ પાવર ઓફ એટર્નીનું લખાણ લઈ લીધું હતું.જેના કારણે કાશીરામ પાસેથી નોટરી,અન્ય લખાણો કે કોઈ દસ્તાવેજો કરાવી લીધેલાની સંભાવના જોવા મળી રહી છે.તેમજ કુલમુખત્યારપત્ર લખાવી લીધેલ છે. ત્યારે કુલમુખ્તયારનામાના ઓથા હેઠળ રમણ ગાવીત ગેરવહીવટ કરી શકે છે. અને ખોટી રીતે હકક નષ્ટ કરતા દસ્તાવેજો કરી શકે છે. ત્યારે કાશીરામ જાનુ ચૌધરી દ્વારા વકીલ મારફતે કુલમુખ્ત્યારપત્ર રદ કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે.હવે ભૂતકાળમાં કે આવનાર સમયમાં કોઈપણ વ્યક્તિ દ્વારા રમણ ગાવીત સાથે જમીનને લઈને કોઈપણ વ્યવહાર કરવામાં આવે તો કાશીરામ ચૌધરી તેને બંધન કરતા રહેશે નહી તેમ જણાવવામાં આવ્યુ છે..

## મોડાસા શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી ની શ્રીમદ્ ભાગવત્ સત્સંગ મહોત્સવ મા મોટી સંખ્યા મા વૈષ્ણવો ઉમટ્યા



રાકેશ મહેતા. ધનસુરા

અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે માતૃશ્રી ગો. વા. માણેક બેન તથા પિતાશ્રી ગો. વા. વિઠ્ઠલદાસ લલ્લુ દાસ પરિવાર આયોજીત શ્રીમદ્ ભાગવત્ સત્સંગ મહોત્સવ શ્રી ગિરિરાજ ધામ. ગાયત્રી મંદિર માલપુર રોડ ખાતે 3 થી 9 ફેબ્રુઆરી યોજાઇ રહી છે જેના મનોરથી ડૉ. મુકુંદલાલ વિઠ્ઠલદાસ શાહ ના પરિવાર સમગ્ર મહોત્સવ નું અયોજન કરવામાં આવ્યું છે. જેમા અરવલ્લી. સાબરકાંઠા. સાથે અન્ય જિલ્લા ના વૈષ્ણવો આ સત્સંગ મહોત્સવ મા લાભ લઈ રહ્યા છે રોજે રોજ મા સપ્ત સ્વરૂપ. રાજદરબાર મનોરથ. કેસરી ઘટા નો મનોરથ. નંદ મહોત્સવ. અન્નકુટ મહોત્સવ. વિવાહ ખેલ મનોરથ. રાસોત્સવ જેવા ઊત્સવ મા રોજે રોજ અલગ વસ્ત્ર પરિધાન સાથે ઉત્સવો યોજાય છે જેમાં મોટી સંખ્યા માં વૈષ્ણવો શ્રીમદ્ ભાગવત્ સત્સંગ મા લાભ લેતા હોય છે જેમાં સાત દિવસ ના મહોત્સવ નું સુંદર અયોજન કરવામા આવ્યું છે જેમાં ઘેર બેસી ને પણ આ સત્સંગ નો લાવો વૈષ્ણવો લાઈવ પ્રસારણ થકી લયો રહ્યા છે.

## અરવલ્લી જિલ્લામાંથી તારીખ 12 થી 16 ફેબ્રુઆરી દરમિયાન 150 બસો દ્વારા શ્રદ્ધાળુઓને અંબાજી દર્શન માટે નિ:શુલ્ક લઈ જવામાં આવશે

રાકેશ મહેતા. ધનસુરા



શક્તિ ,ભક્તિનો એક સાથે સુખદ સમન્વય એક જ જગ્યાએ 51 શક્તિપીઠના દર્શન કરવાનો અમૂલ્ય અવસર એટલે શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ...રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા. 12 થી 16 ફેબ્રુઆરી-2023 દરમિયાન શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અંબાજી ગબ્બર ખાતે 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાવાનો છે. માં અંબાના દર્શન અને શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ માટે નિ:શુલ્ક યાત્રાનો અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજનકરવામાં આવ્યું છે. જેમાં અરવલ્લી જિલ્લામાંથી તારીખ 12 થી 16 ફેબ્રુઆરી દરમિયાન દરરોજ ૩૦ બસ અને ૫ દિવસમાં કુલ ૧૫૦ બસો દ્વારા શ્રદ્ધાળુઓને અંબાજી દર્શન માટે નિ:શુલ્ક લઈ જવામાં આવશે. યાત્રા દરમિયાન શ્રદ્ધાળુ અને બસમાં નિશુલ્ક લઈ જવા ઉપરાંત પરિક્રમા અને દર્શન બાદ તેમને પરત લાવવાથી માંડીને અલ્પાહાર પીવાના પાણી અને અન્ય જરૂરી વ્યવસ્થા તેમજ જરૂરત ના સમયે આરોગ્યની સેવા પણ મળી રહે તે માટેની વ્યવસ્થા અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે. અને પરિક્રમાં સમયે ભોજનની વ્યવસ્થા અંબાજી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

# ધીરજ ધરી શકે તે ધાર્યું કરી શકે...

‘આ દુનિયામાં અસંભવ કશું જ નથી! તમે જે કંઈ પણ વિચારો છો તે કરી શકો છો અને આપણે એ બધું જ વિચારી શકીએ છીએ કે હજી સુધી કોઈ એ વિચાર્યું ના હોય !

આજના યુવાનો નાની નિષ્ફળતા મા પણ હતાશ થઈ જતાં હોય છે, અને નિરાશ થઈ ને ન ભરવા જેવું પગલું ભરતા હોય છે કેમકે તેમને પોતાના ઉપર વિશ્વાસ હોતો નથી એટલે આજે એક એવા વ્યક્તિની વાત કરવી છે જેને 2-3 વાર નહિ પરંતુ 35 અલગ અલગ પરીક્ષામાં નિષ્ફળતા મળી હતી. અને તે વ્યક્તિ છે IAS ઓફિસર વિજય વર્ધન તેઓ મૂળ હરિયાણા ના છે ,તેમને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ માં બી ટેક કર્યું અને પછી તેમને દિલ્હી આવીને upsc ની તૈયારી કરવાની શરુઆત કરી અને તેમને 2014થી પરીક્ષા આપવાની શરૂઆત કરી પણ સતત ચાર વખત પ્રયત્ન કર્યા પણ તેમને તેમાં તેમણે સફળતા મળી નહિ અને તેમને upsc સિવાય ની બીજી પણ ઘણી બધી પરીક્ષાઓ આપી પરંતુ તેમાં પણ તેમને નિષ્ફળતા મળતી હતી ,હવે તો તેમને લોકો પણ કહેવા લાગ્યા કે આ તું મૂકી દે બીજું કઈક કામ કર પરંતુ વિજય એ કોઈની વાત સાંભળી નહિ કેમકે તેને વિશ્વાસ હતું કે હું કરી શકું છું અને વિજય એ 2018 માં upsc ની પરીક્ષા આપી અને તેમને AIR 104 રેન્ક મેળવ્યો અને ips ની પોસ્ટ મળી પરંતુ તેમને ias બનવું હતું અને ફરી પાછી 2021 માં પરીક્ષા આપી અને તેમાં પાસ પણ થયા અને પોતાનું ias બનવાનું સ્વપન પૂર્ણ કર્યું .



આમ તેમણે સખત મહેનત કરી આટલી બધી નિષ્ફળતાઓ મળ્યા પછી પણ તેમને હાર માની નહિ કેમકે તેમને ખબર હતી કે એક વખત મે વિચારી લીધું છે કે મને ias બનવું છે એટલે બનવું જ છે. સતત અસફળતા મળી રહી છે તો તેનાથી નિરાશ થવું જોઈએ નહિ .ક્યારેક ગુચ્છાઓ ની છેલ્લી ચાવીથી તાળું ખુલી જાય છે,એટલે કોશિશ કરતા રહો એક દિવસ સફળતા જરૂર મળશે. જીવન માં ધીરજ રાખવી પણ જરૂરી છે કેમકે જેમ જેમ તમને વધારે સંઘર્ષ કરવો પડે છે તેમ તમારું વધારે સારું ઘડતર થઈ રહ્યું હોય છે અને જીવન માં ગમે તેટલો મુશ્કેલ સમય કેમ ન આવે હંમેશા હકારાત્મક વિચારવું જોઈએ અને પોતાની જાત ને કહેવાનું કે તું કરી શકે છે તારામાં ઘણીજ બધી ક્ષમતાઓ રહેલી છે બસ હાર નથી માનવાની તને ચોક્કસ એક દિવસ સફળતા જરૂર મળશે.

અને જે કંઈ પણ તારા જીવન માં થઈ રહ્યું છે તે તારા માટે સારું જ છે તે તને આજે ખબર નહી પડે પરંતુ આગળ જતાં તને એમજ સમજાશે કે આ ઘટના ના ઘટી તો અત્યારે હું ના કરી શક્યો હોત. જે વ્યકિત કશુંક કરવા ઈચ્છે છે , જેનો સંકલ્પ મજબૂત છે , જે નિષ્ફળતા થી નિરાશ થતો નથી તેના માટે આ દુનિયામાં કોઈ પણ કામ અશક્ય નથી. આવી વ્યક્તિ મુશ્કેલ સમયમાં પણ સફળ થઈ શકે છે.આમ તમે જો ધીરજ ધરશો તો તમે ધાર્યું મેળવી શકશો. ખરાબ સમય ની ફરિયાદ કરવા કરતા સારું છે કે આગળ વધીને પરિસ્થિતિનો સામનો કરીએ અને તેને બદલીએ...

લેખ: ક્રિમા વી. બુદ્ધભટ્ટી (કોટડા -જડોદર )



નિતીન ઠાકર ચાણસ્મા : અગામી ૧૦ મી ફેબ્રુઆરી ના રોજ પ્રધાનમંત્રી ની વચ્યુઅલ ઉપસ્થિતી માં પાટણ જિલ્લા ના આવાસ લાભાર્થી ઓ ના મકાનો નો લોકાર્પણ કાર્યક્રમ હારીજ તાલુકાના ખાખડી ગામે યોજાઇ રહ્યો છે ત્યારે ચાણસ્મા તાલુકા ના 2000 લાભાર્થીઓ ને કાર્યક્રમ ના સ્થળે લઈ જવા માટે ના આયોજન ના ભાગ રૂપે મામલતદાર કચેરી ચાણસ્મા ખાતે મામલતદાર ભગવતી બેન ની ઉપસ્થિતી માં ભાજપ સગઠન અને તાલુકા ના વિર્વિધ વિભાગોના અધિકારી ઓની બેઠક યોજાઇ હતી જેમાં ચાણસ્મા તાલુકા ના પં.દિનધ્યાલ આવાસ યોજના ના લાભાન્વિત લાભાર્થી ઓ ને કાર્યક્રમ સ્થળ સુધી લઈ જવા માટે ના બસો ની વ્યવસ્થા સહિત ના આયોજન ની ચર્ચા કરવામાં આવી હતી જેમાં જિ ભા જ પ ના ઉપાધ્યક્ષ દિલીપ ભાઈ જોષી તાલુકા ભાજપ ના અગ્રણી કિરણભાઈ જાની મહેશભાઈ રાવલ પૂર્વ તા સદસ્ય કૈલાશ બેન પટેલ (તા. વિ. અ ચંપકલાલ લિમ્બાચીયા ડેપો મેનેજર ગુંજત ભાઈ પંચાલ સહીત વન વિભાગ પોલિશ આરોગ્ય વિભાગ ના અધિકારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનતા કચ્છીમાડુ



મહેશ એલ.સોની નખત્રાણા

મૂળ કચ્છના માંડવીના વતની અને ૨૦૧૧ થી ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિટ તરીકે ફરજ બજાવતા શ્રી એન.વી.અંજારિયાની કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે વરણી કરવામાં આવતા સમગ્ર કચ્છમાં આનંદ મોજું ફરી વળ્યુ હતું.

## અમદાવાદમાં જાવેદ હબીબ સલુનનાં દસમાં આઉટલેટ્નો આરંભ



અમદાવાદ, : ભારતમાં ટોચની હેર અને બ્યુટી સલુન બ્રાન્ડ જાવેદ હબીબ સલુનનાં આઉટલેટનો આજે શહેરનાં આનંદનગર રોડ પર કૃષ્ણા ટાવર્સમાં આરંભ થયો છે. અમદાવાદમાં જાવેદ હબીબ સલુનનું આ દસમું અને ગુજરાતમાં ૨૭મું આઉટલેટ છે.

આનંદનગર રોડ પર શ્રી કૃષ્ણા ટાવર્સમાં આરંભાયેલા આ સલુનનું ઉદઘાટન જાવેદ હબીબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંધજન મંડળનાં 10 અંધજનો(દિવ્યાગ)ને નિ:શુલ્ક વાળની ટ્રીટમેન્ટ કરી આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય હેર સ્ટાઈલીસ્ટ જાવેદ હબીબે આ પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં સાતમાં જાવેદ હબીબ હેર સલુનનો આરંભ કરતાં મને ઘણો આનંદ થાય છે. અમદાવાદ જેવા ટોચના મેટ્રો શહેરોમાં હેર ડિઝાઈન અને સ્ટાઈલીંગની સભાનતા વધી રહી છે. આ સલુનથી વાળની ઉત્કૃષ્ટ માવજત અને સ્ટાઈલીંગ કરવાવા ઈચ્છુક ચાહકોની જરૂરિયાત સંતોષાશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આપણે જેમ શરીરના દરેક અંગોની જાળવણી માટે સભાન રહીએ છીએ, તેમ વાળની માવજત અંગે પણ જાગૃત રહેવું જોઈએ. વાળની માવજત માટે રોજ વોશ કરવા જોઈએ. આનંદનગર રોડ પરનાં જાવેદ હબીબ સલુનનાં માલિક શ્રી કિરણ આર પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જાવેદ હબીબ હેર સલુનને શરૂ કરતાં અમને ઘણો આનંદ થાય છે. પશ્ચિમ અમદાવાદનાં હેર બ્યુટી અને સ્ટાઈલીંગનાં ચાહકોની જરૂરિયાતો આ સલુનથી સંતોષાશે તેવો અમને વિશ્વાસ છે. જાવેદ હબીબ હેર એન્ડ બ્યુટી લિ. ભારતમાં ટોચની હેર અને બ્યુટી સલુન બ્રાન્ડમાંની એક છે. જાવેદ હબીબ એકેડમી દ્વારા ભારતમાં હેર એજ્યુકેશન સ્કૂલોનું સંચાલન કરવામાં આવે છે. જેમાં ગુજરાતમાં અમદાવાદ, સુરત, વાપી જેવા શહેરોમાં જાવેદ હબીબ હેર સલુનમાં એક મહિનાથી નવ મહિનાના હેર એન્ડ બ્યુટીના વિવિધ કોર્સ ચલાવવામાં આવે છે.

# પાલનપુર એરોમા સર્કલ પર બાઇક સવાર યુવકને ટર્બો ટ્રક ડ્રાઈવરે ટક્કર મારતાં યુવકનું મોત થયું



મહેશભાઈ સોલંકી - પાલનપુર

પાલનપુર એરોમા સર્કલ પાસે બાઈક સવાર યુવક ને ટર્બો ટ્રક ડ્રાઈવરે ટક્કર મારતાં યુવક ગંભીર રીતે ઘવાયો હતો ઘટના સ્થળે લોકો દોડી આવ્યા હતા અને યુવક ને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડોક્ટર દ્વારા યુવક નું મોત થયું છે.

તેવુ જણાવેલ ડીસા તાલુકા નાં મુકેશ સિંહ તેઓ પાલનપુર ખાતે એમા કંપની માં દવાઓ નું સેલિગ નું કામ કરતાં હતાં.

આજે સવારે તેઓ પોતાની બાઈક લઈને એરોમા સર્કલ પર જતાં હતાં તે દરમિયાન પુર ઝડપે આવેલ ટર્બો ટ્રક ડ્રાઈવરે મુકેશસિહ ને ટક્કર મારતાં યુવક નું મોત થયું હતું ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે આવી ટ્રક ડ્રાઈવર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

મેકઅપથી તમે ગ્લેમરસ અને સુંદર તો લાગો જ છો, પરંતુ આ મેકઅપને કારણે સ્કિનને ઘણું નુકસાન થાય છે. ઘણી મહિલાઓ યોગ્ય રીતે મેકઅપ રિમૂવ નથી કરતી અને એમ જ સૂઈ જાય છે. જેના કારણે સ્કિન પર પિમ્પલ્સ, ફોલ્લીઓ અને ડાઘ થઈ જાય છે અને ચહેરો બદસૂરત દેખાવા લાગે છે. એક્સપર્ટ્સનું માનવું છે કે મેકઅપને રિમૂવ કર્યા વગર સૂવાથી સ્કિનને ઘણું નુકસાન થાય છે.
જોકે, મેકઅપ રિમૂવ કરવા માટે દૂધથી લઈને બેબી વાઈપ્સ સુધીની કોઈપણ વસ્તુનો ઉપયોગ કરી શકાય છે. આજે અમે આપને જે વસ્તુ વિશે જણાવવા જઈ રહ્યા છી તે સ્કિનને સોફ્ટ અને સ્મૂધ બનાવવામાં મદદ કરે છે. અમે જેની વાત કરી રહ્યા છીએ તે છે બદામનું તેલ. બદામનું તેલ મેકઅપને સરળતાથી રિમૂવ કરી દે છે અને તેનાથી ચહેરા પર કોઈપણ પ્રકારની બળતરા અથવા ખંજવાળ પણ અનુભવાતી નથી. હવે બદામના તેલનો મેકઅપને દૂર કરવા માટે કેવી રીતે ઉપયોગ કરવાનો છે તે પણ જાણી લઈએ.




## બદામ તેલ અને એલોવેરા જેલ

બદામ તેલ અને એલોવેરા જેલનું કોમ્બિનેશન એક ઉત્તમ મેકઅપ રીમુવર સાબિત થઈ શકે છે.

### કેવી રીતે કરવો ઉપયોગ?

- સૌથી પહેલા તમે એલોવેરાના પાનને તોડીને ફ્રેશ જેલ કાઢી લો.
- હવે એલોવેરા જેલ અને બદામ તેલને એક નાના બાઉલમાં નાખીને સારી રીતે મિક્સ કરો.
- હવે એક કોટન બોલને તેમાં ડુબાડો.
- તમે મેકઅપને રિમૂવ કરવા માટે કોટન પેડથી તમારા આખા ચહેરા પર હળવા હાથે મસાજ કરો.
- તમે તેનો ઉપયોગ તમારી આંખોની નજીક લગાવેલા મેકઅપને કાઢવા માટે પણ કરી શકો છો.
- પછી તમારા ચહેરાને ધોવા માટે હૂંફાળા પાણીનો ઉપયોગ કરો.
- અંતે તમારા મનપસંદ ક્લીંઝરનો ઉપયોગ કરીને ચહેરાને સારી રીતે સાફ કરી લો.

## બદામ તેલ અને જોજોબા તેલ

બદામના તેલને જોજોબા તેલની સાથે મિક્સ કરીને પણ એક નેચરલ મેકઅપ રીમુવર તૈયાર કરી શકાય છે.

### કેવી રીતે કરવો ઉપયોગ?

- સૌથી પહેલા તમે એક બાઉલમાં બદામ તેલ અને જોજોબા તેલને મિક્સ કરો.
- હવે તમે તેને એક નાના કન્ટેનરમાં નાખો.
- મેકઅપને દૂર કરવા માટે તમે મિશ્રણમાં કોટન બોલને ડૂબાવો.
- તમારા ચહેરા પર લગાવો અને હળવા હાથે મસાજ કરો.
- હવે તમે તમારા ચહેરાને પાણીથી ધોઈ લો.
- અંતે માઈલ્ડ ક્લીંઝરથી ચહેરાને સાફ કરો.

## બદામના તેલથી બનાવો મેકઅપ રિમૂવર વાઈપ્સ

તમે ઈચ્છો તો બદામના તેલથી મેકઅપ રિમૂવર વાઈપ્સ પણ બનાવી શકો છો. તેનો ઉપયોગ કરવો પણ એકદમ સરળ છે. સૌથી પહેલા તમે ફ્રેશ ટિશ્યુ અથવા કોટન પેડને નાના ટુકડાઓમાં કાપી લો. હવે તમે એક કન્ટેનરમાં બદામનું તેલ અને ગુલાબજળ નાખીને મિક્સ કરો. હવે તમે કાપેલા ટીશ્યુ અથવા પેડને કન્ટેનરમાં મૂકો, જેથી તે મિશ્રણને શોષી શકે.

## Valentines Day Makeup Looks

# વેલેન્ટાઈન ડે પર દેખાવા માંગો છો એકદમ અલગ

### ટ્રાય કરો આ સરળ મેકઅપ લુક...



મેકઅપ કરવો એ દરેક છોકરીને પસંદ હોય છે. તે તેમની સુંદરતામાં ચાર ચાંદ લગાવવાનું કામ કરે છે. હવે ટૂંક સમયમાં જ વેલેન્ટાઈન ડે આવી રહ્યો છે અને છોકરીઓ તેમના લુક્સને વધુ બેસ્ટ બનાવવામાં લાગી ગઈ છે. જો તમે પણ તમારા વેલેન્ટાઈન લુકને વધુ સારો બનાવવા માંગો છો, તો આજે અમે તમને કેટલાક મેકઅપ આઈડિયા જણાવી રહ્યા છીએ જે તમારા લુકને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરશે.

## રોઝ ગોલ્ડ શિમર મેકઅપ લુક કરો ટ્રાય

વેલેન્ટાઈન ડે પર સુંદર દેખાવા માટે તમે રોઝ ગોલ્ડ શિમર મેકઅપ લુકને ટ્રાય કરી શકો છો. આ મેકઅપ લુક એકદમ ક્લાસી હોય છે, જેથી તેને સાથે રાખવો પણ ખૂબ જ સરળ હોય છે. આમાં તમારે માત્ર આંખના મેકઅપ પર ધ્યાન આપવું પડે છે, જેના પર તમારે રોઝ ગોલ્ડ શિમરનો ઉપયોગ કરવાનો હોય છે અને બેઝને થોડો ગ્લોસી રાખવાનો હોય છે. આ રીતે તમારો લુક તૈયાર થઈ જાય છે.

**પિંક મેકઅપ લુક :** જો તમને પિંક કલર ગમે છે તો તમે પિંક મેકઅપ લુક્સને બનાવી શકો છો. આ માટે તમારે ફાઉન્ડેશન, પિંક ટિન્ટ અને લિપસ્ટિકની જરૂર પડશે. આ માટે તમારે ફાઉન્ડેશન અને મેકઅપ પાઉડરથી બેઝને સેટ કરવાનો છે, પછી ટીન્ટનો ઉપયોગ કરીને આઈશેડો અને બ્લશ લગાવવાનું છે. આ પછી લિપસ્ટિકનો રંગ પણ પિક પસંદ કરવાનો છે. આ રીતે તમારો મેકઅપ લુક બની જશે.
વેલેન્ટાઈન ડે પર ઘણા લોકો નાઈટ પાર્ટીઓમાં પણ જાય છે, પરંતુ ઘણી વખત એવું બને છે કે તેના માટે મેકઅપ લુક સમજી શકાતો નથી. આવી સ્થિતિમાં તમે બોલ્ડ રેડ લિપ્સ મેકઅપ લુકને બનાવી શકો છો. તે સિમ્પલ હોય છે અને સરળતાથી પણ થઈ શકે છે. આમાં તમારે આખો મેકઅપ લાઈટ રાખવાનો છે, ફક્ત તમારે લિપ્સને બોલ્ડ રેડ કલરના કરવાના છે.

# Skin Care Tips: સ્વાસ્થ્યની સાથે સ્કિન માટે પણ ફાયદેમંદ છે દહીં, આ રીતે કરો ઉપયોગ



### ફાયદા

ત્વચા પર નિખાર લાવવા માટે દહીં ફાયદાકારક હોય છે. દહીં સ્કિનમાં દેખાતા એન્જિંગ સાયન્સને ઘટાડવામાં મદદ કરે છે. તેના ઉપયોગથી ચહેરાની ત્વચા લાંબા સમય સુધી સુંદર દેખાય છે.
મધ ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવામાં મદદ કરે છે. મધ ચહેરા પરના છિદ્રોને સાફ કરવામાં અને ડાર્ક સ્પોટ્સ ઘટાડવામાં મદદરૂપ થાય છે. ત્વચાને નેચરલી એક્સફોલિએટ કરવા માટે મધ ખૂબ જ ફાયદાકારક છે.

### કેવી રીતે કરવો ઉપયોગ?

સૌથી પહેલા એક બાઉલમાં 2 ચમચી દહીં અને 1 ચમચી મધ ઉમેરો.
આ બંને વસ્તુઓને સારી રીતે મિક્સ કરીને ચહેરા પર લગાવો.
આ ફેસ પેકને ચહેરાની ત્વચા પર 20 મિનિટ સુધી રહેવા દો. હવે પાણી અને રૂની મદદથી ચહેરો સાફ કરો.
તમે અઠવાડિયામાં 2 થી 3 વખત તમારા ચહેરા પર આ ઉપાય અજમાવી શકો છો. ચહેરા પર સતત તેનો ઉપયોગ કરવાથી ત્વચા મુલાયમ બની રહેશે અને તમે યુવાન દેખાશો.

આપણે જોઈએ છીએ કે શિયાળાની ઋતુ સામાન્ય રીતે ખૂબ જ ખુશનુમા હોય છે, પરંતુ તે પોતાની સાથે ત્વચા સંબંધિત ઘણી સમસ્યાઓ પણ લઈને આવે છે. સ્કિન એક્સપર્ટ્સનું કહેવું છે કે, આ ઋતુમાં તાપમાનમાં ઘટાડો થવાને કારણે ત્વચામાં ભેજનું પ્રમાણ ઘટી જાય છે. ડિહાઈડ્રેશનની સમસ્યાની સાથે જ ત્વચા પર ખંજવાળ અને કરચલીઓ વધી જાય છે. આ જ કારણ છે કે શિયાળામાં ત્વચાની ખાસ કાળજી લેવી જરૂરી છે. જો તમારી ત્વચા પર પણ શુષ્કતા આવી જાય છે અથવા જો ડાઘ તમને પરેશાન કરી રહ્યા છે, તો દહીં તમારી મદદ કરી શકે છે. આ લેખમાં અમે તમને દહીંમાંથી તૈયાર કરવામાં આવેલા ફેકપેક વિશે માહિતી આપી રહ્યા છીએ, જેનો ઉપયોગ કરીને તમે ત્વચાની અનેક પ્રકારની સમસ્યાઓથી છુટકારો મેળવી શકો છો.

# બનાવો સુગર ફેસ સ્ક્રબ, ચહેરા પર આવશે નેચરલ ગ્લો

આપણે બધાને મીઠાઈ ખૂબ જ પસંદ હોય છે. તેને બનાવવા માટે ખાંડનો ઉપયોગ કરવામાં આવે છે. આપણા બધાના ઘરમાં ખાંડનો ઉપયોગ ખૂબ મોટી માત્રામાં થાય છે. એવી રીતે શું તમે જાણો છો કે તમે તેનો ઉપયોગ ફેસ સ્ક્રબ બનાવવા માટે પણ કરી શકો છો. તમે ખાંડથી ઘરે જ ફેસ સ્ક્રબ બનાવી શકો છો. તે ચહેરા પરથી ડેડ સ્કિન સેલ્સને દૂર કરે છે અને ચહેરા પર નવી રંગત લાવે છે. આ સાથે જ તે ચહેરા પરથી કરચલીઓ દૂર કરવામાં મદદ કરે છે.



### ક્લેન્ઝરની જેમ કરે છે કામ

તમે ચહેરાને ક્લીન કરવા માટે આ ફેસ સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. તેનાથી ચહેરા પર ચમક આવશે. સૌથી પહેલા આ ફેસમાસ્કને લગાવો ત્યારબાદ ભીના ટુવાલથી ચહેરો સાફ કરો અને પાણીથી ચહેરો ધોઈ લો.

### સુગર ફેસ સ્ક્રબનો ઉપયોગ કેવી રીતે કરવો

જો ડેડ સેલ્સને કારણે તમારા ચહેરાનો નિખાર ખોવાઈ ગયો છે તો આ માટે તમે સુગર ફેસ સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. તેનો સ્ક્રબ તરીકે ઉપયોગ કરવા માટે તમારા હાથમાં પાણી લો અને તેમાં બે ચમચી ખાંડ લો અને તેને ચહેરા પર હલકા હાથે મસાજ કરો. 3થી 4 મિનિટમાં ચહેરા પર ગ્લો દેખાવા લાગશે.

### ગ્રીન ટી અને ખાંડનો ઉપયોગ

જણાવી દઈએ કે ગ્રીન ટીમાં એન્ટી એન્જિંગ ગુણધર્મો જોવા મળે છે. આનાથી ચહેરાની કરચલીઓ ઓછી થાય છે અને તે ઘાને મટાડવામાં મદદરૂપ થાય છે. સૌથી પહેલા ગ્રીન ટીને પાણીમાં મિક્સ કરીને ફિલ્ટર કરો અને તેમાં ખાંડ ઉમેરો. આ ફેસ સ્ક્રબને ચહેરા પર લગાવો અને થોડા દિવસોમાં તમે કરચલીઓથી છુટકારો મેળવશો.

## Egg Hair Mask...

# ઈંડામાં મિક્સ કરીને લગાવો આ 5 વસ્તુ અને મેળવો હેરફૉલ અને ડેન્ડ્રફથી છૂટકારો...



**જો તમે વાળને નરમ અને ચમકદાર બનાવવા માંગો છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. આ સમાચારમાં અમે તમને કેટલાક એવા હેર માસ્ક વિશે માહિતી આપી રહ્યા છીએ, જેની મદદથી તમે વાળની સારી સંભાળ રાખી શકો છો.**

### વાળ માટે ફાયદાકારક છે ઈંડા

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા મુજબ, પ્રોટીન અને બાયોટિનથી ભરપૂર ઈંડાનું હેર માસ્ક નુકસાન વાળને જરૂરી પોષણ અને ચમક આપી શકે છે. ઈંડા સ્કૈલ્પની કંડીશનિંગ કરીને વાળને તૂટતા પણ અટકાવે છે અને વાળનો ગ્રોથ પણ વધારે છે.

### ઓલિવ, એલોવેરા અને ઈંડા

પ્રથમ તમારે એલોવેરા અને ઓલિવ તેલની જરૂર પડશે. એલોવેરા તમારા વાળ માટે એક મહાન સ્ટ્રેંથિંગ એજન્ટ તરીકે કામ કરે છે. તેને ઓલિવ ઓઈલ સાથે મિક્સ કરવાથી વાળ મજબૂત બને છે.

### આ રીતે કરો ઉપયોગ

- એક વાટકીમાં એક 2-3 ચમચી ઈંડાની જરદી લો
- હવે 4-5 ચમચી એલોવેરા જેલ લો.
- હવે 1 મોટી ચમચી ઓલિલ તેલને ગરમ કરો.
- આ ત્રણેયને મિક્સ કરો અને તમારા વાળના મૂળમાં લગાવો.
- 30 મિનિટ પછી વાળને ઠંડા પાણીથી ધોઈ લો.

### ઈંડા અને દહીં

ઈંડા અને દહીંનો એકસાથે ઉપયોગ કરવાથી નબળા વાળ મજબૂત થાય છે, પરંતુ દહીંમાં વાળને ખરતા અટકાવવા અને ડેન્ડ્રફને દૂર કરવાના ગુણધર્મો હોય છે.

### ઈંડા અને દહીંના માસ્કનો ઉપયોગ કરો

- એક વાટકીમાં ઈંડાની જરદી, 3-4 ચમચી દહીં, 1 ચમચી લીંબુનો રસ મિક્સ કરો.
- હવે બ્રશની મદદથી ધીરે-ધીરે વાળના મૂળમાં આ પેસ્ટ લગાવો.
- એક કલાક પછી શેમ્પૂથી વાળને ધોઇ લો.

# “હજારો ગુલાબ છે મેળાવડા માં પણ મારું ગુલાબ સૌથી ખૂબ સુરત છે...”



**રોઝ ડે**

- રુપાલી દવે

..ઓહ!!આજ રોઝ ડે છે શું કરું? ઘરેથી જુનવાણી કહીશ કે હેપ્પી રોઝ ડે ડાર્લિંગ તો શરમાઈ ને બોલશે કે શું વેવલા વેડા પાળિયા છે. આપણા ને આ ઉંમરે આવું બધું ના સારું લાગે. બા બાપુજી સાંભળી જશે તો ને છોકરાઓ મજાક કરશે સમજો મોટા અંગ્રેજ થઈ ને ના ફરો બાપા.. ફેબ્રુઆરીની ૭ તારીખ થી શરુ થઈને ૧૪ તારીખ સુધીના દિવસો વેલેન્ટાઇન ડે ના નામે ઓળખાય છે. પહેલા દિવસ ૭ તારીખ ને રોઝ ડે નિમિતે યુવક યુવતીઓ ઉજવે છે.આ દિવસો શરૂ કેમ અને કેવી રીતે થયા એ વિશે અનેકો અનેક પ્રશ્ન થવા એ સ્વભાવિક છે. યુરોપિયન ભૂમિ પરથી યુગો પહેલા આ ટ્રેન્ડ શરૂ થયો હતો.યુગો પહેલા ટેકનોલોજી નો વિકાસ દુનિયા માં થયો નહતો ત્યારે માન્યતા અનુસાર વિદેશમાં ૭થી૧૪ફેબ્રુઆરી સુધી પ્રેમ સબંધને ઈશ્વરની કૃપા ને મનુષ્યનું જીવન માનતા સંત વેલેન્ટાઈનના નામે યુરોપ ના પ્રત્યેક સ્ટેટ ના રાજા ના રાજમહેલ માં રંગારંગ પ્રવૃતિઓ ને ધામધૂમ થી ઉત્સવ ઉજવવા નો શરૂ થયો હતો. સાચા અર્થ માં આ ઉત્સવ એ પરણવા લાયક યુવક યુવતી નું એક પ્રકારે મેલ મિલાપ સમજો.મતલબ દેશી શબ્દોમાં જ્ઞાતિઓમાં અવાર નવાર થતાં “લગ્ન મેળાવડા” આ વેલેન્ટાઇન ડે ઉત્સવ નું આયોજન મોટાભાગે રાજ મહેલ માં જ કરવામાં આવતું હતું.એમાં સામન્ય માણસ થી લઈને રાજા ના રાજકુંવર પણ સામેલ થતાં હતાં.આખો દિવસ વિવિધ પ્રવૃત્તિઓ,ભોજન, ડાન્સ માં ખુશી ખુશી વીતતો હતો.દિવસભર સાથે રહીને કાર્યક્રમ દરમિયાન યુવકો ની મનપસંદ યુવતીઓ સાથે ને યુવતીઓ ની મનપસંદ યુવક સાથે નજર મળી જતી હતી ત્યારે રેડ રોઝ આપીને એકબીજા ને પ્રપોઝ કરતા હતા.આ કપલ સતત ૧૪ તારીખ સુધી વિવિધ ડે ચોકલેટ ડે વગેરે એન્જોય કરીને વેડિંગ માટે દિવસ નક્કી કરે છે.આ ખાસ દિવસ નું યુરોપિયન દેશોમાં અત્યંત મહત્વ છે ને આજ પણ વેલેન્ટાઇન ના ૭થી૧૪દિવસ નું આયોજન મોટાપાયે થતું હોય છે. .

લાલ ગુલાબ નું ફૂલ એ પ્રેમ નું પ્રતિક માનવા મા આવે છે. ગ્રીક પૌરાણિક કથા અનુસાર લાલ ગુલાબ પ્રેમ ની દેવી શુક્ર નું પ્રિય ફૂલ છે.આમ rose અંગ્રેજી શબ્દો ને સરખી રીતે ગોઠવો તો “eros” બની જાય છે. કથા અનુસાર આ “eros” શબ્દ એ પ્રેમ નો દેવ નું નામ છે.પ્રેમની દેવી શુક્ર નું પ્રિય ફૂલ ગુલાબ હોવાથી વેલેન્ટાઇન ડેની શરૂઆત રોઝ ડે થી થાય છે.મુઘલ સામ્રાજ્ય ના યુગમાં રાજા જહાંગીર ને એની પત્ની નૂરજહાં અત્યંત પ્રિય હતી.

એ નૂરજહાં ને પ્રિય લાલ ગુલાબ ના ફૂલ નિયમિત એક ટન પત્ની ના મહેલ મોકલતા હતા.જહાંગીર અને નૂરજહાં ની લવ સ્ટોરી ઘણી પ્રસિધ્ધ છે. પ્રાચીન રોમ મા લુપર કેલિયા નામક ઉત્સવ ઉજવવામાં આવતો હતો જે ત્યાં આજ પણ ઉજવાય છે.આ ઉત્સવ ફળદ્રપ્તા ના દેવ ને સમર્પિત હતો.આ ઉત્સવ માં લોકો ભેટો ની આપલે કરતા અને એકબીજા માટે સ્નેહ વ્યક્ત કરતા હતા. જે આગળ જતાં વેલેન્ટાઇન ડે ના નામે પ્રસિદ્ધ થયો ને પ્રેમ સાથે લાલ ગુલાબ ના ફૂલ એકબીજા ને આપવા નો રિવાજ બન્યો..

પ્રદેશ અને સંસ્કૃતિ ના હિસાબે રોઝ ડે ની ઉજવણી વિવિધ પ્રકારે થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમ ના લોકો ગુલાબ નું ફૂલ એના મિત્રો,પરિવાર ના સભ્યો વગેરે ને આપી ને રોઝ દે મનાવે છે. જે વ્યક્તિ એકબીજા ના પ્રેમમાં છે એ લોકો રોઝ ડે ના દિવસે ડેટ પર જઈને એકબીજા સાથે વિતાવે છે.અન્ય કેનેડા,યુ.એસ વગેરે દેશ માં “રોઝ ડે” નો મતલબ માત્ર લવિંગ મોસ્ટ મતલબ જેને સૌથી વધારે પ્રેમ કરો છો એને જ રેડ રોઝ આપવા નો નિયમ છે.એ કપલ યુવાન હોવું જરૂરી નથી કોઈપણ ઉમરની વ્યક્તિ એની અત્યંત પ્રિય વ્યક્તિ ને રોઝ ડે ના દિવસે રોઝ આપીને ૭ થી ૧૪ તારીખ સુધી રોમેન્ટિક ડેટ માટે ટુર પર જાય છે.

ભારત માં વર્તમાન યુગ માં વેલેન્ટાઇન ડે નું ચલણ વધ્યું છે આપણા ત્યાં કુંવારા યુવક યુવતીઓ મનગમતા પાત્ર ને પ્રેમની લાગણીઓ વ્યક્ત કરવા લાલ ગુલાબ આપે છે.પરંતુ પ્રત્યેક લાલ ગુલાબ નો સ્વીકાર થવો મુશ્કેલ છે એનું મુખ્ય કારણ એ છે કે ભારતીય સંસ્કૃતિ ની વિચાર ધારા એ અત્યંત રૂઢિચુસ્ત છે. વસંત પંચમી ના દિવસ ને પ્રેમ અને લગ્ન માટે પવિત્ર માનવા મા આવે છે. વિવાહ પહેલા ના સ્ત્રી પુરુષ ના સબંધો સમાજ સ્વીકારતો નથી. લગ્ન પહેલા ના સબંધ એ લાંબા ટકતા નથી એનું મુખ્ય કારણ છે કે પ્રેમ થી જીવન ની જરૂરિયાત પૂરી થતી નથી હોતી. એનો મતલબ એ નથી કે પ્રેમ લગ્નો મોટા ભાગે ચાલતા નથી..ના બિલકુલ નહી વર્તમાન સમયમાં ઍરેંજ મેરેજ કરતા પણ વધારે પ્રેમ લગ્નો ટકે છે. એનું કારણ ઉમર સાથેની પુખ્તતા એ પતિ પત્ની ને એકબીજા સાથે જોડી ને રાખે છે.લાલ કલર એ શુક્ર ગ્રહ નો રંગ છે ને ગુલાબ નો ગુણધર્મ શીતળતા આપવાનો છે.આ કારણો સર લાલ ગુલાબ નો ઉપયોગ મોટા ભાગે ભારત માં લગ્ન વિધિ પૂર્ણ થયા બાદ સુહાગની સેજ સજાવવા માં ઉપયોગ માં લેવા માં આવે છે..આના પાછળ નું મુખ્ય કારણ બે વ્યક્તિઓ ના સબંધ, પ્રેમ અને લાગણીઓ મજબૂત બને છે..પતિપત્ની ની ગૃહસ્થી એ સુહાગ ના સેજ થી શરુ થઈ ને લાઈફ ટાઈમ ખુશહાલ રહે એ માટે લાલ ગુલાબ નો વિશેષ ઉપયોગ થતો હોય છે.

> **લાલ ગુલાબ નું ફૂલ એ પ્રેમ નું પ્રતિક માનવા મા આવે છે. ગ્રીક પૌરાણિક કથા અનુસાર લાલ ગુલાબ પ્રેમ ની દેવી શુક્ર નું પ્રિય ફૂલ છે.આમ ROSE અંગ્રેજી શબ્દો ને સરખી રીતે ગોઠવો તો “EROS” બની જાય છે. કથા અનુસાર આ “EROS” શબ્દ એ પ્રેમ નો દેવ નું નામ છે.**

રોઝ ડે નિમિતે લખેલા મેસેજ ખરેખર ખૂબ સુંદર હોય છે

જેવીકે:

“આ દુનિયા માં બે વસ્તુઓ નથી માપી શકાતી મારા માટેનો તમારો પ્રેમ અને ગુલાબ ની સુંદરતા”

“હજારો ગુલાબ છે મેળાવડા માં પણ મારું ગુલાબ સૌથી ખૂબ સુરત છે..”

“ડાળીઓમાં કાંટા તો વધારે છે પરંતુ ગુલાબ ની ખૂબ સુરતી ને સાચવવા કાંટા જરૂરી છે..”..

“મહેફિલ માં જયાં જયાં નજર કરું ત્યાં તુ છો મારા દિલ માં વસેલું તુ લાલ ગુલાબ નું ફૂલ છો..”

વગેરે વગેરે અનેક રોઝ ના ડે નિમિતે પ્રેમ ભર્યા મેસેજ પ્રેમી પ્રેમિકા એ એકબીજા ને લખ્યા છે..ફેબ્રુઆરી મહિનો રોમેન્ટિક એટલો છે કે નીરસ વ્યક્તિ ને પણ લાલ ગુલાબ આપી ને પ્રેમિકા સામે મૂકી દેશે.

મારું માનવું છે કે યુવકો એ એની પ્રેમિકા ને રેડ રોઝ આપ્યા બાદ અમુક દિવસો બાદ એને મજાક મજાકમાં લેતા નહિ.એનું કારણ છે કે જે વ્યક્તિ ને તમે રેડ રોઝ આપીને આઈ.લવ.યુ. બોલ્યા છો એ પ્રેમિકાનું દિલ તૂટશે તો લાઈફ માં લાલ ગુલાબ ના ફૂલ તો ઘણા મળશે પરંતુ એ કાંટા સાથે મળશે. આઈ.લવ.યુ મતલબ સંપૂર્ણ સમર્પણ..આ શબ્દ ની વેલ્યુ એ પ્રેમી ની પ્રેમિકા સાથે અને પ્રેમિકા ની પ્રેમી સાથે નું સંપૂર્ણ સમર્પણ સૂચવે છે. રોઝ ડે,ચોકલેટ ડે, ટેડી ડે વગેરે દિવસો આવશે ને પૂરા પણ થઈ જશે પરંતુ શુક્ર ગ્રહ નું સૂચક લાલ ગુલાબ નું ફૂલ તમે વ્યક્ત કરેલ લાગણીઓ નું પ્રતિક બન્યું છે એટલું ધ્યાન રાખજો. પ્રેમ નાટક કે ફિલ્મ નથી એ વાસ્તવિકતા અને ભ્રમ વચ્ચેની પાતળી રેખા છે એટલું ધ્યાન રાખો છો..એવું ય નથી પ્રેમ થઈ જાય એમાં કોઈનું કંઈ ચાલતું નથી કેવી રીતે? :

“સુનીએ કહીએ..કહીએ સુનીએ.. કહેતે સુનતે બાતો બાતો મે પ્યાર હો જાયેગા..”



## ‘કચ્છનું રણ બાપુ એક નંબર’, ફિલ્મનું શૂટિંગ કરવા ગુજરાત આવેલા જેકી શ્રોફ થયા અભિભૂત

બૉલીવુડ અભિનેતા જેકી શ્રોફ કચ્છની મુલાકાતે આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે હાલમાં જેકી શ્રોફની આગામી ફિલ્મ ‘ટુ ઝીરો વન ફોર’નું શૂટિંગ કચ્છના સફેદ રણમાં ચાલી રહ્યું છે. અભિનેતા જેકી શ્રોફે પ્રથમ વખત જ કચ્છનું રણ નિહાળ્યું છે, એક્ટર કચ્છના સફેદ રણને જોઈને મંત્રમુગ્ધ થયા હતા. જેનો એક વીડિયો એક્ટરે પોતાના ઈન્સ્ટાગ્રામના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કર્યો છે. એક્ટરે બે વીડિયો પોસ્ટ કર્યા છે. જેમાં તે કહી રહ્યાં છે, ‘કચ્છનું રણ બાપુ એક નંબર’ છે. કચ્છનું નમક પણ એક નંબરનું છે. આ સિવાય પહેલાં વીડિયોમાં તે ઊંટના ફૂટ પ્રિન્ટ બતાવી રહ્યાં છે. આ વીડિયો પોસ્ટ કરતાં એક્ટરે કેપ્શનમાં લખ્યુ, The Beautiful rann Of kutch. ફિલ્મની વાત કરીએ તો, ફિલ્મ ‘ટુ ઝીરો વન ફોર’માં જેકી શ્રોફ સાથે અક્ષય ઓબરોય, મુકેશ રિશી, શિશિર શર્મા વગેરે સ્ટાર કાસ્ટ છે. એક્ટર જેકી શ્રોફે શેર કરાલા બંને વડિયોમાં તે સફેદ રણના વખાણ કરી રહ્યા છે. આ સાથે તેઓ વીડિયોમાં સફેદ રણમાં ઊંટના પગલા પણ બતાવી રહ્યા છે. એટલું જ નહીં જેકી શ્રોફ આંગળીના ટેરવે રણનું મીઠું ચાખે છે અને એવું પણ બોલે છે કે, એક નંબર નમક છે.





## રામાયણમાં સીતા તરીકે સાઈ પલ્લવીને સ્થાને જાહ્નવીની અટકળો



મુંબઈ : ‘રામાયણ’ ફિલ્મમાં રામ તરીકે રણબીર સાથે સીતા તરીકે હવે સાઈ પલ્લવીને બદલે જાહ્નવી કપૂર ગોઠવાઈ રહી હોવાના કેટલાક અહેવાલો વહેતા થયા હતા. આ અહેવાલો બાદ નેટ યૂઝર્સનો ગુસ્સો ભડક્યો હતો અને કેટલાય લોકોએ તો ફિલ્મનો બહિષ્કાર કરવાની પણ ચિમકી આપી દીધી હતી. નિતેશ તિવારીએ ‘રામાયણ’ પ્રોજેક્ટની શરુઆત કરી ત્યારે સીતા તરીકે આલિયા ભટ્ટનું નામ ચર્ચાયું હતું. તે પછી છેલ્લા કેટલાય સમયથી એ લગભગ કન્ફર્મ મનાય છે કે સાઉથની સ્ટાર સાઈ પલ્લવી સીતાનો રોલ ભજવી રહી છે.

જોકે, હાલમાં ઈન્ટરનેટ પર ફરતા થયેલા કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે સીતા માતા તરીકે સાઈ પલ્લવીની પણ બાદબાકી થઈ ગઈ છે અને તેની જગ્યાએ જાહ્નવી કપૂરની પસંદગી કરી લેવામાં આવી છે. આ અહેવાલોને પગલે નેટ યૂઝર્સમાં ભારે રોષ ફેલાયો હતો. કેટલાય લોકોએ લખ્યું હતું કે જાહ્નવી ખરાબ ફિટિંગ ધરાવતાં વસ્ત્રો ધારણ કરવાથી વિશેષ કોઈ આવડત ધરાવતી નથી. સીતા માતા જેવું ગાંભીર્ય ધરાવતું પાત્ર તેને સ્હેજે સૂટ નહીં થાય. કેટલાક લોકોએ તો એવી ટીખળ કરી હતી કજાહ્નવી કરતાં તો વધુ એક્સપ્રેશન્સ મારું વોલ ક્લોક આપે છે. કેટલાય લોકોએ સાઈ પલ્લવીની બહેતરીન ફિલ્મોને યાદ કરી હતી. જોકે, તરત જ ફિલ્મની ટીમ તરફથી હોવાનો દાવો કરતા કેટલાક લોકોએ વળતો દાવો કર્યો હતો કે આ અહેવાલો ખોટા છે. નિતેશ તિવારીએ ક્યારેય જાહ્નવીનો સંપર્ક કર્યો જ નથી. આ ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં શરુ થવાનું છે. રાવણ તરીકે યશ અને હનુમાનજીના પાત્રમાં સની દેઓલની પસંદગી થઈ ચૂકી છે.

**વર્ષની પહેલી ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ**

## ‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’, એડવાન્સ બુકિંગમાં કર્યો ધમાકો

નવી મુંબઇ : શાહિદ કપૂર અને કૃતિ સેનનની મોસ્ટ અવેઈટેડ રોમેન્ટિક કોમેડી ‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’ ખૂબ ચર્ચામાં છે. ચાહકો આ સ્ટાર્સની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રી જોવા માટે બેતાબ છે. આ સાથે જ ફિલ્મના પ્રથમ દિવસ માટે જબરદસ્ત એડવાન્સ બુકિંગ પણ થઈ રહ્યું છે.શાહિદ કપૂર અને કૃતિ સેનનની જોડી પહેલીવાર ‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’માં સ્ક્રીન પર જોવા મળશે. આ સાથે જ ચાહકો આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’ના પ્રથમ દિવસનું એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. SACNILCના રિપોર્ટ અનુસાર, ફિલ્મની અત્યાર સુધીમાં 4 હજાર 758 ટિકિટ વેચાઈ છે, જેના




પરિણામે કુલ 13.26 લાખ રૂપિયાનું કલેક્શન થયું છે. રિઝનલ લેવલ પર મહારાષ્ટ્ર રૂ. 4.67 લાખના કલેક્શન સાથે મોખરે છે, ત્યારબાદ દિલ્હી રૂ. 4.05 લાખ સાથે બીજા ક્રમે છે. છત્તીસગઢે ફિલ્મના પ્રભાવશાળી ઓપનિંગ કલેક્શનમાં રૂ. 1.51 લાખનું યોગદાન આપીને ત્રીજું સ્થાન મેળવ્યું છે. ફિલ્મના એડવાન્સ બુકિંગના આંકડા સૂચવે છે કે ‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’ને સારી ઓપનિંગ મળી શકે છે.‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’ કોમ્પ્યુટર એન્જિનિયર આર્યનની સ્ટોરી છે. આ પાત્ર શાહિદ કપૂરે ભજવ્યું છે. ફિલ્મમાં આર્યન એટલે કે શાહિદ કૃતિ દ્વારા ભજવવામાં આવેલી સિફ્રાના પ્રેમમાં પડે છે. શરૂઆતમાં શાહિદ કપૂરને જાણ નથી હોતી કે, SIFRA નો અર્થ સુપર ઈન્ટેલિજન્ટ ફીમેલ રોબોટ ઓટોમેશન છે. આર્યન સિફ્રા સાથે જેટલો વધુ સમય વિતાવે છે તેટલો જ તે તેના પ્રેમમાં પડતો જાય છે. એક દિવસ આર્યનને ખબર પડી કે, સિફ્રા એક રોબોટ છે અને તેની બેટરી ઓછી છે. આર્યન એ જાણીને ચોંકી ગયો છે કે તે આ સમય દરમિયાન એક રોબોટના પ્રેમમાં હતો. આ પછી કઈ પરિસ્થિતિ આવે છે તે તો ફિલ્મ જોયા પછી જ ખબર પડશે.

## ધર્મેન્દ્ર -હેમાની દીકરી ઈશા દેઓલે આખરે છૂટાછેડાની જાહેરાત કરી

મુંબઈ : ધર્મેન્દ્ર અને હેમા માલિનીની દીકરી ઈશા દેઓલના આખરે છૂટાછેડા થઈ ગયા છે. ઈશા અને ભરત તખ્તાનીએ બંને છૂટાં પડી ગયાં હોવાની સંયુક્ત જાહેરાત કરી હતી. ૧૨ વર્ષ પહેલાં બંનેનાં લગ્ન થયાં હતાં. તેમેન બે સંતાનો પણ છે. છૂટાછેડાની જાહેરાતમાં તેમણે જાહેર કર્યું છે બંને સંતાનોની તેઓ સંપૂર્ણ કાળજી રાખશે. ઈશા અને ભરત તખ્તાનીનું લગ્નજીવન ડામાડોળ બન્યું હોવાની અટકળો છેલ્લા કેટલાય સમયથી ચાલી રહી હતી. પાછલા કેટલાય મહિનાઓથી ઈશા દર વખતે એકલી અથવા તો તેની માતા હેમા માલિની સાથે જ દેખાતી હતી. થોડા સમય પહેલાં હેમા માલિનીએ પોતાનો જન્મદિન ધામધૂમથી મનાવ્યો ત્યારે ભરત તેમાં હાજર રહ્યો ન હતો. ખુદ ઈશાના જન્મદિનની ઉજવણીની તસવીરોમાં પણ ભરતની ગેરહાજરી વર્તાઈ હતી.થોડા સમય પહેલાં ઈશા દેઓલે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ભરતની તમામ તસવીરો ડિલીટ કરી દીધી હતી તે પછી તેઓ બંને છૂટાં પડી રહ્યાં હોવાની અટકળો



વધારે વ્યાપક બની હતી. બોલીવૂડ વર્તુળોમાં એવી ચર્ચા ચાલતી હતી કે ભરત તખ્તાનીનું અન્ય મહિલા સાથે અફેર ચાલી રહ્યું છે અને તેના કારણે બંનેનાં લગ્નજીવનમાં કડવાશ વ્યાપી છે. ઈશા અને ભરતને છ વર્ષની રાધ્યા અને ચાર વર્ષની મિરાયા એમ બે દીકરીઓ છે. બંનેએ સંયુક્ત નિવેદનમાં જાહેર કર્યું છે તેઓ આ દીકરીઓની સંપૂર્ણ સંભાળ લેશે. ૨૦૧૨ની ૨૯મી જુન મુબઈમાં ઈસ્કોન ટેમ્પલ ખાતે એક સાદા સમારોહમાં તેમનાં લગ્ન થયાં હતાં. આ લગ્ન સમારોહમાં બહુ અંગત વ્યક્તિઓને જ આમંત્રણ અપાયું હતું.

## પ્રિયદર્શન અક્ષય કુમાર માટે એક ફ્રેશ ફિલ્મ બનાવશે

મુંબઈ : બોલીવૂડમાં એક સમયે બોક્સ ઓફિસ પર સફળતાની ગેરન્ટી મનાતો અક્ષય કુમાર હાલ એકાદ હિટ પ્રોજેક્ટની શોધમાં છે તેવા સમયે તેને અનેક હિટ ફિલ્મો આપનારા ડાયરેક્ટર પ્રિયદર્શન તેની વહારે આવ્યા છે. પ્રિયદર્શને અક્ષય કુમાર સાથે એક નવા જ સબ્જેક્ટ પર કોમેડી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું છે. પ્રિયદર્શન અક્ષય કુમાર સાથે અગાઉ ‘હેરાફેરી’, ‘ભૂલભૂલૈયા’ તથા ‘ગરમ મસાલા’ જેવી ફિલ્મો આપી ચૂક્યા છે. બંને વચ્ચે બહુ સારું ટયુનિંગ પણ છે. છેલ્લે ૨૦૧૦માં તેમણે ‘ખટ્ટામિઠ્ઠા’ નામની ફિલ્મ કરી હતી. હવે ૧૪ વર્ષના અંતર બાદ તેઓ ફરી સાથે આવી રહ્યા છે. આમ તો છેલ્લા કેટલાય સમયથી અક્ષય કુમાર પોતાની બધી ફિલ્મોમાં સહ નિર્માતા તરીકે જોડાઈ જાય છે. જોકે, આ ફિલ્મમાં એકતા કપૂર પણ સહ નિર્માતા બને તેવી સંભાવના છે. છેલ્લા કેટલાય સમયથી અક્ષય કુમારની ફિલ્મો લાગલગાટ નિષ્ફળ જઈ રહી છે.



## દિશા પટાનીએ રેડ પરી બનીને બતાવ્યો બોલ્ડ અંદાજ,મિની સ્કર્ટમાં આપ્યા સિઝલિંગ પોઝ

બોલિવૂડમાં પોતાની ફિટનેસ અને હોટનેસ માટે પ્રખ્યાત અભિનેત્રી દિશા પટાનીએ ફરી એકવાર ઈન્સ્ટાગ્રામ પર ધૂમ મચાવી છે. આ લેટેસ્ટ ફોટોઝમાં દિશા પટણી ખૂબ જ સુંદર લાગી રહી છે જે તમે આ ફોટોઝમાં સ્પષ્ટ જોઈ શકો છો. દિશા પટણી ગ્લેમરનો સ્પર્શ ઉમેરતી જોવા મળે છે જો દિશા પટણીના લૂક વિશે વાત કરીએ તો, તે ચમકદાર લાલ ડીપ નેક ક્રોપ ટોપ અને સ્લિટ મિની સ્કર્ટમાં અદભૂત પોઝ આપતી જોવા મળે છે. આ તસવીરોમાં દિશા પટણી તેની પાતળી કમર અને કર્વી ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. દિશા પટાનીએ સ્મોકી મેકઅપ સાથે લાઈટ કર્લી ઓપન હેરસ્ટાઈલ મેચ કર્યા છે.આ તસવીરો શેર કરતી વખતે દિશા પટાનીએ તેને કોઈ પણ કેપ્શન વિના માત્ર એક ફૂલ ઈમોજી સાથે શેર કરી હતી. દિશા પટણીના સોશિયલ મીડિયા પર લાખો ચાહકો છે જેઓ તેના ચિત્રો પર ટિપ્પણી કરતા જોવા મળે છે જેમ કે - ખૂબ સુંદર, ખૂબસૂરત, સુંદર રાણી, સ્વર્ગની સુંદરતા, ખૂબસૂરત અને અદભૂત.



## શ્રદ્ધા કપૂર માયથોલોજિકલ વિષયની ફિલ્મમાં દેખાશે

મુંબઈ : શ્રદ્ધા કપૂર આગામી સમયમાં માયથોલોજિકલ વિષય પરની તથા ટાઈમ ટ્રાવેલના વિષય પરની ફિલ્મોમાં કામ કરવાની છે. શ્રદ્ધાની ‘સ્ત્રી ટૂ’ ફિલ્મ આગામી સમયમાં રીલીઝ થવાની છે. તાજેતરમાં એક સંવાદમા તેને ભાવિ પ્રોજેક્ટસ વિશે પૂછવામાં આવ્યું હતું. તે વખતે તેણે માહિતી આપી હતી કે પોતે માયથોલોજિકલ વિષય ધરાવતી ફિલ્મમાં કામ કરવાની છે. આ ઉપરાંત તે ટાઈમ ટ્રાવેલના વિષય અંગેની પણ એક ફિલ્મમાં કામ કરવાની છે. જોકે, શ્રદ્ધાએ કહ્યુ હતું કે મારે મારી જાત પર કાબૂ રાખવો પડશે અને હું આ તબક્કે વધારે વિગતો જાહેર નહીં કરી શકું. શ્રદ્ધાની આ જાહેરાતથી તેના ચાહકો રાજી થયા છે. જોકે, તાજેતરમાં શ્રદ્ધા કપૂરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પોતે લગ્ન કરવાનો હોવાનો ઈશારો આપ્યો હતો. તે પછી તેણે આ બે વિષય પરની ફિલ્મ વિશે વાત છેડીને પોતે કારકિર્દીના મોરચે પણ આગળ વધી રહી હોવાનો સંકેત આપ્યો છે.

## અમિતાભના ઘર બહાર અભિષેક માટે ઉમટી પડ્યા લોકો, બિગ બી ચોંક્યા, બહાર આવીને માફી માંગી



મુંબઈ : અમિતાભ બચ્ચન અત્યારે ખૂબ ચર્ચામાં છે. અયોધ્યામાં રામલલા પ્રાણ પ્રતિષ્ઠામાં સામેલ થવાથી લઈને બ્લેકના ડિજિટલ રિલીઝ સુધીના સારા પ્રસંગોના કારણે બિગ બી ખૂબ ખુશ છે. બ્લેક 4 ફેબ્રુઆરીએ ઓટીટી પર રિલીઝ થઈ હતી અને એ દિવસે આ ફિલ્મે 19 વર્ષ પૂરા કર્યા. ચાર ફેબ્રુઆરીએ રવિવાર હતો. રવિવારે વર્ષોથી ચાહકો અમિતાભ બચ્ચનના ઘરે જલસામાં એકઠા થાય છે. બિગ બી તેમને મળે છે. તેમને ઓટોગ્રાફ આપે છે અને અભિવાદન કરે છે



પરંતુ આ વખતે જલસામાં ચાહકો અમિતાભ બચ્ચન માટે નહીં પરંતુ તેમના પુત્ર અભિષેક બચ્ચન માટે ઉમટ્યા. તેમણે પોતાના બ્લોગમાં ગયા રવિવારની ઘણી તસવીરો શેર કરી. આ તસવીરોમાં જલસામાં એકત્ર થયેલી ચાહકોની ભીડ જોવા મળી રહી છે. અમિતાભ ચાહકોનું અભિવાદન પણ કરી રહ્યા છે. પરંતુ ચાહકોની આ ભીડ આ વખતે અમિતાભ બચ્ચનની સાથે-સાથે તેમના પુત્ર અભિષેક બચ્ચન માટે પણ જમા થઈ. અભિષેકનો બર્થડે હતો. અભિષેકે આ વર્ષે પાંચમી ફેબ્રુઆરીએ 48મો જન્મદિવસ મનાવ્યો.અભિષેક બચ્ચનના જન્મ દિવસના એક દિવસ પહેલા બચ્ચનના આ ચાહકો હાથમાં પોસ્ટર્સ અને બેનર લઈને પહોંચ્યા હતા જેમાં અભિષેકને શુભકામના આપવાના મેસેજ લખેલા હતા. ચાહકોના હાથમાં અભિષેક બચ્ચનના અલગ-અલગ પાત્ર વાળા પોસ્ટર્સ હતા જે તેમની જર્ની અને શ્રેષ્ઠ અદાકારીની ઝલક દર્શાવી રહ્યા હતા. પુત્ર અને પોતાના માટે આટલો પ્રેમ જોઈને અમિતાભ ભાવુક થઈ ગયા. અમિતાભ બચ્ચને જલસાની આ સુંદર તસવીરો શેર કરીને લખ્યું કે, ‘...’અને આજે અભિષેકને તેમના જન્મદિવસ પર હાર્દિક શુભકામનાઓ આપવા તમામ ચાહકોને મારો ખૂબ-ખૂબ આભાર. દરેકને વ્યક્તિગત રીતે જવાબ આપવામાં સક્ષમ ન હોવા માટે હું માફી માંગુ છું. અને જ્યાં સુધી હું વ્યક્તિગત રીતે જવાબ આપતો નથી ત્યાં સુધી મને ભાવનાનો અનુભવ થતો નથી. મને એક એવી ટીમ રાખવી ખૂબ અયોગ્ય લાગે છે, જે ઘણાં લોકો માટે આવું કરી શકે છે અને કદાચ કરે પણ છે. પરંતુ હું તેનાથી બચુ છું. મને પ્રેમ મળ્યો છે, હંમેશાની જેમ. તમારા સૌનો પ્રેમ...’

## સલમાન ખાનનું આગામી ફિલ્મ ‘ધ બુલ’ માટે બોડી ટ્રાન્સફોર્મેશન, જબરદસ્ત આખી બૉડીમાં થયો ફેરફાર

મુંબઈ : બોલીવુડના ભાઈજાન એટલે કે સલમાન ખાન અત્યારે પોતાની બોડીને લઈને ખૂબ ચર્ચામાં છે. સલમાન ખાનની એક આવી જ તસવીર વાયરલ થઈ રહી છે. જેમાં એક્ટરનું ગજબનું ટ્રાન્સફોર્મેશન જોવા મળી રહ્યુ છે. ભાઈજાનના ટ્રાન્સફોર્મેશને તેમના તમામ ચાહકોને ચોંકાવી દીધા છે.સલમાન ખાનના ચાહકે સોમવારે તેમના બાંદ્રા વાળા ઘરે જઈને તેમની સાથે ફોટો ક્લિક કરાવ્યો છે. આ ફોટોમાં સલમાન ખાન ખૂબ અલગ અને સ્માર્ટ નજર આવી રહ્યા છે. તે ફોટો સામે આવી છે. જેમાં એક્ટરે બ્લેક બનિયાન અને ગ્રીન ટ્રાઉઝર પહેરેલુ છે. આ તસવીર સામે આવતા જ સલમાન ખાનના ચાહકોએ કહેવાનું શરૂ કરી દીધુ છે કે એક્ટર ટાઈગર 3 ની રિલીઝ બાદથી પોતાના લુકને છુપાવતા નજર આવી રહ્યા હતા. હવે તેમની આગામી ફિલ્મ ‘ધ બુલ’ની તૈયારી કરી રહ્યા છે. આ ફિલ્મમાં તેઓ બ્રિગ્રેડિયર ફરુખ બુલસારાના રોલમાં નજર આવશે.



# U-19 વર્લ્ડ કપની ફાઈનલમાં ભારત નવમી વખત



## સા. આફ્રિકાને રોમાંચક મેચમાં 2 વિકેટે હરાવ્યું; સચિન અને ઉદયે 171 રનની ભાગીદારી કરી

સાઉદ આફ્રિકા તા 07

ભારતે યજમાન સાઉથ આફ્રિકાને 2 વિકેટે હરાવીને અંડર-19 વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ટીમે આ ICC ટુર્નામેન્ટની નવમી વખત ટાઈટલ મેચમાં સ્થાન મેળવ્યું છે. બેનોનીમાં ભારતીય ટીમે 48 ઓવરમાં 8 વિકેટે 245 રનનો લક્ષ્યાંક ચેઝ કર્યો હતો. આ રન ચેઝમાં સચિન ધાસ (96 રન) અને કેપ્ટન ઉદય સહારન (81 રન)ની ભાગીદારીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. બંનેએ પાંચમી વિકેટ માટે 171 રન જોડ્યા હતા. ભારતીય ટીમે 32 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. આ પહેલા સાઉથ આફ્રિકાની ટીમે ટૉસ હારતા પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરમાં 7 વિકેટે 244 રન બનાવ્યા હતા. લુઆન-ડ્રે પ્રિટોરિયસ (76 રન) અને રિચર્ડ સેલેટ્સવેન (64 રન)એ અડધી સદી ફટકારી હતી. રાજ લિંબાણીએ ત્રણ વિકેટ ઝડપી હતી. મુશીર ખાનને બે સફળતા મળી.ભારતીય ટીમે 49મી ઓવરના પાંચમાં બોલ પર જીત મેળવી હતી. તેના માટે રાજ લિંબાણીએ ફોર ફટકારીને ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી. ભારતની ફાઈનલ મેચ 11 ફેબ્રુઆરીએ રવિવારે રમાશે.ભારતીય ટીમે 49મી ઓવરના પાંચમાં બોલ પર જીત મેળવી હતી. તેના માટે રાજ લિંબાણીએ ફોર ફટકારીને ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી.

### રાજ લિંબાણીએ સિક્સર ફટકારી

નવા બેટર રાજ લિંબાણીએ 48મી ઓવરના પાંચમાં બોલ પર સિક્સર ફટકારી અને છેલ્લા બોલ પર 2 રન બનાવ્યા. અહીંથી ભારતને 12 બોલમાં 9 રનની જરૂર છે. રોમાંચ હજુ પણ, ભારતની 7મી વિકેટ પડી મેચમાં હજુ ઉત્તેજના બાકી છે. ભારતે 48મી ઓવરમાં 7મી વિકેટ ગુમાવી છે. અહીં અભિષેક રનઆઉટ થયો હતો. કેપ્ટન ઉદય સહારન ક્રિઝ પર છે.

### ભારતે ખરા સમયે છઠ્ઠી વિકેટ ગુમાવી

ભારતે તેની છઠ્ઠી વિકેટ ગુમાવી છે. ક્વીન મફાકાએ તેની છેલ્લી ઓવરના છેલ્લા બોલ પર અરેવેલી અવિનાશ (10 રન)ને રિલે નોર્ટનના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. મફાકાએ 47મી ઓવરના છેલ્લા બોલ પર શોર્ટ બોલ ફેંક્યો હતો. આના પર અવિનાશે ફાઈન લેગ પર શોટ માર્યો, પણ ત્યાં કેચ આઉટ થયો હતો.

### સચિન સદી ચૂક્યો, મફાકાની બીજી વિકેટ

દક્ષિણ આફ્રિકાને વધુ એક વિકેટ મળી છે. ક્વીન મફાકાએ 43મી ઓવરના પ્રથમ બોલ પર સચિન ધાસ (96 રન)ને ડેવિડ ટેગરના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. તેણે ઈનિંગ્સના પ્રથમ બોલ પર આદર્શ સિંહ (0 રન)ને પણ પેવેલિયન મોકલ્યો હતો.

### સચિન અને ઉદય વચ્ચે 150 રનની ભાગીદારી

સચિન ધાસ અને ઉદય સહારન વચ્ચે પાંચમી વિકેટ માટે 150 રનની ભાગીદારી નોંધાઈ છે. સચિન તેની સદીની નજીક છે, જ્યારે ઉદયે તેની ફિફ્ટી પૂરી કરી લીધી છે. અહીંથી ભારતે 10 ઓવરમાં 53 રન બનાવવાના છે.

### ભારતનો ટોપ ઓર્ડર નિષ્ફળ



સેમિફાઈનલ મેચમાં 245 રનના લક્ષ્યાંકને ચેઝ કરતી વખતે ભારતીય ટીમનો ટોપ ઓર્ડર ફ્લોપ રહ્યો હતો. ટીમે 32 રનમાં ચોથી વિકેટ ગુમાવી હતી. ઓપનર આદર્શ સિંહ 0 રન બનાવીને, અર્શિન કુલકર્ણી 12 રન બનાવીને, મુશીર ખાન 4 રન બનાવીને અને પ્રિયાંશુ મોલિયા 5 રન બનાવીને આઉટ થયો હતો.

**ભારતને ઝીરોમાં પહેલો ફટકો હતો:** 245 રનના ટાર્ગેટને ચેઝ કરવા આવેલી ભારતીય ટીમને ઈનિંગ્સના પ્રથમ બોલ પર જ આંચકો લાગ્યો હતો. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર ક્વેન માફાકાએ તેને વિકેટકીપર લુઆન-ડ્રે પ્રિટોરિયસના હાથે કેચ કરાવ્યો હતો.

**સેલેટસ્વેનની 90 બોલમાં અડધી સદી :** રિચર્ડ સેલેટ્સવેને પોતાની અડધી સદી પૂરી કરી છે. તેણે 90 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેણે પ્રિટોરિયસ સાથે 73 રનની ભાગીદારી કરી હતી.

**પ્રિટોરિયસની 59 બોલમાં ફિફ્ટી :** દક્ષિણ આફ્રિકાના બેટર લુઆન-ડ્રે પ્રિટોરિયસે પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી છે. તેણે 59 બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે આ ટૂર્નામેન્ટમાં પોતાની ત્રીજી અડધી સદી ફટકારી છે.

# ટીમ ઈન્ડિયા જુલાઈમાં ઝિમ્બાબ્વેના પ્રવાસે જશે



નવી દિલ્હી તા 07

જૂનમાં T20 વર્લ્ડ કપ બાદ ભારતીય ટીમ જુલાઈમાં ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરશે. ઝિમ્બાબ્વે ક્રિકેટ અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ મંગળવારે પ્રવાસની જાહેરાત કરી હતી. પ્રવાસ દરમિયાન ભારતીય ટીમ ઝિમ્બાબ્વે સામે પાંચ મેચની T20 શ્રેણી રમશે.

આ મેચ 6થી 14 જુલાઈ વચ્ચે રમાશે, તમામ મેચ હરારેમાં યોજાશે. છેલ્લે 2022માં મુલાકાત લીધી હતી

ભારતીય ટીમે છેલ્લે 2022માં ઝિમ્બાબ્વેનો પ્રવાસ કર્યો હતો. આ સમયગાળા દરમિયાન ટીમે 3 ODI મેચની શ્રેણી રમી. ટીમે ત્રણેય મેચ જીતીને શ્રેણી 3-0થી કબજે કરી હતી. ભારતે ઝિમ્બાબ્વે સામે છેલ્લી T20 શ્રેણી 2016માં રમી હતી, જેમાં ટીમ ઈન્ડિયા 2-1થી જીતી હતી.

વૈશ્વિક ક્રિકેટને પ્રોત્સાહન આપવાની જવાબદારી અમારી છે- જય શાહ BCCIના સેક્રેટરી જય શાહે કહ્યું, BCCIએ હંમેશા વિશ્વ ક્રિકેટ સમુદાયમાં યોગદાન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. અમે સમજીએ છીએ કે આ ઝિમ્બાબ્વે માટે પુનઃનિર્માણનો સમયગાળો છે અને ઝિમ્બાબ્વે ક્રિકેટને આ સમયે અમારા સમર્થનની જરૂર છે.

### ઝિમ્બાબ્વે વર્લ્ડ કપ નહીં રમે

ઝિમ્બાબ્વે આ વર્ષના T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ શક્યું નથી. આ વર્ષે આફ્રિકા તરફથી નામિબિયા, યુગાન્ડા અને દક્ષિણ આફ્રિકા રમશે. 2023માં ODI વર્લ્ડ કપ પણ રમાઈ શક્યો નથી. ટીમ છેલ્લે 2022 T20 વર્લ્ડ કપ રમી હતી, જેમાં તે લીગ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી. આ પહેલા ICCના પ્રતિબંધને કારણે ટીમ 2021નો વર્લ્ડ કપ રમી શકી ન હતી. આટલું જ નહીં, ટીમ 2019 ODI વર્લ્ડ કપ માટે પણ ક્વોલિફાય કરી શકી નથી.

### અમે હોસ્ટ કરવા માટે રોમાંચિત છીએ- ZC પ્રમુખ

ZCના પ્રમુખ તવેન્ગવા મુકુહલાનીએ કહ્યું, 'જુલાઈમાં T20I શ્રેણી માટે ભારતની યજમાની કરવા માટે અમે સંપૂર્ણપણે રોમાંચિત છીએ.' 'આ વર્ષે ભારતનું અહીં આવવું આપણા દેશ માટે સૌથી મોટી ઘટનાઓમાંની એક હશે. પ્રવાસના મહત્વ અને તીવ્રતા પર વધારે ભાર મૂકી શકાશે, ખાસ કરીને કારણ કે તે એવા સમયે આવે છે જ્યારે આપણે આપણી જાતને વધુ સારી રીતે શોધી રહ્યા છીએ.' ZC અને BCCI વચ્ચેની ચર્ચા બાદ પ્રવાસની પુષ્ટિ કરવામાં આવી હતી. આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો છે.

# મયંક અગ્રવાલ તમિલનાડુ સામેની મેચમાં રમશે

કર્ણાટક તા 07

કર્ણાટકનો કેપ્ટન મયંક અગ્રવાલ રણજી ટ્રોફીના છઠ્ઠા રાઉન્ડમાં તમિલનાડુ સામે રમશે. ભારતીય ક્રિકેટર મયંકની તબિયત 30 જાન્યુઆરીએ અચાનક બગડી હતી. અગરતલાથી સુરત જતી વખતે ફ્લાઈટ દરમિયાન તેને મોં અને ગળામાં બળતરા થવા લાગી. આ પછી તેને અગરતલાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. આ કારણોસર મયંક રેલવે સામે પાંચમા રાઉન્ડની મેચ રમી શક્યો ન હતો. ભારત માટે 21 ટેસ્ટ રમ્યા

અગ્રવાલે 2018માં ડેબ્યૂ કર્યા બાદ ભારત માટે તેની કારકિર્દીમાં કુલ 21 ટેસ્ટ મેચ રમી છે. તેણે 21 મેચોમાં 41.3ની એવરેજથી 1488 રન બનાવ્યા, જેમાં તેના નામે ચાર સદી સામેલ છે. ભારત માટે તેની છેલ્લી ઈનિંગ માર્ચ 2022માં શ્રીલંકા સામેની ટેસ્ટ મેચમાં હતી. અગ્રવાલે 5 વન-ડે પણ રમી છે.



### બોટલનું પાણી પીધા પછી બીમાર પડ્યો

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અગ્રવાલે મોં અને ગળામાં બળતરાની ફરિયાદ કરી હતી. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. જ્યાં અગ્રવાલને ICUમાં દાખલ કરાયો હતો. અગ્રવાલે બોટલમાંથી પાણી પીધા બાદ તરત જ તેને ગળા અને મોઢામાં બળતરા થવા લાગી. ત્યારે એવી શંકા છે તે પાણી ભેળસેળયુક્ત હોઈ શકે. કર્ણાટકના કેપ્ટનની સાથે ટીમ મેનેજર રમેશ પણ પ્લેનમાંથી ઉતરી ગયા હતા. અગ્રવાલ ચાલી રહેલી રણજી ટ્રોફી સિઝનમાં અત્યાર સુધી જબરદસ્ત ફોર્મમાં છે.

# માઈકલ ક્લિન્ગર ગુજરાત જાયન્ટ્સના હેડ કોચ બન્યા



ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન બેટર માઈકલ ક્લિન્ગરને વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2024 પહેલા ગુજરાત જાયન્ટ્સના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યો છે. તે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ બેટર રશેલ હેન્સનું સ્થાન લેશે. ક્લિન્ગર હવે બોલિંગ કોચ નુશીન અલ ખાદીર અને સલાહકાર મિતાલી રાજ સાથે કામ કરશે. ક્લિન્ગરની નિમણૂક અંગે માહિતી આપતા ગુજરાત જાયન્ટ્સની સલાહકાર મિતાલી રાજે જણાવ્યું હતું કે માઈકલ ક્લિન્ગરનું ટીમ સાથે જોડાવાથી ખેલાડીઓને તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં મદદ મળશે. માઈકલ એક શાનદાર બેટર રહ્યા છે. તેના અનુભવનો ફાયદો ટીમના યુવા ખેલાડીઓને મળશે. નિવૃત્તિ પછી, ક્લિન્ગરે 2019-20 સીઝનમાં બે સિઝન માટે BBLમાં મેલબોર્ન રેનેગેડ્સના મુખ્ય કોચ તરીકે સહાયક કોચ હતો. સિડની થંડર આ સિઝનમાં ચોથા ક્રમે છે.ગુજરાત જાયન્ટ્સે આ વર્ષે WPLની ઓક્શનમાં ઘણા ઓલરાઉન્ડરોને ઉમેર્યા છે. તેણે ચંદીગઢની ઓલરાઉન્ડર કાશવી ગૌતમ સાથે ફોબી લિચફિલ્ડ અને સ્કોટલેન્ડની ઓલરાઉન્ડર કેથરીન બ્રાઈસનો સમાવેશ કર્યો છે.

# વિસ્ફોટક બેટ્સમેન સેહવાગ બન્યો મુંબઈનો નવો કેપ્ટન

નવી દિલ્હી તા 07

પોતાના સમયના સૌથી ખતરનાક બેટ્સમેનોમાંનો એક વિરેન્દ્ર સેહવાગ હવે ઈન્ડિયન વેટરન પ્રીમિયર લીગમાં રમતો જોવા મળશે. સેહવાગ આ લીગની પ્રથમ સિઝનમાં મુંબઈ ચેમ્પિયન ટીમની કેપ્ટનશીપ કરતો જોવા મળશે. આ લીગની તમામ મેચો 23 ફેબ્રુઆરીથી 3 માર્ચ સુધી દેહરાદૂનના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. લોકોને વારંવાર આવું કહેતા સાંભળ્યા હશે કે, જે સેહવાગમાં હતું તે બીજા કોઈમાં નથી. જો તમારે કટ જોવા હોય તો સેહવાગને જુઓ, જો તમારે ડ્રાઈવ્સ જોવી હોય તો સેહવાગની જુઓ. આજે પણ લોકો ઘણીવાર સેહવાગને મેદાન પર મિસ કરે છે. પરંતુ હવે સેહવાગના ચાહકો માટે



એક સારા સમાચાર આવ્યા છે. સેહવાગ ક્રિકેટ મેદાનમાં પરત ફરી રહ્યો છે, અને તે પણ એક કેપ્ટન તરીકે.ક્રિકેટની રમતમાં વીરેન્દ્ર સેહવાગ હવે ઈન્ડિયન વેટરન પ્રીમિયર લીગમાં રમતો જોવા મળશે. સેહવાગ આ લીગની પ્રથમ સિઝનમાં મુંબઈ ચેમ્પિયન 23 ફેબ્રુઆરીથી 3 માર્ચ સુધી દેહરાદૂનના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

### 6 ટેસ્ટમાં 6 સદી ફટકાર્યા બાદ પણ સચિનનો રેકોર્ડ ન તોડી શક્યો આ સ્ટાર ખેલાડી

કેન વિલિયમસને ફરી સદી ફટકારી છે. તેણે દક્ષિણ આફ્રિકા સામે રમાઈ રહેલી ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં 109 રન બનાવ્યા હતા. આ પહેલા તેણે પ્રથમ દાવમાં 118 રન બનાવ્યા હતા. આ બે સદી સાથે ટેસ્ટમાં તેની સદીઓની સંખ્યા વધીને 31 થઈ ગઈ છે. જોકે, તે સચિન તેંડુલકરના રેકોર્ડને તોડી શક્યો નહોતો. દક્ષિણ આફ્રિકા સામેની બંને ઈનિંગ્સમાં સદી ફટકારીને કેન વિલિયમસને પોતાના શાનદાર ફોર્મમાં આવવાના સંકેત આપ્યા છે. તેના માટે, છેલ્લા કેટલાક મહિનાઓ ઈજામાંથી બહાર આવવામાં વિત્યા હતા. પરંતુ હવે તે મેદાનમાં જોરદાર વાપસી કરી ચૂક્યો છે. કેન વિલિયમસને દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ બીજી ઈનિંગમાં 109 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકા સામેની બંને ઈનિંગ્સમાં સદી ફટકારીને કેન વિલિયમસને પોતાના શાનદાર ફોર્મમાં આવવાના સંકેત આપ્યા છે.

# ઓસ્ટ્રેલિયાએ ત્રીજી વન-ડે 8 વિકેટે જીતી:વેસ્ટ ઈન્ડિઝ 86 રનમાં ઓલઆઉટ

## કાંગારૂઓએ શ્રેણી 3-0થી કબજે કરી



ઓસ્ટ્રેલિયા તા 07

ઓસ્ટ્રેલિયાએ ત્રીજી વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટે હરાવ્યું છે. કેનબેરામાં પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝની ટીમ માત્ર 86 રન બનાવી શકી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી ઝેવિયર બાર્ટલેટે 4 વિકેટ ઝડપી હતી. ઘરઆંગણે 87 રનનો ટાર્ગેટ માત્ર 6.5 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને મેળવી લીધો હતો. જેક ફ્રેઝર મેગાર્કે 41 અને જોશ ઈંગ્લિસે 35 રન બનાવ્યા હતા. ત્રીજી વનડેમાં જીત સાથે ઓસ્ટ્રેલિયાએ શ્રેણી પણ 3-0થી જીતી લીધી હતી.

વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત ખરાબ રહી કેનબેરાના માનુકા ઓવલ મેદાન પર ઓસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પ્રથમ બેટિંગ કરવા આવેલી વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે 13 રનના સ્કોર પર પ્રથમ વિકેટ ગુમાવી હતી. યોર્ન ઓટલી માત્ર 8 રન બનાવીને ઝેવિયર બાર્ટલેટનો શિકાર બન્યો હતો. અહીંથી એલેક અથાનાઝે કેસી કાર્ટી સાથે ટીમની કમાન સંભાળી. પાવરપ્લે પછી વિકેટો ગુમાવી રાખી પ્રથમ પાવરપ્લેમાં માત્ર એક વિકેટ ગુમાવ્યા બાદ વેસ્ટ ઈન્ડિઝનો દાવ વિખેરાઈ ગયો હતો. કાર્ટી 11મી ઓવરમાં 10 રન બનાવીને આઉટ થયો હતો. તેના પછી કેપ્ટન શાઈ હોપ 4, એલીક અથાનાઝ 32, રોસ્ટન ચેઝ 12, રોમારીયો શેફર્ડ 1 અને અલ્ઝારી જોસેફ 6 રન બનાવીને આઉટ થયા હતા. ટેડી બિશપ, મેથ્યુ ફોર્ડ, ગુડાકેશ મોતી અને ઓશન થોમસ ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. ટીમ 24.1 ઓવરમાં માત્ર 86 રન બનાવી શકી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી ઝેવિયર બાર્ટલેટને 4 વિકેટ મળી હતી. લાન્સ મોરિસ અને એડમ ઝામ્પાએ 2-2 વિકેટ લીધી હતી જ્યારે એક સફળતા શોન એબોટને મળી હતી. એક બેટર પણ રનઆઉટ થયો હતો.

# ગરુડ જેવી નજર અને ચિત્તા જેવી ચપળતાથી એડન માર્કરામે પકડયો શાનદાર કેચ

સાઉથ આફ્રિકા તા 07

ક્રિકેટમાં એકથી વધુ શાનદાર કેચ જોવા મળે છે. હાલમાં એક કેચનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ કેચએ વિરોધી ટીમની કમર તોડી નાખી હતી. તે સામેની ટીમને હાર તરફ ધકેલતું જોવા મળ્યુ. તમે ક્રિકેટમાં ઘણા કેચ જોયા હશે પરંતુ એડન માર્કરામ જેવો કેચ તમે ક્યારેય નહીં જોયો હોય. ગરુડ જેવી નજર અને ચિત્તા જેવી ચપળતાનું ઉજ્જવળ ઉદાહરણ દર્શાવતા સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપના કેપ્ટને 6 જાન્યુઆરીએ ડરબન સુપર જાયન્ટ્સ સામે રમાયેલી મેચમાં આ કેચ લીધો હતો. ત્યારબાદ મેદાનમાં લગાવવામાં આવેલા કેમેરાએ તે અદ્ભુત ક્ષણને કેદ કરી લીધી, જે હવે આખી દુનિયાની સામે છે.એડન માર્કરામનો આ કેચ વિરોધીની કમર તોડી નાખનારો હતો. તેની બેટિંગ મુશ્કેલીમાં પુરવાર થઈ હતી. કારણ કે, તે મેચના તે નિર્ણાયક તબક્કે પકડાયો



હતો, જ્યાં ડરબન સુપર જાયન્ટ્સ માટે વધુ વિકેટ ગુમાવવાનો કોઈ અવકાશ નહોતો. પરંતુ, સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપના કેપ્ટને આશ્ચર્યજનક કેચ લઈને આખી મેચ બદલી નાખી. એઈડન માર્કરામના હાથે કેચ પકડાયેલો બેટ્સમેન જેજે સ્મટ્સ હતો, હા એ જ જે ડરબન સુપર જાયન્ટ્સનો આધાર હતો. તે ટોપ ઓર્ડર અને મિડલ ઓર્ડર વચ્ચે મજબૂત કડી હતો. પરંતુ, માર્કરામની ગરુડ જેવી દ્રષ્ટિ અને ચિત્તા જેવી ચપળતાએ એવો તાલમેલ બનાવ્યો કે વિરોધી ટીમને મોટો ઝટકો લાગ્યો.

# કમિન્સ-સ્ટાર્ક ઓસ્ટ્રેલિયાની T20 ટીમમાં પરત ફર્યા



પેટ કમિન્સ અને મિચેલ સ્ટાર્ક ઓસ્ટ્રેલિયાની T20 ટીમમાં પરત ફર્યા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA)એ ન્યૂઝીલેન્ડ સામેની T20 શ્રેણી માટે તેની ટીમની જાહેરાત કરી છે. વેસ્ટ ઈન્ડિઝ સામે કેપ્ટનશિપ કરી ચૂકેલો મિચેલ માર્શ ન્યુઝીલેન્ડ સામે પણ ટીમનું સુકાન સંભાળશે. ઓસ્ટ્રેલિયાની ટીમ 21મી ફેબ્રુઆરીથી ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે. ટીમ અહીં 3 T20 અને 2 ટેસ્ટ રમશે. ઓસ્ટ્રેલિયા હાલમાં વેસ્ટ ઈન્ડિઝ સામે લિમિટેડ ઓવરોની શ્રેણી રમી રહ્યું છે. હેડ અને સ્મિથ પણ પરત ફર્યા ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડ સામેની T20 શ્રેણી માટે સંપૂર્ણ તાકાતની ટીમ જાહેર કરી છે. ટીમમાં ટેસ્ટ અને ODI ટીમના કેપ્ટન પેટ કમિન્સ સાથે અનુભવી બેટર સ્ટીવ સ્મિથ અને ટ્રેવિસ હેડ પણ સામેલ છે.

# કુમાર સંગાકારાએ કહ્યું- સા.આફ્રિકા20 જેવી લીગથી ક્રિકેટ ફેમસ થયું



આફ્રિકા તા 07

કુમાર સંગાકારાએ કહ્યું કે દક્ષિણ આફ્રિકાની SA20 લીગ ઘણી પ્રગતિ કરી રહી છે. મેચ જોવા માટે દર્શકો મેદાનમાં પહોંચી રહ્યા છે. આવી લીગથી ક્રિકેટ ફેમસ થઈ રહ્યું છે અને ખેલાડીઓને પણ આર્થિક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો નથી. શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર સંગાકારા મેરીલેબોન ક્રિકેટ કમિટી (MCC)માં વિશ્વ ક્રિકેટ સમિતિના સભ્ય છે. તેમણે કહ્યું કે SA20ની તમામ 6 ટીમને દર્શકોનો ઘણો સહયોગ મળી રહ્યો છે. આ લીગની સૌથી મોટી તાકાત છે. SA20 ક્રિકેટનું ભવિષ્ય સંગાકારા હાલમાં MCC સભ્યો સાથે દક્ષિણ આફ્રિકામાં છે. ત્યાં તેમણે કહ્યું, 'ગ્રીમ સ્મિથે SA20ને વધારવા માટે ઘણું કામ કર્યું. તેમના પ્રયાસોને કારણે દર્શકોએ પણ ટુર્નામેન્ટ માટે સ્ટેડિયમમાં આવવું પસંદ કર્યું. SA20 જેવી લીગ હવે ક્રિકેટનું ભવિષ્ય છે. જેના કારણે આ ગેમને વૈશ્વિક ઓળખ મળી રહી છે.ચાહકો તેમની સ્થાનિક ટીમને સમર્થન આપવા મેદાન પર પહોંચી રહ્યા છે. ખેલાડીઓ, તેમના પરિવારો અને બાળકો પણ સ્ટેડિયમમાં મેચ જોઈ રહ્યા છે. ક્રિકેટ કે કોઈપણ લીગને આગળ વધારવા માટે દર્શકોનું મેદાન સુધી પહોંચવું ખૂબ જ જરૂરી છે. આ બાબત SA20 માં પ્રથમ સિઝનથી જ શાનદાર રહી છે.સંગાકારાએ કહ્યું, 'ટેસ્ટ ફોર્મેટના ભવિષ્ય પર હંમેશા ચર્ચાઓ થતી રહે છે. મને નથી લાગતું કે તે દૂર થશે, તે માત્ર થોડું ઘટશે. આપણે સાથે મળીને ભાવિ પ્રવાસ કાર્યક્રમનું સંચાલન કરવું પડશે. T20 લીગ અને અન્ય ફોર્મેટ એકસાથે ચાલશે. આ વચ્ચે સંતુલન જરૂરી છે.'

### ખેલાડીઓની કમાણી પણ વધી રહી; સિઝન 2ની પહેલી ક્વોલિફાયર મેચ રમાશે

## શ્રીલંકામાં રાનિલ માટે અમેરિકાની મોરચાબંધીથી રાજકીય ગરમી વધી



શ્રીલંકામાં સપ્ટેમ્બર-ઓક્ટોબર માસમાં યોજાનાર રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં રાજકીય ગરમી વધી ગઈ છે. હાલમાં જ શ્રીલંકામાં અમેરિકન દૂતાવાસ તરફથી સ્થાનિક રાજનીતિમાં દરમિયાનગીરીને લઈને રાજકીય માહોલ ગરમ થયો છે. તાજેતરના ઓપિનિયન પોલમાં ખુલાસો થયો છે કે શ્રીલંકામાં વિપક્ષી સમાજવાદી નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) મજબૂત સ્થિતિમાં છે. દરમિયાન, શ્રીલંકામાં અમેરિકન દૂતાવાસ હવે વિવાદના ઘેરામાં છે. અમેરિકી દૂતાવાસ પર શાસક પ્રમુખ રાનિલ વિક્રમસિંઘેની યુનાઈટેડ નેશનલ પાર્ટી (UNP) અને મુખ્ય વિપક્ષી દળ સમાગી જન બાલવેગયા (એસજેબી) વચ્ચે ચૂંટણી જીત માટે ગઠબંધન કરાવવા માટે મધ્યસ્થી કરી છે.કોલંબો સ્થિત થિન્ક ટેન્ક ફેક્ટમમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના સંશોધક ઉદિતા દેવપ્રિયાનું કહેવું છે કે ચીને 2005થી 2020 સુધી રાજપક્ષે પરિવારની મદદ

### 3 હુમલાખોરોએ લાત-મુક્કા મારી ફોન આંચકી લીધો; યુવકનું માથું ફાટ્યું, પત્નીએ જયશંકરને લેટર લખ્યો

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી પર ઘાતક હુમલો

શિકાગો તા 07

અમેરિકાના શિકાગોમાં એક ભારતીય વિદ્યાર્થી પર હુમલો થયો છે. હુમલાખોરોએ તેને માર માર્યો અને તેનો ફોન ચોરી લીધો. હુમલાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટના 4 ફેબ્રુઆરીએ બની હોવાનું કહેવાય છે. હવે વિદ્યાર્થીની પત્નીએ વિદેશ મંત્રી એસ જયશંકરને પત્ર લખ્યો છે. વિદ્યાર્થીને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહે તેવી માગ કરવામાં આવી છે. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં 3 હુમલાખોરો વિદ્યાર્થીનો પીછો કરતા જોવા મળે છે. આ પછી ત્રણેય તેને લાત અને મુક્કા મારે છે અને ફોન છીનવીને ભાગી જાય છે. લોહીથી લથપથ વિદ્યાર્થી પણ દેખાય છે. હૈદરાબાદના રહેવાસી સૈયદ મઝહિર અલી તેમની માસ્ટર્સ ડિગ્રી પૂરી કરવા માટે અમેરિકા ગયો છે. આ મામલો એવા સમયે સામે આવ્યો છે જ્યારે છેલ્લા એક મહિનામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં છે. શિકાગોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું છે કે તે પીડિત સૈયદ મઝહિરની પત્નીના સંપર્કમાં છે. વિદ્યાર્થી પર હુમલાની ઘટના બાદ ભારતીય કોન્સ્યુલેટે પણ સ્થાનિક અધિકારીઓનો સંપર્ક કર્યો છે, આ અધિકારીઓ આ મામલે તપાસ કરી રહ્યા છે. ભારતીય દૂતાવાસે આ અંગે 'X' પર પોસ્ટ કરીને કહ્યું કે, 'કોન્સ્યુલેટ જનરલ ભારતમાં સૈયદ મઝાહિર અલી અને તેમની પત્ની સૈયદા રૂકૈયા ફાતિમા રિઝવીના સંપર્કમાં છે. અમે તમામ શક્ય મદદની ખાતરી આપી છે.અકુલ 20 જાન્યુઆરીએ ગુમ થયાની જાણ થઈ હતી. તે જ દિવસે તેની લાશ મળી આવી હતી.



### ભારતીય મૂળના વિદ્યાર્થીઓ પર હુમલા વધ્યા

સરકાર અને પ્રશાસન પણ અમેરિકામાં ગોળીબારની ઘટનાઓને અટકાવી શક્યું નથી. રાષ્ટ્રપતિ જો બિડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે પણ આવી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ કોઈ ઉકેલ શોધી શક્યા નથી. આ દરમિયાન ભારતીય મૂળના વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનાઓ પણ વધી છે. ગયા અઠવાડિયે અમેરિકાના ઓહાયો રાજ્યના સિનસિનાટીમાં શ્રેયસ રેડ્ડી નામના ભારતીય વિદ્યાર્થીનું શંકાસ્પદ રીતે મોત થયું હતું. તેમના મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. આ પહેલાં પણ બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં.

### વિદ્યાર્થી ભોજન લેવા બહાર ગયો હતો

ઘટના બાદ કેટલાક લોકો વિદ્યાર્થીની મદદ માટે આવ્યા હતા. મઝહિરે તેને કહ્યું- હું ખાવાનું લેવા ઘરેથી નીકળ્યો હતો. મેં પાર્સલ લીધું અને ઘરે રવાના થયો. એ સમયે ત્રણ લોકો આવ્યા અને મારો પીછો કરવા લાગ્યા. તેણે મારા પર હુમલો કર્યો. જ્યારે લોકોનાં ટોળા ભેગાં થવા લાગ્યાં તો તેઓ ફોન લઈને ભાગી ગયા. જાન્યુઆરી 2024માં 4 ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં જાન્યુઆરી 2024થી ચાર ભારતીય વિદ્યાર્થીઓ - શ્રેયસ રેડ્ડી, નીલ આચાર્ય, વિવેક સૈની અને અકુલ ધવનની અમેરિકામાં હત્યા કરવામાં આવી છે. નીલના ગુમ થયા બાદ તેની માતાએ આ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. તેણે નીલને શોધવામાં મદદ માગી હતી. અમેરિકન રાજ્ય જ્યોર્જિયામાં ભારતીય વિદ્યાર્થી વિવેક સૈનીની હત્યા કરવામાં આવી હતી. આ મામલાની માહિતી રવિવારે સામે આવી.

### વિદ્યાર્થીની પત્નીને અમેરિકા જવા દેવાની માગ

આ વીડિયોમાં વિદ્યાર્થી મદદ માંગતો જોવા મળ્યો હતો. તેણે કહ્યું- કૃપા કરીને મને મદદ કરો. વીડિયો વાઈરલ થયા બાદ હૈદરાબાદમાં રહેતા મઝહિરના પરિવારે ભારત સરકાર પાસે તેની પત્નીને અમેરિકા જવાની પરવાનગી માગી છે. મઝહિરની પત્ની સૈયદા રૂકુલિયા ફાતિમા રિઝવીએ આ અંગે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરને પત્ર લખ્યો છે. જેમાં લખ્યું છે કે- હું શિકાગોમાં મારા પતિની સુરક્ષાને લઈને ખૂબ જ ચિંતિત છું. હું તમને વિનંતી કરું છું કે તમે તેને મદદ કરો જેથી તેને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી શકે. હું મારા પતિ સાથે રહેવા માટે મારાં ત્રણ નાનાં બાળકો સાથે અમેરિકા જવા માગું છું. જો શક્ય હોય.

### ઠંડીના કારણે અકુલ ધવને જીવ ગુમાવ્યો હતો

અકુલ ધવનનો મૃતદેહ 20 જાન્યુઆરી, 2024ના રોજ યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બના-ચેમ્પેનની બહાર મળી આવ્યો હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અનુસાર તેનું મોત ઠંડીના કારણે થયું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અકુલના મૃત્યુનું કારણ હાઈપોથર્મિયા હતું. આ એવી સ્થિતિ છે જેમાં શરીરનું તાપમાન સામાન્ય કરતાં ઓછું થઈ જાય છે. અકુલ ધવન ગુમ થયાના સમાચાર હતા. આ પછી ધવનનાં માતા-પિતાએ યુનિવર્સિટી પર બેદરકારીનો આરોપ લગાવ્યો હતો. અકુલ 20 જાન્યુઆરીએ ગુમ થયાની જાણ થઈ હતી. તે જ દિવસે તેની લાશ મળી આવી હતી.

### નીલ આચાર્યનો મૃતદેહ યુનિવર્સિટી કેમ્પસમાંથી મળી આવ્યો હતો

28 જાન્યુઆરીએ ઈન્ડિયાના રાજ્યમાં ભારતીય વિદ્યાર્થી નીલ આચાર્યની હત્યા થઈ હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને 28 જાન્યુઆરીના રોજ સવારે 11:30 વાગ્યે પરડ્યુ યુનિવર્સિટી કેમ્પસમાં એક મૃતદેહ હોવાનો અહેવાલ મળ્યો હતો. આ પછી પોલીસે નીલના મૃત્યુની પુષ્ટિ કરી. તે 12 કલાકથી ગુમ હતો. તેની માતા ગૌરી આચાર્યએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. તેમના મૃત્યુનું કારણ પણ બહાર આવ્યું નથી. નીલના ગુમ થયા બાદ તેની માતાએ આ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. તેણે નીલને શોધવામાં મદદ માગી હતી. વિવેક એક ફૂડ માર્ટમાં કામ કરતો હતો. સ્ટોરની બહાર એક માણસ આવતો હતો, જેની પાસે રહેવા માટે કોઈ ઘર પણ નહોતું. વિવેક અને સ્ટોરના અન્ય કર્મચારીઓએ આ ઘરવિહોણી વ્યક્તિને રહેવા માટે જગ્યા આપી હતી. તે અહીં જ રહેતો હતો, પરંતુ 16 જાન્યુઆરીએ જ્યારે વિવેકે તેને જગ્યા ખાલી કરવા કહ્યું ત્યારે તેણે ગુસ્સામાં આવીને વિવેકની હત્યા કરી નાખી.

**હુમલાખોરોએ પહેલાં પીછો કર્યો :** ભારતીય વિદ્યાર્થી પર થયેલા આ જીવલેણ હુમલાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. જેમાં ઘાયલ અલી તેના પર થયેલા જીવલેણ હુમલા વિશે જણાવી રહ્યો છે. તેના શરીરમાંથી લોહી વહેતું જોવા મળે છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા અન્ય એક વીડિયોમાં ત્રણ હુમલાખોરો શિકાગોની શેરીઓમાં અલીનો પીછો કરતા જોવા મળે છે. અન્ય એક વીડિયોમાં શિકાગો પોલીસે આ ઘટના અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી. શ્રેયસનું 2 ફેબ્રુઆરીએ અમેરિકાના ઓહાયોમાં મોત થયું છે. જોકે, મૃત્યુ ક્યાં અને કેવી રીતે થયું તે અંગેની માહિતી બહાર આવી નથી. ન્યૂયોર્કમાં સ્થિત ભારતીય કોન્સ્યુલેટે શ્રેયસના મોત અંગે જાણકારી આપતાં કહ્યું- શ્રેયસ રેડ્ડી બેનિગર બિઝનેસનો અભ્યાસ કરી રહ્યો હતો. તેના મૃત્યુના સમાચાર સાંભળીને તેઓ દુ:ખી છે.

## ન્યૂઝ ટ્રેક

### બ્રિટનની શાળાઓમાં ભારતીય ધર્મોનું શિક્ષણ અપાશે

બ્રિટનની શાળાઓના અભ્યાસક્રમમાં પ્રથમ વાર ભારતીય ધર્મોના શિક્ષણનો સમાવેશ કરવામાં આવશે. વડાપ્રધાન ઋષિ સુનકે એપ્રિલથી શરૂ થનારા શૈક્ષણિક સત્રથી આ અભ્યાસ શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. ધોરણ-4થી જ હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ ધર્મના શિક્ષણનો કોર્સ શરૂ થશે. બ્રિટનમાં ધાર્મિક શિક્ષણનો કોર્સ ધોરણ-10 સુધી અનિવાર્ય છે. હાલ ધાર્મિક શિક્ષણનો વોકેશનલ કોર્સ કરાવે છે બ્રિટનમાં અત્યાર અને વૈદિક શિક્ષા સંગઠન (વૉયસ) જેવાં સંગઠનો ભારતીય પરિવારોનાં સંતાનો માટે ધાર્મિક શિક્ષણનો વોકેશનલ કોર્સ કરાવે છે. 10 વર્ષના વિદ્યાર્થીનાં માતા રમા દ્વિવેદીએ ભાસ્કરને જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી ભારતીય સમાજ ખુશ છે.

### PAK નેવીએ 9 ભારતીય નાવિકોને બચાવ્યા

પાકિસ્તાન નેવીએ સોમવારે દરિયામાં ફસાયેલા 9 ભારતીય નાવિકોને બચાવ્યા હતા. પાકિસ્તાન નેવીએ તેના દેશની મેરીટાઇમ સિક્યુરિટી એજન્સીના સહયોગથી આ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન તેમણે ટગ બોટ SAS-5ના ક્રૂ મેમ્બર્સને બચાવ્યા હતા.

વાસ્તવમાં, આ ટગ બોટ (એક પ્રકારનું વેપારી જહાજ) 1 ફેબ્રુઆરીએ મહારાષ્ટ્રથી UAE માટે રવાના થયું હતું. આ પછી, કરાચીથી લગભગ 309 કિમી દક્ષિણ-પૂર્વમાં ભારતીય દરિયાકાંઠાની નજીક જહાજ ખરાબ થઈ ગયું. તેના જનરેટરે કામ કરવાનું બંધ કરી દીધું. પાકિસ્તાન નેવીના જોઈન્ટ મેરીટાઇમ ઈન્ફોર્મેશન એન્ડ કો-ઓર્ડિનેશન સેન્ટરને 4 ફેબ્રુઆરીની સવારે એલર્ટ સિગ્નલ મળ્યો હતો.

### સુનકના મંત્રી પર ઈન્ફોસિસને મદદ કરવાનો આરોપ

બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકની સરકારના એક મંત્રી પર ભારતીય આઈટી કંપની ઈન્ફોસિસને મદદ કરવાનો આરોપ છે. બ્રિટિશ મીડિયા ડેઈલી મિરરના રિપોર્ટ અનુસાર, સુનાકની કન્ઝર્વેટિવ પાર્ટીના ટ્રેડ મિનિસ્ટર લોર્ડ જોન્સન ગયા વર્ષે ભારતની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેઓ ઈન્ફોસિસ કંપનીના અધિકારીઓને પણ મળ્યા હતા.રિપોર્ટ અનુસાર, મીટિંગ દરમિયાન જોન્સને કહ્યું હતું - હું ઈચ્છું છું કે ઈન્ફોસિસ કંપની બ્રિટનમાં આગળ વધે. આ માટે હું જે પણ કરી શકું છું, તે ચોક્કસ કરીશ. તમને જણાવી દઈએ કે ઈન્ફોસિસ અક્ષતાના પરિવારની કંપની છે. તેના સ્થાપક ભારતીય અબજોપતિ નારાયણ મૂર્તિ છે. અક્ષતા ઈન્ફોસિસમાં 0.91% હિસ્સો ધરાવે છે. તેની કિંમત લગભગ 5.21 હજાર કરોડ રૂપિયા છે.

## 19નાં હતા બિલાવલ, જ્યારે માતા બેનઝીરને ગોળી વાગી

ઈસ્લામાબાદ તા 07

વાત 2007ની છે. પાકિસ્તાન જનરલ ચૂંટણીમાં લગભગ 2 મહિના બાકી હતા. 27 ડિસેમ્બરે પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની નેતા બેનઝીર ભુટ્ટો રાવલપિંડીમાં એક રેલી કરી પોતાની ગાડી તરફ આગળ વધી રહ્યા હતા. ત્યારે જ એક 15 વર્ષના યુવક બિલાલે તેમનાં ઉપર ગોળી ચલાવી અને પછી બ્લાસ્ટ કરીને પોતાને પણ ઉડાડી દીધો. બેનઝીરની હત્યાને 3 દિવસ જ થયા હતા કે 30 ડિસેમ્બરે એક 19 વર્ષના યુવકને પાર્ટીમાં તેમનાં પદ પર બેસાડવામાં આવ્યો હતો. આટલી નાની ઉંમરમાં પાર્ટીના ચેરમેનનું પદ તેને રાજકીય આવડતના કારણે મળ્યું નહોતું.

જોકે, ચેરમેન બનનાર તે યુવક કોઈ અન્ય નહીં પરંતુ બેનઝીર ભુટ્ટો અને આસિફ અલી જલદારીનો દીકલો બિલાવલ ભુટ્ટો હતો. હવે બેનઝીરનાં મૃત્યુને 16 વર્ષ થઈ ગયા છીએ.આવતીકાલે પાકિસ્તાન ચૂંટણી છે. નવાઝ શરીફ 4 વર્ષ પછી દેશ નિકાલ પછી રાજકારણ માટે દેશ પરત ફર્યા છે. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન જેલમાં કેદ છે. આ દરમિયાન પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ એકવાર ફરી બિલાવલ પર દાવ રમ્યો છે. તેમને પાર્ટી તરફથી વડાપ્રધાન પદના નક્કી થઈ ગયું કે તેઓ પાકિસ્તાન રાજકારણથી દૂર રહી શકશે નહીં. બિલાવલ પાકિસ્તાન જનરલ ચૂંટણીથી લગભગ બે મહિના પહેલાં 21 સપ્ટેમ્બર 1988ના રોજ જન્મ્યા, આ ચૂંટણીમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને જીત મળી હતી.

## ભારત આવી રહેલા અમેરિકન જહાજ પર હુમલો

હુતી તા 07

હુતી બળવાખોરોએ રેડ-સીમાં બે જહાજો પર હુમલો કર્યો. આ જહાજો અમેરિકા અને બ્રિટનના હતા. આમાંથી એક જહાજ અમેરિકાથી ભારત આવી રહ્યું હતું. યુનાઈટેડ કિંગડમ મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ (યુકેએમટીઓ) અનુસાર, મંગળવારે રાત્રે રેડ-સીમાં ફરતા અમેરિકન જહાજ સ્ટાર નાસિયાની નજીક એક હુતી બોટ જોવા મળી હતી. તે જ સમયે મંગળવારે સવારે બ્રિટિશ જહાજ મોર્નિંગ ટાઇડ પર હુમલો કરવામાં આવ્યો હતો. બંને જહાજોમાં કેટલા ક્રૂ મેમ્બર હતા તે અંગેની માહિતી બહાર આવી નથી. 3 દિવસ પહેલા અમેરિકા અને બ્રિટને ત્રીજી વખત યમન પર હુમલો કર્યો હતો 3 ફેબ્રુઆરી, શનિવારે મોડી રાત્રે અમેરિકા અને બ્રિટનના દળોએ સાથે મળીને યમન પર હુમલો કર્યો. બીબીસી અનુસાર, સૈનિકોએ હુતી વિદ્રોહીઓના કબજા હેઠળના વિસ્તાર પર હુમલો કર્યો. યુએસ એરફોર્સને ટાંકીને જણાવવામાં આવ્યું કે 36 ટાર્ગેટ પર હુમલા કરવામાં આવ્યા હતા. આમાં



શસ્ત્રોના સંગ્રહ, મિસાઈલ, એર ડિફેન્સ સિસ્ટમ અને રડાર સંબંધિત સાઈટ્સનો સમાવેશ થાય છે. હકીકતમાં, હુતી બળવાખોરો રેડ-સીમાં સતત જહાજોને નિશાન બનાવી રહ્યા છે. અમેરિકા અને બ્રિટન તેની સામે કાર્યવાહી કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે આ ત્રીજું સંયુક્ત ઓપરેશન છે. આ પહેલા અમેરિકા અને બ્રિટને 28 જાન્યુઆરી અને 11 જાન્યુઆરીએ યમન પર હુમલો કર્યો હતો. તે જ સમયે, 11 જાન્યુઆરીથી, અમેરિકાએ યમનમાં હુતી વિદ્રોહીઓની સ્થિતિને 10 વખત નિશાન બનાવી છે.આ દરિયાઈ માર્ગ દ્વારા જહાજો વિશ્વભરમાં આયાત અને નિકાસ કરે છે. વિશ્વના લગભગ 15% શિપિંગ ટ્રાફિક આ માર્ગ પર થાય છે. હુતી વિદ્રોહીઓના હુમલાને કારણે યુરોપ અને એશિયા વચ્ચેના મુખ્ય માર્ગ પરના આંતરરાષ્ટ્રીય વેપારને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. આ સમસ્યાનો અંત લાવવા અને વ્યવસાય બચાવવા માટે હુતી બળવાખોરોને રોકવા જરૂરી છે. વાસ્તવમાં, ઈઝરાયલ-હમાસ યુદ્ધને કારણે, હુતી બળવાખોરોએ ગાઝાને સમર્થન આપવા માટે લાલ સમુદ્રમાં જહાજો પર હુમલો કરવાનું શરૂ કર્યું છે અને તેઓ શિપિંગ માર્ગોને નિશાન બનાવી રહ્યા છે.23 ડિસેમ્બર 2023ના રોજ રેડ-સીમાં એમવી સાંઈબાબા જહાજ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. આ જહાજ ભારત આવી રહ્યું હતું અને તેમાં સવાર ઓપરેટિવ ટીમના તમામ 25 લોકો ભારતીય હતા. તેના પર આફ્રિકન દેશ ગેબોનનો ધ્વજ લગાવવામાં આવ્યો હતો.

## મ્યાનમારમાં રહેતા ભારતીયોને સલાહ:વિદેશ મંત્રાલયે કહ્યું- રખાઈન પ્રાંતમાં જશો નહીં

બર્મા તા 07

મ્યાનમારમાં હિંસા અને તણાવ વચ્ચે ભારતીય વિદેશ મંત્રાલયે ત્યાં રહેતા ભારતીયો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં ભારતીય નાગરિકોને ત્યાંના રખાઈન પ્રાંતમાં મુસાફરી ન કરવા માટે કહેવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા એવું પણ કહેવામાં આવ્યું હતું કે રખાઈન રાજ્યમાં રહેતા ભારતીયોએ તાત્કાલિક કોઈ સલામત સ્થળે ખસી જવું જોઈએ. વિદેશ મંત્રાલયે પોતાની એડવાઈઝરીમાં કહ્યું- બગડતી સુરક્ષા સ્થિતિ, લેન્ડલાઈન સહિત કોમ્યુનિકેશનના અન્ય માધ્યમોની હાલત બગડી રહી છે. આવશ્યક ચીજવસ્તુઓની પણ અછત છે. આને ધ્યાનમાં રાખીને તમામ ભારતીય નાગરિકોને મ્યાનમારના રખાઈન રાજ્યમાં મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવે છે. જે ભારતીય નાગરિકો પહેલેથી જ રખાઈનમાં છે તેમને



તાત્કાલિક ત્યાંથી નીકળી જવાની સલાહ આપવામાં આવી છે. મ્યાનમારમાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે રખાઈન રાજ્ય અને અન્ય કેટલાક વિસ્તારોમાં ઓક્ટોબર 2023થી વંશીય જૂથો અને મ્યાનમાર સૈન્ય વચ્ચે ગંભીર લડાઈ જોવા મળી રહી છે. હકીકતમાં, ફેબ્રુઆરી 2021માં મ્યાનમારમાં સેનાએ લોકશાહી સરકારને હટાવી દીધી અને સત્તા પર કબજો કર્યો. સ્ટેટ કાઉન્સેલર આંગ સાન સૂ કી અને રાષ્ટ્રપતિ વિન મિન્ટ સહિત ઘણા નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી સૈન્ય નેતા જનરલ મીન આંગ હલાઈંગે પોતાને દેશના વડાપ્રધાન જાહેર કર્યા. સેનાએ દેશમાં 2 વર્ષની ઈમરજન્સી જાહેર કરી હતી. ત્યારથી મ્યાનમારમાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. મ્યાનમારની સીધી અસર ભારત પર પડી રહી છે 1 ફેબ્રુઆરીએ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું - અમે મ્યાનમારમાં બગડતી પરિસ્થિતિથી ચિંતિત છીએ જેની સીધી અસર અમારા પર પડી રહી છે. મ્યાનમારના પાડોશી દેશ અને મિત્ર તરીકે, ભારતે લાંબા સમયથી હિંસાનો અંત લાવવા અને સમાવિષ્ટ સંઘીય લોકશાહીની હિમાયત કરી છે.

## ડિજિટલ નોમેડિઝમ કામમાં સ્વતંત્રતા મેળવવામાં મદદગાર

ન્યૂયોર્ક તા 07

કોરોનાકાળ પછીથી ડિજિટલ નોમેડિઝમનું ચલણ ઝડપથી વધી રહ્યું છે. આ એક એવી લાઈફસ્ટાઈલ છે જેમાં લોકો દુનિયાભરમાં અલગ-અલગ, સામાન્ય રીતે સસ્તાં સ્થળોનો પ્રવાસ કરવા અને રહેવાની સાથે દૂરથી કામ કરી શકવાનો ફાયદો લે છે. આ લાઈફટાઈમથી ઘણા અણધાર્યા લાભો પણ મળી શકે છે. ક્યાંયથી પણ કામ કરવાની સ્વતંત્રતાથી પારંપરિક 9થી 5ની દિનચર્યાથી છુટકારો મળી જાય છે. આ લાઈફસ્ટાઈલ વિવિધ સંસ્કૃતિઓ, દૃષ્ટિકોણો અને જીવનની રીતોથી પરિચિત કરાવી વ્યક્તિગત વિકાસને પણ પ્રોત્સાહિત કરે છે. ડિજિટલ નોમેડ તરીકે એક વર્ષ વીત્યા પછી 28 વર્ષની વાયિન કોકે જણાવ્યું કે ભલે આ એકલું અને પડકારરૂપ હતું, પણ તેણે મને શીખવ્યું કે હકીકતમાં મારા માટે શું મહત્ત્વનું છે. આ આખા અનુભવે જીવન પ્રત્યેનો મારો દૃષ્ટિકોણ બદલી દીધો છે. ડિજિટલ નોમેડિઝમ પ્રત્યે ન માત્ર સિંગલ, પરંતુ પરિવારવાળા અને સેવાનિવૃત્ત લોકો પણ આકર્ષિત થઈ રહ્યા છે. એક સર્વેક્ષણમાં 1.7 કરોડથી વધુ અમેરિકી ડિજિટલ નોમેડ તરીકે ઓળખાયા. ડિજિટલ નોમેડ રૂપે મેં જે સમય વિતાવ્યો તે મારા જીવનના સૌથી સમૃદ્ધ વર્ષોમાંથી એક હતો. મેં મારા વિશે ઘણું બધુ શીખ્યું. એકલા રહેવાથી મારો આત્મવિશ્વાસ ઘણો વધ્યો છે. મને અહેસાસ થયો કે હું મજબૂત થઈ શકું છું અને અન્યો પર ઓછો વિશ્વાસ કરી શકું છું. મેં હકીકતમાં મારી કંપનીનો આનંદ લીધો. જાપાન માર્ચથી ડિજિટલ નોમેડિઝમ વિઝા પ્રોગ્રામ શરૂ કરવાની તૈયારીમાં છે. જેમાં 6 મહિના સુધી રહેવાના વિઝા મળશે જો વ્યક્તિ લગભગ 56 લાખ રૂપિયા કે વધુ કમાય છે તો આ પ્રોગ્રામ 49 દેશોના નાગરિકો માટે લાગુ કરાશે.

## અમેરિકામાં વધતી હિંસાની શ્વેત અને અશ્વેત લોકો પર માઠી અસર થઈ રહી છે



ન્યૂયોર્ક તા 07

અમેરિકામાં વધતી જતી હિંસાની શ્વેત અને અશ્વેત લોકો પર થઈ રહેલી અસરને લઈને જામામાં એક અભ્યાસનાં તારણ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અભ્યાસનાં તારણોએ હિંસક ઘટનાઓ બાદ પોતાના અને પોતાના પરિવારના ભવિષ્યની પરિભાષા કરવાની આપણી સામાન્ય માનવીય પ્રવૃત્તિઓને દર્શાવી છે. એવી ઘટનાઓ લોકોના દ્રષ્ટિકોણને બદલી નાંખે છે. આ આરોગ્યને પણ માઠી રીતે અસર કરે છે. અભ્યાસના સહ-લેખક અને યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયાના પ્રોફેસર ડૉ. અથિન્દર વેંકટરામણી કહે છે કે આવી ઘટનાઓ લોકોમાં વધુ પડતી સતર્કતા, ચિંતા અને તણાવ વધારે છે. તેની અસર એ લોકો અથવા સમુદાયો પર વધુ જોવા મળી છે જે ખાસ કરીને કેન્દ્રિત છે. ઊંઘ આરોગ્યના એ પાસાઓ પૈકી એક છે જે આ હિંસક ઘટનાઓનો સામનો કરવામાં ખૂબ જ શાનદાર રીતે કામ કરે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અશ્વેત લોકો લાંબા સમયથી હિંસાનો સામનો કરી રહ્યા છે. હિંસાને કારણે અશ્વેત લોકો શ્વેત લોકો કરતાં ઓછા સમય સુધી ઊંઘ લઈ રહ્યા છે. રાષ્ટ્રીય સ્તરના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે હત્યાના કેટલાક મહિના બાદ પણ અશ્વેત લોકોની સાત કલાકથી ઓછા સમય સુધી ઊંઘવાની સંભાવના 4.6 ટકા અને છ કલાક કરતાં પણ ઓછા સમય ઊંઘવાની શક્યતા 11.4 ટકા હતી. આ અભ્યાસમાં લગભગ 1.9 લાખ અશ્વેત લોકો અને લગભગ 18.5 લાખ શ્વેત લોકોને સામેલ કરવામાં લોકોની ઊંઘ પર કોઈ નોંધપાત્ર અસર જોવા મળી નથી. આ સંશોધન ચોક્કસ સમુદાય પર જાતિવાદ અથવા હિંસાની અસરને પ્રકાશિત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. ઊંઘની અવધિ ઉપરાંત શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર હિંસક ઘટનાઓની અસર જાણવાની બાકી છે.

### મુગલ બાદશાહ શાહજહાંનો મંગળવારથી 369મો ઉર્સ તાજમહેલમાં ઉજવવામાં આવી રહ્યો છે

# તાજમહેલમાં એક તરફ શાહજહાંના ઉર્સની ઉજવણી તો વિરોધમાં હિન્દુ મહાસભાએ શિવ ચાલીસાનો કર્યો પાઠ



આગ્રા | ઉત્તર પ્રદેશના આગ્રામાં ઐતિહાસિક સ્મારક તાજમહેલમાં શરૂ થયેલા શાહજહાં ઉર્સનો અખિલ ભારતીય હિંદુ મહાસભાએ વિરોધ કર્યો છે. હિન્દુ મહાસભાના કાર્યકર્તાઓએ તાજમહેલની પાર્શ્વમાં જઈને જળાભિષેક કર્યો હતો અને આ સાથે જ શિવ ચાલીસાનો પાઠ પણ કરવામાં આવ્યો હતો. પ્રદર્શન કરી રહેલા કાર્યકર્તાઓનું કહેવું છે કે, જ્યારે તાજમહેલમાં કોઈપણ પ્રકારના ધાર્મિક કાર્યક્રમ પર પ્રતિબંધ છે તો પછી અહીં કોની મંજૂરીથી શાહજહાંના ઉર્સની ઉજવણી કરવામાં આવી રહી છે?

આ મુદ્દે હિન્દુ મહાસભાએ આગ્રા કોર્ટમાં શાહજહાંનો ઉર્સ રોકવા માટે કેસ પણ દાખલ કરી રાખ્યો છે. તેની સુનાવણી 4 માર્ચના રોજ થવાની છે. અખિલ ભારતીય હિંદુ મહાસભાના જિલ્લા અધ્યક્ષ સૌરભ શર્માએ કહ્યું- ઉર્સનો અમે સતત વિરોધ કરતા આવીએ છીએ. અમે પૂર્વમાં પુરાતત્વ વિભાગને મેમોરેન્ડમ આપી ચૂક્યા છીએ. વહીવટી તંત્રને પણ અનેક વખત વિનંતી કરી છે. સુનાવણી ન થવાને કારણે કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો છે. કોર્ટે ઉર્સ કમિટીને પણ નોટિસ પાઠવી છે. નોટિસ છતાં પણ ઉર્સની ઉજવણી કરવામાં આવી રહી છે. જો ઉર્સનો કાર્યક્રમ કરવામાં આવશે તો અમે પણ ભગવાન રામના વંશજ છીએ અને શિવ તાંડવ કરીશું. શાહજહાંનો ઉર્સ, વિરોધમાં હિન્દુ પક્ષ મુગલ બાદશાહ શાહજહાંનો મંગળવારથી 369મો ઉર્સ તાજમહેલમાં ઉજવવામાં આવી રહ્યો છે. ત્રણ દિવસીય ઉર્સમાં વિવિધ ધાર્મિક વિધિઓ અદા કરવામાં આવે છે. ઉર્સમાં ગુસ્લ, સંદિલ અને ચાદરપોશીની વિધિઓ થાય છે. આ ઉપરાંત કવ્વાલી અને મુશાયરા પણ થાય છે. વર્ષમાં માત્ર એક જ શાહજહાં અને મુમતાઝની ભૂતળની અસલી કબરો સુધી જવા માટે દરવાજા ખોલવામાં આવે છે.

ત્રણ દિવસ સુધી સામાન્ય પ્રવાસીઓ પણ અસલી કબરો જોઈ શકે છે. 6 અને 7 ફેબ્રુઆરીના રોજ તાજમહેલમાં 2:00 વાગ્યા બાદથી તમામ માટે પ્રવેશ ફ્રી રહેશે. ઉર્સના અંતિમ દિવસે એટલે કે, 8 તારીખે આખો દિવસ પ્રવેશ ફ્રી માં કરી શકાશે.ગત મંગળવારે પ્રથમ દિવસે ગુસ્લની વિધિ સાથે શાહજહાં ઉર્સની શરૂઆત થઈ તો હિન્દુ સંગઠનોના લોકોએ તેનો વિરોધ શરૂ કરી દીધો હતો. લગભગ અડધો ડઝન લોકો તાજમહેલના પાર્શ્વમાં મહેતાબ બાગ પહોંચી ગયા હતા અને ત્યાં તેઓએ ભગવાન શિવના ચિત્રની સામે જળાભિષેક કર્યો હતો અને શિવ ચાલીસાનો પાઠ કર્યો હતો.

## ન્યૂઝ કોર્નર

### સોનિયા ગાંધી, પ્રિયંકા રાજય સભામાં જશે ? આ અંગે અનેકવિધ અનુમાનો બંધાઈ રહ્યા છે

ચંડીગઢ : વડાપ્રધાન મોદીએ 'વંશવાદ' અંગે સોમવારે સીધા કરેલા પ્રહારો પછી કોંગ્રેસ પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને તેઓના પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા રાજ્યસભામાં જશે તેવી જોરદાર હવા ચાલી રહી છે. જ્યારે રાહુલ ગાંધી અંગે એવી અટકળો બંધાઈ રહી છે કે તેઓ ૨૦૧૯ ની ચુંટણીમાં મૂળ જવાહરલાલ નહેરૂની બેઠક અમેઠીમાંથી પણ પરાજિત થયા પછી કેરલના વાયનદમાંથી ચુંટાઈ આવ્યા છતાં તેઓ ૨૦૨૪માં ફરી અમેઠીમાંથી ચુંટણી લડશે કે પછી વાયનદમાંથી જ ચુંટણી લડશે ? તે વિષે પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. ૨૦૧૯માં તો રાહુલ કોંગ્રેસનો ગઢ ગણાતા અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાની સામે પરાજિત થયા હતા તે સર્વવિદિત છે. વાસ્તવમાં મૂળ જવાહરલાલ નહેરૂની આ બેઠક ઉપરથી રાહુલના કાકા સંજય ગાંધી, રાહુલના પિતાશ્રી રાજીવ ગાંધી અને માતૃશ્રી સોનિયા ગાંધી પણ ચુંટાઈ આવ્યા હતા. રાહુલ પોતે ૨૦૨૪ થી હજી સુધીમાં તો ૩ વખત ત્યાંથી ચુંટાઈ આવ્યા હતા.

### લોકસભામાં પી.એમ. મોદીનાં વક્તવ્ય અંગે રાહુલે કહ્યું : પીએમએ આડી-અવળી વાતો કરી

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે લોકસભામાં સંબોધન કર્યું. તેમાં તેઓએ અનેક મુદ્દાઓ ઉપર વિપક્ષને ઘેર્યા, તે પછી દાનીશ અલિએ એ તો પ્રહારો કર્યા જ હતા. રાહુલ ગાંધીએ પણ તે ભાષણ અંગે પોતાની પ્રતિક્રિયા આપી.સોમવારનાં તે વક્તવ્યમાં વડાપ્રધાને સરકારની યોજનાઓની પ્રશંસા કરતાં વિપક્ષો ઉપર નિશાન સાધ્યું હતું. વડાપ્રધાન આટલેથી જ અટકયા નહીં, તેઓએ જવાહરલાલ નહેરૂ અને ઇંદિરા ગાંધી ઉપર પણ નિશાન સાધ્યા. તેઓએ વિપક્ષ પર પરિવારવાદના આક્ષેપો કર્યા. સાથે કહ્યું, જવાહરલાલ નહેરૂ ભારતીયોને આળસુ કહેતા હતા. આ અંગે રાહુલ ગાંધીએ કડક પ્રતિભાવો આપ્યા હતા. જો કે, વડાપ્રધાને તેઓનાં વક્તવ્યમાં જાતિવાદ, પરિવારવાદ અને લોકસભા ચૂંટણીઓ સહિત અન્ય અનેક મુદ્દાઓ અંગે પણ કહ્યું હતું. આ અંગે સોશ્યલ મીડીયા સાઈટ ઠ ઉપર એક પોસ્ટ શેર કર્યો. જેમાં લખ્યું કે : વડાપ્રધાને વારંવાર તેમ કહ્યું કે દેશમાં બે જ જાતિઓ છે. અમીર અને ગરીબ. પરંતુ આજે તેઓએ પોતાને સૌથી મોટા ઓબીસી કહ્યા.

### નોઈડા અને ગ્રેટર નોઈડામાં કેટલાક રસ્તાઓ પર ડાયવર્ઝન પણ આપવામાં આવ્યુ

# ખેડૂતોની આજે દિલ્હી તરફ કૂચ, સંસદનો ઘેરાવ કરશે, નોઈડા-ગ્રે. નોઈડામાં કલમ 144 લાગુ



નવી દિલ્હી : નોઈડા અને ગ્રેટર નોઈડામાં ખેડૂતોના ભારે દેખાવને જોતા ગૌતમ બુદ્ધ નગર પોલીસ પ્રશાસને 7 અને 8 ફેબ્રુઆરીએ જિલ્લામાં કલમ 144 ( Section 144) લાગુ કરી છે. આ ઉપરાંત પોલીસે ટ્રાફિક એડવાઈઝરી પણ જારી કરી છે, જેમાં ખેડૂતોની ટ્રેક્ટર કૂચને કારણે નોઈડા અને ગ્રેટર નોઈડામાં કેટલાક રસ્તાઓ પર ડાયવર્ઝન પણ આપવામાં આવ્યુ છે જે માટે મુસાફરોને ચેતવણી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે નોઈડા અને ગ્રેટર નોઈડા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સંપાદિત કરાયેલી તેમની જમીનના બદલામાં વળતર અને જમીનના પ્લોટમાં વધારો કરવાની માંગ સાથે ડિસેમ્બર 2023થી ખેડૂત સંગઠનો દેખાવ કરી રહ્યા છે. ખેડૂતોએ રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટીતંત્ર પર તેમની માંગણીઓ અંગે દબાણ વધારવા માટે 7મી ફેબ્રુઆરી એટલે કે આજે 'કિસાન મહાપંચાયત' બોલાવી છે જ્યારે 8મીએ રાજધાની દિલ્હીમાં સંસદ સુધી કૂચ કાઢવાની (Protest March) જાહેરાત કરી છે. એડિશનલ ડીસીપી હૃદેશ કથેરિયાએ જણાવ્યું હતું કે, 'ખેડૂતો દ્વારા 7 ફેબ્રુઆરીએ મહાપંચાયતનું આયોજન કરવાનો અને 8 ફેબ્રુઆરીએ દિલ્હીમાં સંસદ સુધી કૂચ કરવાનો પ્રસ્તાવ છે. આ સમયગાળા દરમિયાન વિવિધ સંગઠનો દ્વારા કેટલાક અન્ય દેખાવના કાર્યક્રમની પણ દરખાસ્ત કરવામાં આવી છે. આ જોતા અસામાજિક તત્વો દ્વારા શાંતિ ડહોળવાની શક્યતા નકારી શકાય તેમ નથી.નોઈડા અને ગ્રેટર નોઈડામાં બે દિવસ સુધી કલમ 144 લાગુ કરવામાં આવી.ખેડૂતોના વિરોધને ધ્યાનમાં રાખીને નોઈડા અને ગ્રેટર નોઈડા પોલીસે 7 અને 8 ફેબ્રુઆરીએ કલમ 144 લાગુ કરી છે. આ અંતર્ગત 5 કરતા વધારે લોકોના એકઠા થવા અને ધાર્મિક અને રાજકીય સહિત અન્ય કોઈપણ પ્રકારના સરઘસ પર પ્રતિબંધ રહેશે. ટ્રાફિક પોલીસે દાદરી, તિલાપાટા, સૂરજપુર, સિરસા, રામપુર-ફતેહપુર અને ગ્રેટર નોઈડાના અન્ય રસ્તાઓના ડાયવર્ઝન અંગે લોકોને ચેતવણી આપી છે. એક એડવાઈઝરીમાં, ટ્રાફિક પોલીસે જણાવ્યું છે કે, '7 અને 8 ફેબ્રુઆરીએ મુસાફરોએ અસુવિધા ટાળવા માટે વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવો.' આ ઉપરાંત ટ્રાફિક સંબંધિત માહિતી માટે ટ્રાફિક પોલીસ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવાનું જણાવ્યું હતું.

### 9મી ફેબ્રુઆરીની સાંજે મુંબઇના અંધેરીમાં ભવ્ય એવોર્ડ સમારોહ યોજાશે

# શૌર્ય ચક્ર પુરસ્કાર વિજેતા આર્મી કમાન્ડો મધુસુદન સુર્વે અને ગીતકાર ગજાનન મહતપુરકર સહિત 35 વિજેતાઓને મહારાષ્ટ્ર ડ્રીમ અચીવર એવોર્ડ આપવાની જાહેરાત

મુંબઈ : દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કલા, સંસ્કૃતિ અને સામાજિક ચિંતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર કાર્ય કરતી અગ્રણી સંસ્થા સ્નેહા ઈવેન્ટ એન્ડ મેનેજમેન્ટ દ્વારા મંગળવારે, 6 ફેબ્રુઆરી, 2024ના રોજ મહારાષ્ટ્ર ડ્રીમ અચીવર એવોર્ડની બીજી સીઝનના એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. મંગળવાર, 6 ફેબ્રુઆરી, 2024 ના રોજ. આ મુજબ, ભારતીય સેનાના શૌર્ય ચક્ર પુરસ્કાર વિજેતા બહાદુર કમાન્ડો મધુસુદન સુર્વે અને જાણીતા ગીતકાર અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના એક્ઝિક્યુટિવ સભ્ય સહિત વિવિધ ક્ષેત્રોમાં તેમના સપના સાકાર કરનાર કુલ 35 વિજેતાઓ. મુંબઈ, ગજાનન મહતપુરકરને આ પ્રતિષ્ઠિત એવોર્ડની ટ્રોફીથી સન્માનિત કરવામાં આવશે.




આ માહિતી આપતા, ઈવેન્ટના આયોજક, સ્નેહા ઈવેન્ટ અને મેનેજમેન્ટના ડિરેક્ટર વિષ્ણુ મિશ્રાએ જણાવ્યું હતું કે આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહ શુક્રવાર, 9 ફેબ્રુઆરી, 2024 ના રોજ સાંજે 6 વાગ્યે મેયર હોલ, અંધેરી વેસ્ટ, મુંબઈ ખાતે આયોજિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે ભારત માતાના બહાદુર સપૂતો, ભારતીય સેનાના શૌર્ય ચક્ર મેળવનાર, કોમ્બેટ કમાન્ડો મધુસૂદન સુર્વે, જેમને કારગિલ યુદ્ધમાં તેમની શાનદાર બહાદુરી દર્શાવવા બદલ માનનીય રાષ્ટ્રપતિ શ્રી એ.પી. જે. અબ્દુલ દ્વારા માન્યતા આપવામાં આવી હતી, તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમને સન્માનિત કરવામાં આવશે. કલામને શૌર્ય ચક્રનો પ્રતિષ્ઠિત શણગાર પ્રાપ્ત કરવાનું ગૌરવ છે.

### હરદા દુર્ઘટનામાં ફેક્ટરીના માલિક સહિત ત્રણની ધરપકડ, પોલીસે દિલ્હી ભાગે તે પહેલા જ દબોચ્યા

નવી દિલ્હી : મધ્યપ્રદેશમાં મંગળવારે હરદા ફટાકડા ફેક્ટરીમાં ભયાનક બ્લાસ્ટ બાદ આગ ભભૂકી ઉઠી હતી જેમાં 11 લોકોના મોત થયા છે જ્યારે 175 કરતા પણ વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ બ્લાસ્ટ કેસમાં મુખ્ય આરોપી સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોમાં રાજેશ અગ્રવાલ, સોમેશ અગ્રવાલ અને રફીક ખાનનો સમાવેશ થાય છે. દિલ્હી ભાગી જવાની યોજના બનાવે તે પહેલા જ પોલીસે તેમની ધરપકડ કરી હતી. સારંગપુર પોલીસે મધ્યપ્રદેશ-ઉત્તર પ્રદેશ અને દિલ્હીને જોડતા નેશનલ હાઈવે પર લગભગ રાત્રે 9 વાગ્યે રાજીવ અગ્રવાલ, સોમેશ અગ્રવાલ અને રફીકની ધરપકડ કરી છે. ભોપાલ આઈજીની સૂચનાથી આરોપીઓને આગળની કાર્યવાહી માટે હરદા મોકલવામાં આવ્યા છે. હરદા અકસ્માતમાં, મધ્યપ્રદેશ પોલીસે ત્રણેય આરોપીઓની વિસ્ફોટક ધારાની કલમ 3 હેઠળ ધરપકડ કરી છે.

### અખિલેશ યાદવે કોંગ્રેસની 'ન્યાય યાત્રા'નું આમંત્રણ સ્વીકાર્યું

લખનઉ : સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે મંગળવારે ઉત્તર પ્રદેશમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસની 'ભારત જોડો ન્યાય યાત્રા'માં સામેલ થવાના આમંત્રણનો સ્વીકાર કર્યો છે. અખિલેશ યાદવને યાત્રામાં સામેલ થવાનું આમંત્રણ તેમની એ ટિપ્પણી બાદ મળ્યું છે જેમાં તેમણે દાવો કર્યો હતો કે, તેમની પાર્ટીને રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા'માં આમંત્રિત કરવામાં નથી આવી. સપા પ્રમુખે 4 ફેબ્રુઆરીના રોજ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતું કે, અનેક મોટા આયોજનો થાય છે પરંતુ અમને આમંત્રિત કરવામાં નથી આવતા. અખિલેશની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા વરિષ્ઠ કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું હતું કે, પાર્ટી ગઠબંધન સદસ્યોનું યાત્રામાં સ્વાગત કરવા માટે તૈયાર છે પરંતુ યુપીમાં તેનો અંતિમ કાર્યક્રમ હજું નક્કી કરવામાં નથી આવ્યો.

### મદનીએ દાવો કર્યો કે બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતાની ગેરન્ટી છે

# શરિયત પર સમજૂતી નહીં, આદિવાસી બહાર તો મુસ્લિમ અંદર કેમ? UCC અંગે જમીયત લડાયક મૂડમાં



નવી દિલ્હી : ઉત્તરાખંડ વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કૉડ (UCC) અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન મુસ્લિમ સંગઠનોએ અત્યારથી જ બિલનો વિરોધ શરૂ કરી દીધો છે. દહેરાદૂનમાં આ બિલ સામે દેખાવો પણ કરાયા. જમીયત-એ-ઉલેમા-એ-હિન્દે આ મામલે કહ્યું કે મુસ્લિમો એવા કોઈપણ કાયદાને નહીં સ્વીકારે જે શરિયતની વિરુદ્ધ હશે. જમીયત-એ-ઉલેમા-એ-હિન્દે આ બિલમાંથી આદિવાસીઓને મુક્તિ આપવાનો હવાલો આપતાં કહ્યું કે જો આ કાયદાથી આદિવાસી સમુદાયને અલગ રાખી શકાય તો બંધારણ હેઠળ મળેલી ધાર્મિક સ્વતંત્રતાના આધારે લઘુમતીઓને પણ આ કાયદાના દાયરાથી અલગ રાખવામાં આવે.

આ મામલે જમીયત પ્રમુખ મૌલાના અરશદ મદનીએ કહ્યું કે અમે એવા કોઈપણ કાયદાને સ્વીકારવાના નથી જે શરિયતની વિરુદ્ધ હોય કેમ કે એક મુસ્લિમ દરેક વસ્તુ જોડે સમજૂતી કરી શકે છે પણ તે શરિયત અને ધર્મ પર ક્યારેય સમજૂતી નહીં કરે. તેમણે સવાલ કર્યો કે, '' જો બંધારણની એક કલમ હેઠળ અનુસૂચિત જનજાતિઓને આ કાયદાના દાયરાથી બહાર રાખવામાં આવી શકે તો નાગરિકોના મૌલિક અધિકારોને માન્યતા આપતી બંધારણની કલમ 25 અને 26 હેઠળ મુસ્લિમોને ધાર્મિક સ્વતંત્રતા કેમ ન આપી શકાય? મદનીએ દાવો કર્યો કે બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતાની ગેરન્ટી છે પણ સમાન નાગરિક સંહિતા (UCC) મૌલિક અધિકારોનું હનન કરે છે.

### SC-ST ક્વોટામાં ક્વોટા મામલે સુપ્રીમ કોર્ટમાં મંથન શરૂ, સાત જજોની બેંચે શરૂ કરી સુનાવણી

નવી દિલ્હી : અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ના ક્વોટામાં ક્વોટા મામલે સુપ્રીમ કોર્ટે વિચારણા શરૂ કરી છે. સુપ્રીમ કોર્ટમાં આજે મંગળવારે સાત ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠે એસસી/એસટી કેટેગરીને આપવામાં આવેલા આરક્ષણમાં એસસી/એસટી કેટેગરીના સૌથી વધુ જરૂરિયાતમંદ લોકોને અનામત અને પ્રાથમિકતા આપવાના મુદ્દે વિચાર-મંથન શરૂ કર્યું છે. સુપ્રીમ કોર્ટ વિચારણા કરી રહ્યું છે કે, શું રાજ્ય સરકારને અનામતની દ્રષ્ટિએ જાતિઓને SC-ST શ્રેણીમાં પેટા-વર્ગીકરણ કરવાનો અધિકાર છે? શું રાજ્ય સરકાર વધુ પછાત અને જરૂરિયાતમંદ જાતિઓને અનામતનો લાભ આપવા માટે SC-ST વર્ગમાં પેટા વર્ગીકરણ કરી શકે છે? સુનાવણી દરમિયાન કોર્ટે એમ પણ કહ્યું કે, શું અહીં એ જ માપદંડ લાગુ ન થવો જોઈએ જે રીતે પછાત અને ફૉરવર્ડ વચ્ચે અપનાવવામાં આવે છે? પંજાબ સરકાર 2006માં પંજાબ અનુસૂચિત જાતિ અને પછાત વર્ગો (સેવાઓમાં અનામત) અધિનિયમ 2006 લાવી હતી.

# શ્રીમતી હંસા બાલકૃષ્ણ મહેતા મહારાષ્ટ્ર ડ્રીમ અચીવર એવોર્ડ સમારોહમાં લાઈફ ટાઇમ ડ્રીમ અચીવર એવોર્ડ મેળવશે

મુંબઈ : 9 ફેબ્રુઆરી, 2024 ના રોજ મુંબઈમાં આયોજિત મહારાષ્ટ્ર ડ્રીમ અચીવર્સ એવોર્ડની સીઝન 2 ના ગૌરવપૂર્ણ સમારોહમાં જાણીતા સામાજિક કાર્યકર શ્રીમતી હંસા બાલકૃષ્ણ મહેતાને આપવામાં આવનાર જીવન ગૌરવ (લાઈફ ટાઈમ ડ્રીમ અચીવર) એવોર્ડની જાહેરાત. બુધવાર, 7 ફેબ્રુઆરી 2024ના રોજ થઈ ગયું. આ માહિતી આપતાં ઈવેન્ટના આયોજક સ્નેહા ઈવેન્ટ એન્ડ મેનેજમેન્ટના સીએમડી વિષ્ણુ મિશ્રાએ જણાવ્યું હતું કે શ્રીમતી હંસા મહેતા એક અદ્ભુત વ્યક્તિત્વ છે, જે આ વર્ષે 96 વર્ષની ઉંમરે પહોંચી છે, પરંતુ ઉંમરના આ તબક્કે પણ તેઓ અત્યંત સ્વસ્થ છે. મહત્વાકાંક્ષી છે. તેમણે કહ્યું કે શ્રીમતી મહેતા એક અદભૂત સામાજિક પ્રભાવક અને એક સ્વપ્નદ્રષ્ટા છે જેઓ સમાજના ઘણા દ્રષ્ટિહીન અને શારીરિક રીતે અશક્ત વર્ગોના રંગને બદલવા માટે સંકલ્પબદ્ધ છે. તમારા જીવનના 62 થી વધુ વર્ષો સમાજ સેવા માટે સમર્પિત કર્યા પછી પણ તમે લાખો લોકોને પ્રેરણા આપો છો. તમારું જીવન એ તમારી જાતને સમર્પણ, પડકારોને પાર કરવાની, ક્યારેય નિષ્ફળ ન થવાનું વલણ, પરિવર્તનની સતત ઈચ્છા અને સમાજમાં પરિવર્તન લાવવાના મજબૂત ઈરાદાની વાર્તા છે. તમારું જીવન પ્રાચીન દાન, જરૂરિયાતમંદોની નિઃસ્વાર્થ સેવા અને નિરાશામાં પ્રાર્થનાનું જીવંત ઉદાહરણ છે. હજારો લોકોની માતા, જેમના અવિશ્વસનીય પ્રેમે નિરાશાજનક જીવનને આશાભરી સુગંધથી ભરી દીધું છે. આ તમારા કામે ઘણા લોકોના જીવન પર જે અસર કરી છે તે વિશે વોલ્યુમો બોલે છે. 1993 માં 'સહયોગ ફાઉન્ડેશન




એવોર્ડ' એ ઘણા પ્રતિષ્ઠિત વખાણની શરૂઆત હતી, જેણે તમારી પ્રસિદ્ધ યાત્રાને ઉત્સાહિત કર્યો. દરેક વર્ષ તમારા સારા કાર્ય અને યોગદાન માટે અભિનંદન, આનંદ અને ઉજવણીનું વર્ષ રહ્યું છે. નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ હોય કે અન્ય કોઈ સંસ્થા! તમારા પુરસ્કારો અને સન્માનોની યાદી અનંત છે, જેમાં 1996માં સૌથી પ્રતિષ્ઠિત ઈન્દિરા ગાંધી પ્રિયદર્શિની એવોર્ડનો સમાવેશ થાય છે. તેણીની સામાજિક ઓળખ અને કાર્યોની લાંબી સૂચિને ધ્યાનમાં રાખીને, તાજેતરમાં અશોકને 'વર્ષના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકર' તરીકે 2024-25નો દાદાસાહેબ ફાળકે આંતરરાષ્ટ્રીય પ્રેરણાત્મક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તમે ખરેખર સામાજિક પરિવર્તનના પ્રણેતા, હજારો લોકોની માતા, આશા અને પડકારો છતાં ગૌરવપૂર્ણ જીવનનો માર્ગ શોધનારાઓ માટે આદર્શ શિક્ષક છો.

પશ્ચિમ રેલ્વે
સ્ટોર્સ વિભાગ
પી-વે અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે માર્ચ 2024 દરમિયાન ઈ-ઓક્શન વેચાણ.
ખાસ ધ્યાન: બધા સ્ટીલ ખરીદનારા અને રિ-રોલર્સ.
પી-વે સ્ક્રેપ, રેલ સ્ક્રેપ અને અન્ય વિવિધ ભંગાર સામગ્રીના નિકાલ માટે જાહેર ઈ-ઓક્શન માર્ચ 2024 માં યોજાશે, નીચે આપેલા કાર્યક્રમ મુજબ:-

| 1 લો રાઉન્ડ | 2 જો રાઉન્ડ | 3 જો રાઉન્ડ | 4 થો રાઉન્ડ મેગા ઓક્શન | ડેપો / વિભાગ | ઈન્ચાર્જ ડેપો ઓફિસર | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| 01/03/2024 | 11/03/2024 | 19/03/2024 | 28/03/2024 | મહાલક્ષ્મી | ડેપ્યુટી ચીફ મટિરિયલ મેનેજર - મહાલક્ષ્મી | 022-24929571 09004495750 |
| 01/03/2024 | 11/03/2024 | 19/03/2024 | 28/03/2024 | અમદાવાદ | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર - અમદાવાદ | 07922205888 09724093750 |
| 04/03/2024 | 11/03/2024 | 20/03/2024 | 28/03/2024 | વડોદરા | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર - વડોદરા | 02652641592 09724091750 |
| 04/03/2024 | 12/03/2024 | 21/03/2024 | 28/03/2024 | રતલામ | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર રતલામ | 07412230080 09752492750 |
| 05/03/2024 | 12/03/2024 | 21/03/2024 | 28/03/2024 | મુંબઈ સેન્ટ્રલ | વિભાગીય સામગ્રી મેનેજર મુંબઈ સેન્ટ્રલ | 022-23094142 09004499006 |
| 06/03/2024 | 13/03/2024 | 22/03/2024 | 28/03/2024 | રાજકોટ | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર- રાજકોટ | 02812476943 09724094770 |
| 06/03/2024 | 16/03/2024 | 26/03/2024 | 28/03/2024 | સાબરમતી | વરિષ્ઠ વિભાગીય મટિરિયલ મેનેજર સાબરમતી | 02812476943 09724094770 |
| 06/03/2024 | 14/03/2024 | 22/03/2024 | 28/03/2024 | દાહોદ | ડેપ્યુટી ચીફ મટિરિયલ મેનેજર - દાહોદ | 02673241295 09724090455 |
| 07/03/2024 | 14/03/2024 | 27/03/2024 | 28/03/2024 | ભાવનગર | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર - ભાવનગર | 02782444360 09724097750 |
| 09/03/2024 | 18/03/2024 | 27/03/2024 | 28/03/2024 | પ્રતાપનગર | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર - વડોદરા | 02652641592 09724091750 |

વિગતવાર માહિતી માટે કૃપા કરીને સંબંધિત ડેપો/વિભાગીય અધિકારીઓનો સંપર્ક કરો. નોંધ :- 1. રેલ્વે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ પાછી ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. 2. e-ઓક્શન નિર્ધારિત સમય મુજબ શરૂ થશે. 3. E-ઓક્શન કેટલોગ સાઈટ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલ પર ઉપલબ્ધ હશે. 4. ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષર, નોંધણી પ્રક્રિયાઓ અને સહભાગિતા સંબંધિત કોઈપણ સહાયની જરૂર હોય, તો કૃપા કરીને ઉપરોક્ત ડેપો ઓફિસરનો સંપર્ક કરો. 5. તમામ પેમેન્ટ ટ્રાન્ઝેક્શન ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવશે. (No. :- S/S III/Auction Program-1/MARCH -2024, તારીખ :- 05-02-2024)
1146
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ગૂગલે પ્લે સ્ટોર પરથી 2,200 બનાવટી લોન એપ દૂર કરાઈ




### લોન એપ્સ સંબંધિત નીતિમાં પણ સુધારો કરાયો

નવી દિલ્હી : અમેરિકાની ટેક્નોલોજી જાયન્ટ ગૂગલે સપ્ટેમ્બર ૨૦૨૨ અને ઑગસ્ટ ૨૦૨૩ વચ્ચે પ્લે સ્ટોર પરથી ૨,૨૦૦થી વધુ નકરી લોન એપ્સને દૂર કરી હતી અથવા સસ્પેન્ડ કરી હતી. તેમ કેન્દ્ર સકરકારે મંગળવારે સંસદને કહ્યું હતું. સરકાર નકલી લોન એપ પર નિયંત્રણ મેળવવા માટે સતત આરબીઆઈ અને અન્ય નિયમનકારો તેમજ હિસ્સેદારો સાથે સતત કામ કરે છે.

રાજ્યકક્ષાના નાણામંત્રી ભાગવત કે. કરાડે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલય પાસેથી મળેલી માહિતી મુજબ એપ્રિલ ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૨ વચ્ચે ગૂગલે તેના પ્લે સ્ટોર પર ૩,૫૦૦થી ૪,૦૦૦ લોન એપની સમીક્ષા કરી હતી અને તેમાંથી ૨,૫૦૦ નકલી લોન એપ્સને સસ્પેન્ડ કરી હતી અથવા દૂર કરી હતી. એ જ રીતે સપ્ટેમ્બર ૨૦૨૨થી ઑગસ્ટ ૨૦૨૩ દરમિયાન ૨,૨૦૦થી વધુ લોન એપ્સ પ્લે સ્ટોર પરથી હટાવવામાં આવી હતી.વધુમાં, ગૂગલે પ્લે સ્ટોર પર લોન એપ્સ સંબંધિત નીતિમાં પણ સુધારો કર્યો છે. હવે પ્લે સ્ટોર પર માત્ર રેગ્યુલેટેડ એન્ટીટીસ (આરઈ) દ્વારા પ્રકાશિત અથવા આરઈ સાથે ભાગીદારીમાં કામ કરતી હોય તેવી લોન એપ્સને જ મંજૂરી આપે છે. તેણે ભારતમાં લોન એપ્સ માટે આકરી અમલીકરણ પ્રક્રિયા સાથે વધારાની નીતિવિષયક જરૂરિયાતો પણ અમલમાં મૂકી છે.

ભારતીય રિઝર્વ બેન્કે ડિજિટલ લેન્ડિંગ અંગે નિયમનકારી માર્ગદર્શિકા ઈશ્યુ કરી છે, જેનો આશય ડિજિટલ લેન્ડિંગ માટે નિયમનકારી માળખુ મજબૂત બનાવવાનો તેમજ ગ્રાહકોને સુરક્ષિત રાખવા તથા ડિજિટલ ધિરાણની ઈકોસિસ્ટમને સલામત અને મજબૂત બનાવવાનો છે તેમ તેમણે કહ્યું હતું.

વધુમાં નાગરિકોને ગેરકાયદે લોન એપ સહિત સાયબર ગુનાની ઘટનાઓથી સુરક્ષિત રાખવા ગૃહ મંત્રાલયે નેશનલ સાયબરક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ તેમજ નેશનલ સાયબરક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ લોન્ચ કર્યો હતો. સાયબર ગુનાઓ સામે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે પણ કેન્દ્ર સરકાર સમયે સમયે વિવિધ પહેલો કરતી રહે છે.

સિટી એક્સપ્રેસ
THURSDAY 08 FEBRUARY-2024
AHMEDABAD

### વિદાય લેતા શિયાળા વચ્ચે ગુજરાતમાં આજે માવઠાંની આગાહી

ગુજરાતમાં ધીરે ધીરે શિયાળો વિદાય લઈ રહ્યો છે.દિવસે દિવસે તાપમાનમાં વધારો નોંધાતો જઈ રહ્યો છે. બીજી બાજુ હવામાન વિભાગે ગુજરાતમાં ઠંડી અને ગરમીની મિશ્ર ઋતુ વચ્ચે કમોસમી વરસાદ થવાની આગાહી કરી છે. ગુજરાતના કેટલાક વિસ્તારમાં આ માવઠું થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ગુજરાતમાં ધીરે ધીરે શિયાળો વિદાય લઈ રહ્યો છે.દિવસે દિવસે તાપમાનમાં વધારો નોંધાતો જઈ રહ્યો છે.

### પ્રેમમાં પાગલ પ્રેમીએ કહ્યું મારી સાથે વાત નહી કરે તો ઓફિસ સળગાવી મારી નાંખીશ

નરોડા હંસપુરામાં ઓફિસ ધરાવતી મહિલાના ત્યાં એક તરફી પ્રેમમાં પાગલ શખ્સ આવ્યો હતો અને તેને મહિલાને તું કેમ મારી સાથે વાત નથી કરતી મારો નંબર અનબ્લોક નહી કરે તો ઓફિસ સળગાવી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહી શખ્સે મહિલાના ઘરે જઈને તેના પતિ સાથે તકરાર કરી મારમારી ભાગી ગયો હતો. આ અંગે મહિલાએ શખ્સ સામે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નરોડામાં હંસપુરા ખાતે રહેતી ૪૨ વર્ષની મહિલાએ નરોડા પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોધાવી છે.



# બલ્ગેરિયન યુવતીની 14 દિવસે ભાળ મળી

## કેડિલાના CMD સામે દુષ્કર્મની ફરિયાદ કરનાર યુવતી બલ્ગેરિયા જતી રહી, સ્વીત્ઝરલેન્ડથી તેના વકીલ ભારત આવશે

અમદાવાદ તા 07

અમદાવાદની જાણીતી ફાર્મા કંપની કેડિલાના સીએમડી રાજીવ મોદી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવનાર બલ્ગેરિયન યુવતીની 14 દિવસે ભાળ મળી છે. આજે અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ. મલિકે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું છે કે, ફરિયાદી યુવતી પોતાના વતન પરત જતી રહી છે. બલ્ગેરિયન યુવતીના વકીલે શું કહ્યું? બલ્ગેરિયન યુવતીના વકીલ રાજેશ મિશ્રાએ જણાવ્યું હતું કે, હું કાલે જ જેસીપી ચિરાગ કોરડિયા કે





જે આ કેસના સુપરવાઈઝર છે. તેમને હું મળ્યો હતો, પરંતુ તેમણે મને આ વિશે કંઈ જણાવ્યું નહોતું. બલ્ગેરિયન યુવતી મિસિંગ છે એ ફરિયાદ મેં કરી હતી પણ પોલીસે મને ન જણાવતા મીડિયામાં જાહેરાત કરી છે. આ રેપ કેસમાં સરકાર જ ફરિયાદી હોય એટલા માટે પોલીસે ચાર્જશીટ તો ફાઈલ કરવી જ પડશે અને કોર્ટને જણાવવું પડશે ઈન્વેસ્ટિગેશનમાં શું બહાર આવ્યું? કોર્ટના આદેશ પ્રમાણે રાજીવ મોદી સામે દુષ્કર્મની ફરિયાદ તો થઈ ગઈ પણ બલ્ગેરિયન યુવતીનો આરોપ કે પોલીસ તેની ફરિયાદ નહોતી લેતી તેના માટે નિવેદન તે આપે એ પહેલાં એ ગુમ થઈ ગઈ છે. યુવતીના વકીલ સ્વિત્ઝરલેન્ડથી ભારત આવશે, યુવતીનો ફોન ટ્રેસ કરાતો હતો.

### 17થી 24 જાન્યુ. વચ્ચે નિવેદન આપવાનું હતું

હાઈકોર્ટના રાજીવ મોદી સામે ફરિયાદ દાખલ કરવાના હુકમ બાદ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં યુવતીના કેસની તપાસ શરૂ થઈ હતી. અત્યારસુધીમાં પોલીસે રાજીવ મોદીના છારોડી ખાતેના ફાર્મહાઉસના સ્ટાફ અને કર્મચારીઓનાં નિવેદન લીધાં છે. રાજીવ મોદીનો સંપર્ક પોલીસ દ્વારા થઈ શક્યો નથી અને યુવતીની આગળની તપાસ માટે તેણે જોઈન્ટ કમિશનર ચિરાગ કોરડિયાને નિવેદન 17થી 24 જાન્યુઆરી વચ્ચે આપવાનું હતું.

### 13 દિવસ સુધી યુવતી ક્યાં તેવા તર્ક- વિતર્ક થયા

18 જાન્યુઆરીએ યુવતી તેના વકીલ સાથે પોલીસ અધિકારીને નિવેદન નોંધાવવા જવાની હતી. એ દિવસે તપાસ અધિકારી ડિપાર્ટમેન્ટના કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી નિવેદન નોંધાયું નહોતું. યુવતી પાછી નિવેદન આપવા જાય એ પહેલાં તે ગુમ થયાની વાત સામે આવી હતી. જોકે, યુવતી બલ્ગેરિયા પરત જતી રહી હોવાની પોલીસે આજે સ્પષ્ટતા કરી છે.

## રાજ્યના તમામ ક્લિનિક અને હોસ્પિટલોએ કરાવવું પડશે ફરજિયાત રજીસ્ટ્રેશન

અમદાવાદ તા 07

ગુજરાત રાજ્યમાં હોસ્પિટલ સંચાલકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે.રાજ્યના તમામ ક્લિનિક અને હોસ્પિટલોએ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.ગુજરાત હાઈકોર્ટમાં માંડલમાં થયેલા અંધાપા કાંડ મુદ્દે સુઓમોટોની જાહેર હિતની અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. એડવોકેટ જનરલે મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું હતું કે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટની જોગવાઈઓમાં સુધારો કરવામાં આવશે. અત્યાર સુધી 50 કે તેથી વધુ બેડ વાળી હોસ્પિટલોનું રજીસ્ટ્રેશન ફરજિયાત હતું અત્યાર સુધી 50 કે તેથી વધુ બેડ વાળી હોસ્પિટલોનું રજીસ્ટ્રેશન ફરજિયાત હતું.જ્યારે સુધારા બાદ હવે રાજ્યના તમામ ક્લિનિક અને હોસ્પિટલો એ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ચેરીટેબલ, ટ્રસ્ટ કે એનજીઓ તરફથી યોજાતા મેડિકલ કેમ્પનું પણ ફરજિયાત રજીસ્ટ્રેશનની પણ કરાઈ માંગ

ચેરીટેબલ, ટ્રસ્ટ કે એનજીઓ તરફથી યોજાતા મેડિકલ કેમ્પનું પણ ફરજિયાત રજીસ્ટ્રેશન કરવાની માંગ કરવામાં આવી છે. માંડલમાં થયેલા આંધાપા કાંડ જેવી ઘટનાઓ ફરીથી ના બને એ માટે સરકાર જરૂરી સુધારાત્મક પગલાં લેશે. આ કેસમાં વધુ સુનાવણી આગામી 22 ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

## શિક્ષણ મંત્રી દ્વારા ભગવત ગીતાના સમાવેશનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જેને આમ આદમી પાર્ટીએ સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે: ઉમેશ મકવાણા

### પ્રશ્ન એ છે કે શ્રીમદ્ ભગવત ગીતાને ભણાવી શકે તેવા તજજ્ઞો કે શિક્ષકો છે?

અમદાવાદ/બોટાદ/ તા 07



આમ આદમી પાર્ટીના બોટાદ વિધાનસભાના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ વિધાનસભા ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આજે શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસરિયા દ્વારા એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જેને આમ આદમી પાર્ટીએ સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. આ પ્રસ્તાવ અનુસાર ધોરણ 6 થી 12ના અભ્યાસક્રમમાં શ્રીમદ્ ભગવત ગીતાના પાઠનો સમાવેશ કરવામાં આવશે. અમારા દ્વારા આ પ્રસ્તાવમાં રાજ્ય સરકાર અને શિક્ષણ મંત્રીને ઘણા સૂચનો પણ આપવામાં આવ્યા છે. પહેલો પ્રશ્ન એ છે કે શ્રીમદ્ ભગવત ગીતાને ભણાવી શકે તેવા તજજ્ઞો કે શિક્ષકો છે? કારણ કે મોટાભાગની શાળાઓમાં આજે પણ સંસ્કૃતના શિક્ષકોની ખૂબ જ ઘટ છે.

સાથે સાથે ગુજરાતની મોટાભાગની શાળાઓમાં પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી, ઓરડાની ખૂબ જ ઘટ છે, રમત ગમતના મેદાનોની ઘટ છે અને ગુરુ સમાન શિક્ષકો પણ આજે કોન્ટ્રાક્ટ આધારિત કામ કરી રહ્યા છે. હું પણ શિક્ષક રહી ચૂક્યો છું માટે હું જાણું છું કે કોઈપણ શિક્ષકને એ સવાલ થાય કે કોન્ટ્રાકટ આધારિત 20,000ના પગારમાં હું મારા પરિવારનું ભરણપોષણ કઈ રીતે કરીશ? તો આ ચિંતા સાથે હવે કોઈપણ શિક્ષક ગીતાના પાઠ કઈ રીતે ભણાવી શકશે? ગુજરાતમાં આજે 32,634 શિક્ષકોની ઘટ છે. 14000 શાળાઓ એવી છે જ્યાં એક જ વર્ગમાં વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. અમારું એ પણ સૂચન છે કે ભગવત ગીતાના પાઠ શરૂ કરાવ્યા પહેલાં ઓરડાની વ્યવસ્થા કરવામાં આવે, જેમાં ભગવાન શ્રીકૃષ્ણની એક મૂર્તિની સ્થાપના કરવામાં આવે. ત્યારબાદ તેમનું સમગ્ર જીવન રજૂ કરવામાં આવે અને ત્યારબાદ તજજ્ઞ શિક્ષકો દ્વારા બાળકોને ગીતાના પાઠ ભણાવવામાં આવે. શ્રીમદ્ ભગવત ગીતાની સાથે સાથે રામાયણનું પણ હિન્દુ સંસ્કૃતિમાં ખૂબ જ મહત્વ છે માટે અમે એ પણ માંગણી કરી છે કે ધોરણ 11 અને 12 માં રામાયણના પાઠ ભણાવવામાં આવે.

### મહિલાઓ ઉડાવશે ડ્રોન ! પ્રાકૃતિક ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગની તાલીમ અપાઇ

બજેટ 2024-25માં નાણામંત્રી નિર્મલા સીતારમણે લખપતિ દીદી યોજનાને લઈને મોટી જાહેરાત કરી હતી. આ યોજના અંતર્ગત મહિલાઓને મોટા પાયે સશક્ત બનાવવાનો ઠરાવ કરાયો છે. વર્ષ 2024માં 3 કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય છે. જેને લઈને હવે મહિલાઓને ડ્રોન ઉડાવવાની તાલીમ અપાઈ રહી છે. અમદાવાદના ધોળકાના કેલિયા વાસણા ગામે પ્રાકૃતિક ખેતી પર કેન્દ્રિત ફિલ્ડ દિવસની ઉજવણી કરાઈ. જે કાર્યક્રમમાં મહિલાઓને ખેતરમાં ડ્રોન દ્વારા દવા અને ખાતરનો છંટકાવ કરવાની તાલીમ આપવામાં આવી હતી.

## ફ્રાન્સના ટાપુ પર 9 ગુજરાતી ફરવા ગયા ને એક વર્ષથી ડિટેઇન સેન્ટરમાં

### કબૂતરો’ ટાપુમાં ફસાયા?:, HCમાં જાહેર હિતની અરજી, હવે અહીંના વકીલો જવાના પ્રયાસમાં

અમદાવાદ તા 07

ફ્રાન્સના કેરેબિયન ટાપુ પર 9 ગુજરાતી ફરવા ગયા અને એક વર્ષ જેવો સમય થયો હોવા છતાં મળ્યા નથી. આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં બળવંતસિંહ વાઘેલા, રેખાબેન પટેલ અને જીતેન્દ્ર કુમાર પટેલ દ્વારા એડવોકેટ માસુમ શાહ અને એડવોકેટ એચ.કે. ધોળકિયા મારફજાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ હાથ ધરવામાં આવી હતી. જેમાં અરજદારના વકીલે જણાવ્યું હતું કે, આ 9 લોકોને ડિટેઈન સેન્ટરમાં રખાયા હોવાની શક્યતા છે. 3 ફેબ્રુઆરીથી 9 લોકો ખોવાઈ ગયા અરજદારોના જણાવ્યા પ્રમાણે 9 લોકો ફ્રાન્સ અંતર્ગતના કેરેબિયન ટાપુઓમાં ફરવા ગયા હતા. જ્યાંથી તેઓ 3 ફેબ્રુઆરી, 2023થી ખોવાઈ ગયા હતા. ત્યારબાદ તેઓ મળ્યા નથી. તેઓ હોડીમાં કોમનવેલ્થ ડોમિનિકાથી સેન્ટ માર્ટિન ટાપુ ઉપર જતા હતા. તેઓ કેરેબિયન્સ ટાપુઓ અંતર્ગતના કોઈ ટાપુ ઉપર ફસાયા હોય શકે અથવા તેમને ડિટેઈન કરાયા હોઈ શકે.

આ મુદ્દે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને દેશના ગૃહમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ભારત સરકારે તેમની ભાળ મેળવવા પ્રયત્ન કર્યો હતો. છેલ્લી માહિતી મુજબ તેઓ guadeloupe ટાપુ ઉપર ફસાયેલા હોઈ શકે છે. આજની સુનાવણીમાં અરજદારના વકીલે જણાવ્યું હતું કે, ત્યાંની સરકાર ગેરકાયદેસર આવેલા લોકોની માહિતી આપતી નથી. તેમને ડિટેઈન સેન્ટરમાં રખાયા હોવાની શક્યતા છે. આ જગ્યાએ જવા માટે અલગથી પરવાનગી લેવી પડે છે.

## ચંદીગઢ મેયર ચૂંટણીમાં લોકતંત્રની હત્યા કરવામાં આવી, 'આપ' પ્રદેશ કાર્યાલય ખાતે સમગ્ર ઘટનાનું નાટ્યરૂપાંતર દ્વારા રજૂ કરવામાં આવ્યું

### જો એક મેયરની ચૂંટણીમાં ભાજપ આ હદે જઈ શકતું હોય તો આવનારા દિવસોમાં યોજનાર લોકસભા ચૂંટણીમાં ભાજપ શું શું કરી શકે છે?: હિમાંશુ ઠક્કર

અમદાવાદ તા 07

ચંદીગઢ મેયરની ચૂંટણીમાં ખુલ્લેઆમ લોકતંત્રની હત્યા કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના અને કોંગ્રેસના ઈન્ડિયા એલાઈન્સને બહુમત હોવા છતાં તેમના મતને રિજેક્ટ કરીને ભાજપને જીત અપાવવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા દ્વારા આ સમગ્ર ઘટનાને લોકશાહીની હત્યા ગણાવી હતી.

અમદાવાદ શહેર સમિતિ દ્વારા આ સમગ્ર ઘટનાનું નાટ્યરૂપાંતર આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે આયોજિત કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેર પ્રમુખ બીપીનભાઈ પટેલ અને





પ્રદેશ પ્રવક્તા હિમાંશુભાઈ ઠક્કરની આગેવાનીમાં આ નાટક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેર ઉપપ્રમુખ જતિન પટેલ, અમદાવાદ શહેર ઉપપ્રમુખ પારસ શાહ, અમદાવાદ શહેર ઉપપ્રમુખ અમિત પંચાલ, અમદાવાદ શહેર યુવા પ્રમુખ કુલદિપ ભટ્ટ, વટવા વોર્ડ પ્રમુખ બિપિન શર્મા, અમદાવાદ શહેર મહામંત્રી અશોક ગજેરાએ ભાગ લીધો હતો. ત્યારબાદ આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર પ્રમુખ બીપીનભાઈ પટેલે અને પ્રદેશ પ્રવક્તા હિમાંશુભાઈ ઠક્કરે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ પ્રવક્તા હિમાંશુભાઈ ઠક્કરે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ચંદીગઢ મેયરની ચૂંટણીમાં કઈ રીતે લોકશાહીની હત્યા કરવામાં આવી અને ભાજપને જીત અપાવવામાં આવી એ વાત જનતા સુધી વાત પહોંચે, એ ઉદ્દેશ સાથે આમ આદમી પાર્ટીએ ચંદીગઢ મેયરની ચૂંટણીની ઘટનાની નાટ્યરૂપાંતર રજૂ કર્યું હતું. જો એક મેયરની ચૂંટણીમાં ભાજપ આ હદે જઈ શકતું હોય તો આવનારા દિવસોમાં યોજનાર લોકસભા ચૂંટણીમાં ભાજપ શું શું કરી શકે છે, તે લોકોએ વિચારવાની જરૂરત છે. અમે આ નાટકમાં બતાવ્યું કે કઈ રીતે સત્તાની લાલચમાં લોકતંત્રની હત્યા કરવામાં આવી હતી અને અમે ઈચ્છીએ છીએ કે લોકો આ સમગ્ર ઘટનાક્રમને જોઈને સત્યને સમજે અને એ પણ જાણે કે આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દિવસ રાત લોકતંત્રને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેમને સહકાર આપે.

### ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

અમદાવાદ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા યોજવાની છે. આ પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર થયો છે. 11 માર્ચથી બોર્ડની પરીક્ષા શરૂ થશે.

ધોરણ 10ની પરીક્ષા 11 માર્ચથી 22 માર્ચ સુધી ચાલશે. ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 11 માર્ચથી 26 માર્ચ સુધી ચાલશે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 11 થી 22 માર્ચ સુધી ચાલશે. અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ આકાર્યક્રમની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

## અમદાવાદના વસ્ત્રાલમાં 15થી વધુ શખસોએ તલવાર સાથે ધાક જમાવી

અમદાવાદ તા 07

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં બાઈક પર આવેલા કેટલાક અસામાજિક તત્વોએ વસ્ત્રાલ વિસ્તારને રીતસરનું બાનમાં લઈને આંતક મચાવ્યો હતો. માથાભારે તત્વોએ પોતાની ધાક જમાવવાના ઈરાદે વિસ્તારમાં 20 વાહનોમાં તોડફોડ કરી હતી. બાદમાં ગાળો બોલીને નાસી ગયા હતા. 15થી વધુ લોકોએ મોડીરાતે તોડફોડની ઘટનાને અંજામ આપતા પોલીસ દોડતી થઈ હતી. લોકો પણ ડરના માર્યા ઘરની અંદર જ પૂરાઈ ગયા હતા. રામોલ પોલીસે સમગ્ર મામલે રાયોટિંગ સહિતની કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જોકે, આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. આ શખસો ગાળો બોલી



રહ્યા હતા વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી તક્ષશીલા સ્કૂલની પાછળ ઉમિયાનગર સોસાયટીમાં રહેતા જગદીશ ભલગામિયાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું હતું કે, ગત મોડીરાતે સોસાયટીના રહીશો પોત પોતાના ઘરમાં હતા ત્યારે બાઈકો પર કેટલાક શખસો તલવાર, ધોકા સહિતના હથિયારો લઈને આવી ગયા હતા. આ શખસો ગાળો બોલી રહ્યા હતા અને એકાએક વાહનોમાં તોડફોડ કરવા લાગ્યા હતા.

## DJ, માઈક, ફટાકડાથી થતાં ધ્વનિ પ્રદૂષણનું પ્રમાણ માપવા પોલીસને 53 સાઉન્ડ મીટર આપવામાં આવ્યા

અમદાવાદ તા 07

ધ્વનિ પ્રદૂષણની રોજની સરેરાશ 40-50 ફરિયાદ આવે છે, મીટરનો રિપોર્ટ કેસ સાબિત કરશે ધ્વનિ પ્રદૂષણ નક્કી કરવા અત્યાર સુધી પોલીસ પાસે ટેકનોલોજી ન હતી અત્યારસુધી ધ્વનિ પ્રદૂષણ કરનારા લોકો સામે પોલીસ જાહેરનામા ભંગનો ગુનો નોંધતી હતી, પરંતુ અવાજની માત્રા કેટલી હતી કે સાબિત કરવા માટે પોલીસ પાસે કોઈ ટેકનોલોજી ન હતી. હવે ધ્વનિ પ્રદૂષણની માત્રા નક્કી કરવા શહેર પોલીસને 53 ડિજિટલ સાઉન્ડ લેવલ મીટર અપાયા છે. આ મીટરની મદદથી સ્થળ પરથી 2 જ મિનિટમાં અવાજની માત્રા કેટલી હતી તે જાણી શકાશે. આ મીટરનો રિપોર્ટ ધ્વનિ પ્રદૂષણ કરનાર સામે



કેસ સાબિત કરવાનો મહત્ત્વનો પુરાવો ગણાશે. શહેરના 44 પોલીસ કંટ્રોલ રૂમમાં ધ્વનિ પ્રદૂષણના રોજ 40થી 100 મેસેજ આવે છે. સ્થાનિક પોલીસને મેસેજવાળી જગ્યાએ મોકલાય છે. જો કે પોલીસની ગાડી પહોંચે ત્યારે લાઉડસ્પીકર, ડીજે, ફટાકડા, સરઘસ કે જુલુસનો અવાજ બંધ થઈ જાય છે. જેથી ખરેખર અવાજ કેટલો મોટો હતો તે સાબિત કરવું પોલીસ માટે અઘરું બની જતું હતું. પરંતુ આ મીટરની મદદથી હવે 2 જ મિનિટમાં ધ્વનિ પ્રદૂષણની માત્ર નક્કી થઈ જશે. લગ્નના વરઘોડા, જુલૂસ કે સરઘસથી ફેલાતા ધ્વનિ પ્રદૂષણનું પણ માપ કઢાશે આ મીટર લઈને પોલીસ જે તે જગ્યાએ જશે અને મીટર ચાલુ કરીને 2 મિનિટ સુધી તેમાં ધ્વનિનું રેકોર્ડિંગ કરશે.

## પ્રેમવતીની ફરાળી ખીચડીમાંથી જીવડું નીકળ્યું

### શાહીબાગ સ્વામિનારાયણ મંદિરની રેસ્ટોરાંમાં મોરૈયામાંથી જીવજંતુ નીકળ્યું, ગ્રાહકે કહ્યું-હવે તમારી કોઈ વસ્તુ નહીં ભાવે

અમદાવાદ તા 07



શુદ્ધ, સ્વચ્છ અને સાત્વિક ખોરાકની ગેરંટી આપતી સ્વામિનારાયણ મંદિરની જાણીતી ફૂડ બ્રાન્ડ પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી મંગાવવામાં આવેલી ફરાળી ખીચડીમાંથી જીવજંતુ નીકળ્યું છે. અમદાવાદના એક વ્યક્તિએ શાહીબાગ સ્વામિનારાયણ મંદિર સંચાલિત પ્રેમવતીમાંથી મોરૈયાની ખીચડી મંગાવી હતી. જેમાંથી જીવડું નીકળતા તેણે હાજર સ્ટાફ સાથે વાત કરી હતી. ત્યાં હાજર અન્ય એક વ્યક્તિએ બીજી કોઈ વસ્તુ આપી મામલો રફેદફે કરવાનો પ્રયાસ કર્યો તો ગ્રાહકે કહ્યું કે કોઈ વસ્તુ નહીં, પરંતુ આ જીવડું આવ્યું કેમ? મોરૈયાની ખીચડીમાં જીવડું આવ્યું છે. હવે તમારી કોઈ વસ્તુ ભાવશે નહીં. પ્રેમવતી રેસ્ટોરન્ટના સ્ટાફને ફરિયાદ કરી તેનો વીડિયો પણ ગ્રાહકે સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના વડા ડો. ભાવિન જોશીએ જણાવ્યું હતું કે શાહીબાગની પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી જીવડું નીકળ્યું હોવાની અમને ફરિયાદ મળી હતી, જેથી ફૂડ વિભાગના સ્ટાફને ત્યાં મોકલવામાં આવ્યો હતો.

### અમદાવાદ-મુંબઈ NH પર તરસાલી પાસે કન્ટેનર પાછળ બોલેરો ઘૂસી ગઈ

# અઠવાડિયામાં બીજીવાર 5 કિમીનો ટ્રાફિકજામ

અમદાવાદ તા 07

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર અકસ્માત થતા ટ્રાફિકજામ થવાની ઘટના વારંવાર બની રહી છે. અઠવાડિયા પહેલા જ વડોદરા પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત થતા 5 કિમીનો ટ્રાફિકજામ થયો હતો. ત્યારે આજે ફરી વહેલી સવારે 3 વાગ્યાની આસપાસ વડોદરા નજીક જ તરસાલી-જામ્બુવા બ્રિજ વચ્ચે કન્ટેનર પાછળ બોલેરો પીકઅપ ઘૂસી જતા 5 કિમીનો ભારે ટ્રાફિકજામ થયો હતો. વાહનોની લાંબી લાઈન લાગતા લોકો નેશનલ હાઈવે પર કલાકો સુધી ફસાયા હતા. જોકે, હાલ ટ્રાફિક રાબેતા મુજબ છે.

કન્ટેનરનો ડ્રાઈવર કન્ટેનર લઈને ફરાર બોલેરો ગાડી ટોટલ લોસ થઈ ગઈ છે. જોકે ડ્રાઈવરનો સદનસીબે બચાવ થયો હતો. જ્યારે કન્ટેનરનો ડ્રાઈવર કન્ટેનર લઈને ફરાર થઈ



ગયો હતો. જોકે ફાયરબ્રિગેડની ટીમે પહોંચીને ગાડીને હાઈવે પરથી હટાવીને ટ્રાફિક જામ દૂર કર્યો હતો.

બોલેરો પીકઅપ મહારાષ્ટ્રથી દ્રાક્ષ ભરીને આવતી હતી તરસાલીથી જામ્બુવા ચોકડી વચ્ચે બાલાજી પેટ્રોલ પંપ પાસે આજે વહેલી પરોઢે એક ટ્રકચાલક હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. બોલેરો પીકઅપ મહારાષ્ટ્રથી દ્રાક્ષ ભરીને વડોદરા આવી રહી હતી. ત્યારે હાઈવે પર અચાનક જ ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. જેને પગલે આસપાસ વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને આસપાસમાંથી વાહનચાલકો દોડી આવ્યા હતા. ડ્રાઈવરને એમ્બ્યુલન્સમાં જ સારવાર અપાઈ અકસ્માતના પગલે પીકઅપ ગાડીનો ડ્રાઈવર વિશાલ ગજેરા (રહે. મહારાષ્ટ્ર) ગાડીમાં ફસાય ગયો હતો. જેને આસપાસના વાહનચાલકોએ ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો અને હાઈવે ઓથોરિટીની એમ્બ્યુલન્સમાં તેને સારવાર આપવામાં આવી હતી. ફાયરબ્રિગેડને સ્થળ પર પહોંચવામાં મુશ્કેલી પડી બીજી તરફ મકરપુરા જીઆઈડીસીના ફાયરબ્રિગેડના અમરસિંહ ઠાકોર સહિતની ટીમ સ્થળ પર જવા રવાના થઈ હતી, જોકે હાઈવે પર ખૂબ જ ટ્રાફિકજામ હોવાથી તેઓને સ્થળ પર પહોંચવામાં ખૂબ મુશ્કેલી પડી હતી. ફાયબ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચીને પીકઅપ ગાડીને હાઈવે પરથી હટાવી લીધી હતી અને હાઈવે પર થયેલો ટ્રાફિકજામ દૂર કર્યો હતો. ઘટનાની જાણ થતાં કપુરાઈ પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હતી અને ડ્રાઈવરને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### નવા નિયમને કારણે બજારમાં અનિશ્ચિતતા

## MSMEને 45 દિવસમાં પેમેન્ટના નિયમથી કાપડ ઉદ્યોગે ઓર્ડરો રદ કર્યા

અમદાવાદ તા 07

કેન્દ્ર સરકારે આકારણી વર્ષ 2024-25 માટે અમલમાં મૂકેલા નવા નિયમ હેઠળ ખરીદદાર એકમે એમએસએમઈ પાસેથી ખરીદેલા માલની ડિલિવરીના 45 દિવસમાં પેમેન્ટ કરવું પડશે. આ ઉપરાંત 31 માર્ચ પહેલાં એમએસએમઈને બાકી તમામ ચૂકવી કરવી પડશે. આ નિયમનું પાલન નહીં કરનારા એકમોના પેન્ડિંગ પેમેન્ટને આવક ગણી તેના પર ઈન્કમટેક્સની કલમ 43બી(એચ)ની જોગવાઈ મુજબ ટેક્સ વસૂલ કરવામાં આવશે. સરકારનો ઉદ્દેશ એમએસએમઈને એકમોને સુરક્ષા પૂરી પાડવાનો છે. પરંતુ નવા નિયમને કારણે બજારમાં અનિશ્ચિતતા સર્જાઈ છે અને શહેરના ટેક્સટાઈલ માર્કેટમાં સંખ્યાબંધ ઓર્ડર કેન્સલ થયા છે. કેમિકલના કેટલાક વેપારીઓને પણ તેની અસર થઈ છે. કેટલાક એકમોએ 31 માર્ચ સુધીમાં બાકી પેમેન્ટ કરવાનું હોવાથી 16 ફેબ્રુઆરી પછી નવી ખરીદી નહીં કરવાનું નક્કી કર્યું છે. ટેક્સટાઈલ વેલ્યુ ચેન 120 દિવસ સુધીની ક્રેડિટ લિમિટ પર કામ કરે છે માટે આ નિયમની સૌથી વધુ અસર આ ક્ષેત્રને થઈ છે. જે વેપારી પાસે બાકી પેમેન્ટની સગવડ નથી તેમને ઓર્ડર રદ કરાવ્યા છે. બીજી તરફ કાપડના સ્થાનિક વેપારીઓએ કાચા માલની ખરીદી બંધ કરી છે. MSMEમાં નોંધાયેલાં એકમો સાથે વેપાર બંધ કાપડના વેપારમાં ક્રેડિટની સમયમર્યાદા 90થી 120 દિવસની હોય છે. પરંતુ એમએસએમઇ માટે સરકારે કરેલા નિર્ણય મુજબ જે વેપારી 45 દિવસમાં પેમેન્ટ ન કરે તેની બાકી રકમ આવક ગણી ટેક્સ વસૂલવાની જોગવાઈ કરાતા વેપારીઓ એમએસએમઈમાં નોંધાયેલા એકમ સાથે વેપાર કરતા નથી. શહેરમાં રોજની 100 ગાડી આવતી હતી પણ હવે ઘટીને 33 ટકા થઈ ગઈ છે. » ગૌરાંગ ભગત, પ્રમુખ મસ્કતી ન્યૂ કલોથ માર્કેટ મહાજન સરકારનો ઈરાદો એમએસએમઈ એકમોને મદદ કરવાનો છે. પરંતુ તેની અસર કંઈક જુદી જ પડી છે. કાપડના વ્યવસાયમાં 120 દિવસનો ક્રેડિટ પિરિયડ હોય છે માટે એમએસએમઈને 45 દિવસમાં પેમેન્ટ કરવું અવ્યવહારુ છે. આને કારણે ઘણા વેપારીઓએ ઓર્ડર રદ કર્યા છે.